# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION
GRWB/057/BHARUCH/02
At.: Dayadara, Di. Bharuch Pin. 392020 Guj. India Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા برکات خواجہ

(માસિક)


**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧-ફેબ્રુઆરી-૨૦૦૫**

**ઝીલ હજ્જ-મુહર્રમ (ذوالحجۃ - محرم)**

**હિ.સ. ૧૪૨૫-૧૪૨૬**

**વર્ષ : ૦૨ અંક : ૦૨, સળંગ અંક : ૧૪**



**★ સ્થાપક અને પ્રકાશક ★**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**★ પત્ર વ્યવહારનુ સરનામું ★**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩

Email User ID : islamic@sancharnet.in


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## ★ રહમત નહીં હૈ તો ઔર ફિર ક્યા હૈ ?★

**અઝ : હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ કિછોછવી**

(عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ)

હમેં યાદ ફર્માકે દિન રાત રોના
યહ્ રહમત નહીં હૈ તો ફિર ઔર ક્યા હૈ
હમારે લિયે અપના ઘર ભર લુટાના
મહબ્બત નહીં હૈ તો ફિર ઔર ક્યા હૈ

દુઆ બહરે ઉમ્મત કે "યા રબ્બિ હબ્લી"
સરે હશ્ર રટ ઉમ્મતી ઉમ્મતી કી
રહીમી નહીં તો ફિર ઔર ક્યા હૈ
શફાઅત નહીં હૈ તો ફિર ઔર ક્યા હૈ

નમાઝોંમેં હૈ અસ્સલામુ અલૈક
નબીકે લિએ લફ્ઝ હૈ અય્યુહન્કા
સલામ વ નિદાએ નબી ગર ખુદાકી
ઈબાદત નહીં હૈ તો ફિર ઔર ક્યા હૈ

કિતાબે ઈલાહી કા મહફૂઝ રહના
શરીઅતકા તાહશ્ર મૌજૂદ રહના
જહાંમેં નબી કી ઝરૂરત ન રહના
નબુવ્વત નહીં હૈ તો ફિર ઔર ક્યા હૈ

ગુલામે ગુલામાને આલે નબી કા
યહાં બોલબાલા વહાં બોલબાલા
યહ "સૈયદ" અદાએ ગુલામી તુમ્હારી
સયાદત નહીં હૈ તો ફિર ઔર ક્યા હૈ


**★ માનદ તંત્રી ★**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


**નોંધ :** ગ્રાહક નંબર.................. આપનું લવાજમ તા. ............................થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.


નૂરાની આર્ટ, દયાદરા, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩

# બરકાતે ખ્વાજા (માસિક) ફેબ્રુઆરી-૨૦૦૫

★ વર્ષ : ૦૨ ★ અંક : ૦૨ ★ સળંગ અંક : ૧૪



| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ : આવી જાવ ! તે જ એક અને અસલ પ્લેટફોર્મ પર !** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૪ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૧૬ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૭ |
| ૦૫. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૯ |
| ૦૬. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની<br>(ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૨૦ |
| ૦૭. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૨૩ |
| ૦૮. | આશૂરાના દિવસની ઈબાદતો | **અઝ** : હઝરત મૌલાના મુસ્લેહુદ્દીન સાહબ<br>(સદર મુદર્રિસીન દારુલ ઉલૂમ બુખારિયા–ચાંચવેલ) | ૨૫ |
| ૦૯. | શરીઅતોના હુકમોમાં સમય અને સંજોગોનો લેહાઝ | **અઝ** : જનાબ મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી (બ્લેકબર્ન, યુ.કે.) | ૨૯ |
| ૧૦. | શું ઈસ્લામ તલ્વારના જોરથી ફેલાયો ?! | **કાર્યાલય** | ૩૫ |
| ૧૧. | એક નવ મુસ્લિમ જાપાની ખાતૂનનો ઈસ્લામ વિશે અભિપ્રાય | **કાર્યાલય** | ૪૧ |
| ૧૨. | અનોખા સવાલ–અનોખા જવાબ | **અઝ** : મૌલાના સાદિક હસન સાબરી ચિશ્તી દેહગામી | ૪૪ |
| ૧૩. | ઔરતોની હિકાયતો | **લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.)<br>**અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ) | ૪૫ |
| ૧૪. | મુંબઈ આલમી સુન્ની ઈજતેમાની અદ્‌ભૂત કામયાબી ! | **કાર્યાલય** | ૪૬ |
| ૧૫. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૭ |



**નોંધ** : સ્થળસંકોચને કારણે આ અંકમાં **બાળકોનો તર્બિયતી ગુલશન** વિભાગ સમાવી શક્યા નથી.

એક પ્લેટફોર્મ પર થઈ જાવ ! નો નારો લગાડનારાઓ જણાવશે કે

# મુસલમાનોમાં અલગ પ્લેટફોર્મ પાડ્યા કોણે ?!

**અમે પણ કહીએ છીએ !**

# આવી જાવ ! તે જ એક અને અસલ પ્લેટફોર્મ પર !

**તંત્રી-ડેપ......**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلصَّلوٰةُ وَالسَّلامُ عَلَيْكَ يَا سَيِّدِیْ يَا رَسُولَ اللّٰهِ صَلی اللّٰهُ تَعَالیٰ عَلَيْكَ وَسَلَّمْ

મુકર જાનેકા કાતિલને નિરાલા ઢંગ નિકાલા હૈ !
હર એકસે પૂછતા હૈ કે ઈસકો કિસને મારા ડાલા હૈ ?!

આજે હિંદુસ્તાનભરમાં મુસ્લિમોની સલામતી, મુસ્લિમોના હક્કની રક્ષા, મુસ્લિમોની ભલાઈના માટે જાહેરમાં ઘણી બધી સંસ્થાઓનો રાફડો ફાટી નીકળ્યો છે. આ જમાઅત તે જમાઅત, આ કમિટી તે કમિટી, મુસ્લિમ સમાજ સેવા ટ્રસ્ટ વગેરે... અને તેઓ રાત દિવસ મુસ્લિમ કૌમને સલાહો આપી રહેલ છે કે મુસલમાનોએ આવું કરવું જોઈએ અને આવું ન કરવું જોઈએ. એમની રાત દિવસની પ્રવૃત્તિઓ એ જ છે કે જરાક ક્યાંક કૌમી તોફાન થયું કે કોઈક કુદરતી આપત્તિ ભૂકંપ, રેલ કે સુનામી તો તેના નામે કરોડો અબજો રૂપિયા દેશ વિદેશથી જમા કરી લે છે, જાહેરી રીતે એમાંથી અમુક ખર્ચ કરી લોકોની સહાય થઈ રહ્યાના દેખાવો પણ થતા હોય છે, ક્યાંક મકાનો બનાવી આપ્યાં તો હપ્તાથી રકમ પાછી પણ ઉઘરાવવામાં આવી રહી છે, તો ક્યાંક મસ્જિદ બાંધી આપી અને જબરદસ્તી પોતાનો ઈમામ તથા પોતાના તરીકા પર મુસલમાનોને ખેંચવા બ્લેકમેલીંગ થઈ રહ્યું છે ! તબ્લીગી જમાઅતના કાર્યકર્તા થકી મદદ હશે તો જમાઅતમાં જવાની શર્તે સહાયો થાય છે તો બીજા ફિર્કાવાળા તેની રીતે પોતાના પ્રચારની ગરજે કામ કરે જાય છે.

મુસ્લિમ સમાજ સેવાના નામ પર અવનવા ટ્રસ્ટો બને છે અને તેમાં માલદાર મુસ્લિમ લાગણશીલ લોકોના પાસેથી અઢળક નાણા ભંડોળ એકત્ર કરીને ક્યાંક સામાજિક તો ક્યાંક દુનિયાવી એજ્યુકેશનનાં સેન્ટરો ઉભાં કરીને લોકોમાં છાપ ઉભી કરવામાં આવે છે કે મુસ્લિમ ભલાઈના નિઃસ્વાર્થ સેવકો આ જ લોકો છે. કૌમની ભલાઈના નામે સેમિનારો યોજાય છે, કોન્ફરન્સો થાય છે અને મુસ્લિમોની ભલાઈની મીઠી મીઠી વાતો થાય છે. અને દરેક ઠેકાણેથી મુસ્લિમોના કહેવાતા શુભેચ્છકો મિટિંગોમાં, પ્રવચનોમાં તથા મીડિયા થકી જાહેરાતો કરી રહ્યા છે કે :–

**"ફિર્કાબંધી દૂર કરો ! વાડાબંધી દૂર કરો ! મુસ્લિમ સમાજ એક થઈ જાય ! એક પ્લેટફોર્મ પર આવી જાવ ! એક મંચ પર આવી જાવ !.... વગેરે વગેરે."**

ઉપલક દષ્ટિએ જોનારનું એમનાં સમાજની ભલાઈનાં કામો અને સર્વને એક પ્લેટફોર્મ પર કરવાની કોશિશોથી દિલ દ્રવી જશે કે જગતમાં મુસલમાનોના સાચા હમદર્દો કોઈ રહી ગયા હોય તો આ જ લોકો છે ! એ ન હોત તો મુસલમાનોનું શું થાત ?! પણ દરેક સમજુ વ્યક્તિ સમજે છે કે કોઈપણ વ્યક્તિ વિશે અભિપ્રાય આપવાનો હોય તો ઉડતી મુલાકાત કે એક થોડીકવારના પરિચયમાં નથી આપી શકાતો બલ્કે તેની કારકિર્દીને જોવી પડે છે, તેમ આ મુસ્લિમોના હમદર્દ વિવિધ ફિર્કાવાળા જેઓ **એક પ્લેટફોર્મ પર થઈ જાવ ! વાડાબંધી દૂર કરો ! ફિર્કાબંધી દૂર કરો !** ની બુમો પાડી રહ્યા છે તેઓ કોણ છે ? તેમનું બેક ગ્રાઉન્ડ શું છે ? તેમનું મૂળીયું ક્યાં પહોંચે છે ? તે સમજવું જરૂરી છે.

મોટા ભાગે **એક પ્લેટફોર્મ પર થઈ જાવ !** ની બુમો પાડનારા **શીઆ, વહાબી, દેવબંદી, જમાઅતે ઈસ્લામી, અહલે હદીષ વગેરે ફિર્કાવાળાઓ છે અથવા તો કોઈ ફિર્કામાં નહીં એવા "સુલેહકુલ્લી" કે જે કોઈ પ્લેટફોર્મ પર નથી !** જેમનો કોઈ મઝહબ જ નથી ! એવા લોકો જોવા મળે છે.

## જાણો છો ?! સર્વ મુસ્લિમ પહેલાં ક્યા એક પ્લેટફોર્મ પર હતા ?!

**હઝરત મુજદ્દિદ અલ્ફેષાની સરહિંદી** رحمۃ اللہ علیہ ને કોણ નથી જાણતું કે જેમણે અકબરના દીને ઈલાહી નામના ભેળસેળિયા ધર્મની ધજ્જીઓ ઉડાવી દીધી હતી. આજે બની બેઠેલા કૌમના પેશ્વાઓ મિનિસ્ટરો તથા હોદ્દેદારોની ચાપલૂસીમાં રહીને ઈસ્લામી માન્યતામાં ગોળ ગોળ વાતો કરીને કૌમને ગુમરાહ કરી રહ્યા છે તેવા જૂઠા પેશ્વાઓએ ઈબ્રત લેવા જેવા આ બુઝુર્ગ કે જેમણે સમ્રાટ અકબર સામે એકલા હાથે ટક્કર લીધી હતી અને ઈસ્લામની હક્કાનિયતનો ઝંડો બુલંદ રાખ્યો હતો. તેમના સમયમાં પણ હાલ જેમ ચાપલૂસ મુલ્લાઓ હતા પણ જીત હમેશાં હક્કની જ થાય છે, અને થઈ. તે હક્કનો ઝંડો લહેરાવનાર મહાન બુઝુર્ગ **હઝરત મુજદ્દિદ અલ્ફેષાની સરહિંદી** رحمۃ اللہ علیہ એ પોતાની કિતાબ ''રિસાલા રદ્દે રવાફિઝ''માં લખ્યું છે કે :–

**"હિંદુસ્તાનમાં ઈસ્લામના આગમન પછી લગભગ પાંચસો (૫૦૦) વરસો સુધી "અહલે સુન્નત વ જમાઅત"ના સિવાય કોઈ બીજો ફિર્કો પેદા થયો ન હતો. અને તમામે તમામ હનફી મસ્લકના પાબંદ હતા."** *(રિસાલા રદ્દે રવાફિઝ, અઝ : મુજદ્દિદ અલ્ફેષાની સરહિંદી* رحمۃ اللہ علیہ*)*

આ પુસ્તકનો અરબી તર્જુમો દેવબંદીઓ પણ જેમને માને છે તે બુઝુર્ગ હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીએ પોતાની કલમથી 'અલ મુકદ્દમતુસ્સુન્નિયહ્ શિકારતિલ ફિર્કાતિસ્સુન્નિયહ'નામથી કર્યો છે. તર્જુમા હેઠળ શાહ સાહબ ઉમેરો કરતાં લખે છે કે :–

''પછી હિંદના મુસલમાનો એ જ પ્રમાણેની વિચારધારા તથા અમલની એકરૂપતા સાથે સદીઓ સુધી જિંદગી પસાર કરતા રહ્યા, ન તેમનામાં કોઈ મતભેદ ન વિવાદ હતો ન તેમના દીનમાં મુશ્કેલી ઉપસ્થિત થઈ હતી અને ન બીજા અકીદાના લોકો સાથે તેમની ભેળસેળ હતી. જાણે કે તેઓ એવું જાણતા જ ન હતા કે પૃથ્વીના પટ પર માતુરીદી અકીદા (અહલે સુન્નત વ જમાઅત) સિવાય પણ કોઈ અકીદો

છે અથવા હનફી ફિકહ સિવાય કોઈ ફિક્હી મસ્લક પણ છે." *(હવાલો : 'અલ્‌મુકદમતુસ્સુન્નિયહ્‌ શિકારતિલ ફિર્કાતિસ્સુન્નિયહ' પેજ–૪૮, પ્રકાશક : ઈદારા મઆરિફે નોઅમાનિયા–લાહોર)*

આ પરથી સાબિત થયું કે વિ□માં અમુક ઠેકાણે અન્ય ફિર્કા શીઆ, ખારજી હતા પણ **હિંદુસ્તાનમાં તો કેવળ એક જ પ્લેટફોર્મ પર સર્વ મુસલમાનો હતા અને તે એક પ્લેટફોર્મ "હનફી અહલે સુન્નત વ જમાઅત"** નું જ હતું.

## હિંદમાં જુદાં જુદાં પ્લેટફોર્મોની રચના ક્યારથી થવા લાગી ?

હઝરત મુજદ્દિદ અલ્ફેષાની સરહિંદી 'રદ્દે રવાફિઝ' કિતાબમાં લખે છે કે :–

"હિંદુસ્તાનમાં ઈસ્લામના આગમન પછી લગભગ પાંચસો (૫૦૦) વરસો સુધી અહલે સુન્નત વ જમાઅતની બહારો રહી અને કોઈ ફિર્કાબંદી ન થઈ હતી. પરંતુ જ્યારે ખાકાને આઝમ અબ્દુલ્લાહખાં અઝબકે ખુરાસાન દેશ પર હુમ્લો કર્યો અને ત્યાં સત્તા કબજે કરી તો તેણે ખુરાસાનના કેટલાક શીઆઓને કત્લ કર્યા અને કેટલાકને તડીપાર કર્યા તો તેમાંથી કેટલાક શીઆ હિંદુસ્તાનમાં પ્રવેશી ગયા અને ઘણી ચાલાકીપૂર્વક સત્તાધારીઓ તથા હિંદના સુલ્તાનો સાથે જોડાઈ ગયા અને હિંદુસ્તાનની પ્રજાને પોતાના બાતિલ (ખોટા) અકીદાઓ વડે ગુમરાહ કરવા લાગ્યા. આ રીતે ખુરાસાનમાં તો એ ફિત્નો ઠંડો પડી ગયો પરંતુ હિંદુસ્તાનમાં આ કિયામતખેઝ ફિત્નો ખડો થઈ ગયો." *(હવાલો : રદ્દે રવાફિઝ, પેજ–૯, ૧૦)*

**શીઆ ફિર્કાનો અકીદો** : છે કે, "કુર્આનમાં ૪૦ પારા હતા તેમાંથી દસ પારા ગાયબ કરી દેવામાં આવ્યા જેમાં અહલે બૈતની ફઝીલતોનું વર્ણન હતું." એટલે કે તેમણે કુર્આનમાં શંકા કરી અને એવું કરનાર કાફિર છે. બીજું ચાર ખલીફા હઝરત અબૂબક્ર, હઝરત ઉમર, હઝરત ઉષ્માન, હઝરત અલી رضوان الله تعالىٰ عليهم أجمعين થઈ ગયા, પણ શીઆઓ પ્રથમ ત્રણને માનતા નથી, જ્યારે તેના માટે ઉમ્મતનો ઈજમાઅ છે, તેમજ હુઝૂર સૈયદુલ બશર ﷺ કરતાં હઝરત અલી كرم الله تعالىٰ وجهه الكريم ને અફઝલ (ચઢિયાતા) માને છે, બલ્કે તેમની માન્યતા છે કે નબી તો અસલમાં હઝરત અલી જ હતા પરંતુ હઝરત જિબ્રઈલ عليه السلام એ ભૂલ કરી અને તે મુહમ્મદ મુસ્તફા ﷺ પર નાઝિલ થયા. વગેરે ઘણા બધા કુફ્રી અકીદા તેમના છે.

## મુસ્લિમ એકતામાં સૌથી મોટી ફાચર કોણે મારી ?!

તનના ગોરા મનના કાળા અંગ્રેજોએ પોતાનું સામ્રાજ્ય ફેલાવવા તથા મજબૂત કરવા વિ□ભરમાં ધોકાબાજીઓ કરી, તે જ પ્રમાણે હિંદુસ્તાનમાં પણ વેપારના બહાને પગપેસારો કરીને છેવટે આખા હિંદુસ્તાનને તેમણે ગુલામ બનાવ્યું. પોતાની સત્તાને મજબૂત રાખવા માટે તેમણે વિવિધ પ્લાનો બનાવ્યા. હિંદુ મુસ્લિમને પણ લડતા રાખવાનાં કાવતરાં કર્યાં. અને મુસ્લિમો તરફથી તેમને ખૂબ જ ભય હતો જેથી જેહાદના જોશને ખતમ કરવા મુસલમાનોમાંથી એવા માણસો ચૂંટી કાઢયા અને તેમને પોતાના મકસદની કામયાબી કાજે કામે લગાડયા જેમણે ઈસ્લામથી બગાવત કરીને નવા નવા અકીદા ઘડીને મુસલમાનોને આપસમાં લડાવ્યા અને મુસ્લિમોની તાકાતને ખતમ કરી નાખી.

મુસલમાનોનું મજબૂત ધાર્મિક તથા કૌમી માળખુ અંગ્રેજોની આંખોમાં કણાની જેમ ખૂંચતું હતું.

તેમણે સતત શોધખોળને અંતે એ હકીકતને સારી રીતે સમજી લીધી કે **મુસલમાનોની ધાર્મિક એક્તા અને જેહાદના જોશનું મૂળ મદની તાજદાર ﷺ ના મહાન દરબારથી જઈને મળે છે. તેમની દીની તથા કૌમી મહાનતા તથા શાનો શૌકતનો તાજમહલ ઈશ્કે રસૂલ અને મહબ્બતે ઔલિયાના પાયાઓ પર રચાયેલ છે, એ પાયાઓને ડગમગાવી દો તો બધું જ વેરવિખેર થઈ જશે.**

યે ફાકા કશ કે મૌતસે ડરતા નહીં ઝરા-રૂહે મુહમ્મદ ﷺ ઉસ્કે બદનસે નિકાલ દો

લખાણને સંક્ષિપ્તમાં રજૂ કરતાં એટલું જણાવું કે લોકોના દિલોમાંથી ઈશ્કે નબી ﷺ એટલે ઈમાનની રૂહને ખત્મ કરવા માટે તેઓને અનેક મિટિંગો, પ્લોનો, મશ્વેરાઓ થકી મુસલમાનોમાંથી એવા ઝમીરફરોશ માણસો મળી ગયા અને તેમના મકસદને હલ કરવા માટે તેમણે કામ કરી બતાવ્યું તેમાં એક મશ્હૂર નામ "મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી" કે જેમણે અંગ્રેજોના પ્લાન હેઠળ શાને રિસાલતમાં શાને ઔલિયામાં ગુસ્તાખી કરતાં પુસ્તકો લખ્યાં અને વરસોથી એક પ્લેટફોર્મ પર રહેલા મુસ્લિમોમાં હિંદભરમાં વિખવાદ અને વિવાદ ઉભો કરી જંગો શરૂ કરી દીધા. ગુસ્તાખે રસૂલ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદીની કિતાબોના તર્જુમા કરીને હિંદમાં ફેલાવી અને અંગ્રેજોએ તેમને ભરપૂર સહકાર કર્યો. "તકવિયતુલ ઈમાન" નામની કિતાબમાં મુસ્લિમ એકતામાં ફાચર વાગે તેવું ઈસ્લામના કાનૂન વિરૂધ્ધ લખાણ લખ્યું છે એનો ખૂદ પોતે જ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ સ્વીકાર કર્યો છે ! લખે છે :–

"મેં આ કિતાબ લખી છે અને હું જાણું છું કે એમાં અમુક જગાએ જરા તીખા શબ્દો આવી ગયા છે અને અમુક ઠેકાણે કડકાઈ પણ થઈ ગઈ છે. કેટલાક ઠેકાણે શિર્કેખફી (નાના શિર્ક)ને શિર્કે જલી (મોટુ શિર્ક) દર્શાવ્યું છે, એ કારણોને લઈને મને ભય છે કે તેના પ્રસિદ્ધ થતાં વિરોધ વંટોળ જરૂર ઉઠશે, પણ આશા છે કે લડી ઝઘડીને આપોઆપ ઠેકાણે પડી જશે."

*–(હવાલો : અરવાહે ષલાષા, પેજ–૮૧, અઝ : મોલ્વી અશરફ અલી થાનવી)*

મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની "તકવિયતુલ ઈમાન" પહેલાં શીઆ સિવાય સર્વ મુસલમાનો અહલે સુન્નત વ જમાઅત જ હતા અને નબી, વલીથી અકીદતો મહોબ્બતનો જે ક્રમ સહાબાથી ચાલ્યો આવ્યો તેના પર જ મજબૂતીથી માનનારા હતા. તેવા મુસલમાનો વચ્ચે નવા જ વિરોધી અકીદા ઘડી કાઢીને નબી વલીનું અપમાન કરતાં લખાણો લખી પ્રથમ કિતાબ "તકવિયતુલ ઈમાન" ફરતી કરી જેનાથી મુસ્લિમોની શાંતિ એ રીતે દહોરાઈ કે જાણે શાંત સમુદ્રમાં ભૂકંપ સર્જીને એક ભયંકર તોફાન (સુનામી જેમ) ખડુ કરવામાં આવ્યું. અગર તમારી પાસે ઈન્સાફવાળુ દિલ હોય તો નબી વલીની મહોબ્બત ભરી નજરે નીચેનું થોડુક લખાણ વાંચીને ફેંસલો કરો કે મુસ્લિમ એકતામાં પહેલો કુહાડો કોણે ફટકાર્યો !

- ✪ "અને એ બાબતમાં (ગયબનો ઈલ્મ હોવામાં) વલીઓ, નબીઓ અને જિન્નાત તથા ભૂત અને પરીમાં કંઈ જ ફરક નથી. ગયબનો કોઈને જ નથી." *(તકવિયતુલ ઈમાન)*
- ✪ જો કોઈ નબી, વલી અથવા જિન્નાત તથા ફરિશ્તાઓને માટે ઈલ્મે ગયબ હોવાનો અકીદો ધરાવે તો તે મુશ્રિક થઈ જાય છે. *(તકવિયતુલ ઈમાન)*
- ✪ જેનું નામ મુહમ્મદ કે અલી છે તે કોઈ જ ચીજના માલિક કે મુખ્તાર નથી. *(તકવિયતુલ ઈમાન)*
- ✪ મખ્લૂકના નાની હોય (આમ લોકો) કે મોટી (નબી, વલી) તે અલ્લાહની શાન આગળ ચમારથી પણ

અધિક નીચ છે. *(તકવિયતુલ ઈમાન)*

✪ હુઝૂર અલ્લાહની નજીક અલ્પ રજકણથી પણ વધુ અશક્ત તથા ઝલીલ છે. *(તકવિયતુલ ઈમાન)*

✪ સઘળો કારોબાર અલ્લાહથી જ ચાલે છે રસૂલના ચાહવાથી કાંઈ જ નથી થતું.

✪ નમાઝમાં રસૂલનો ખયાલ એ ઝિનાના વસવસા, બળદ, ગધેડા તથા ખચ્ચરના ખયાલ કરતાંય અનંતગણો બદ્તર છે. *(સીરાતે મુસ્તકીમ, અઝ : ઈસ્માઈલ દહેલ્વી)*

✪ તો તેમણે (એટલે રસૂલે) કહી દીધું કે, "મને ન તો કાંઈ કુદરત (ઈખ્તિયાર, શક્તિ) છે ન તો કાંઈ ગયબદાની, મારા અધિકારની હકીકત તો એ છે કે હું મારી જાન સંબંધે પણ નફા નુકસાનનો માલિક નથી તો બીજાને માટે શું કરી શકું ?!..... *(તકવિયતુલ ઈમાન)*

આ તો મુસ્લિમ એકતામાં ઝીંકાઈ રહેલી કુહાડીના ઘાવોની એક ઝલક જ છે ! અલ્લાહના રસૂલ ﷺ નું ચિત્ર એવું દોરવામાં આવ્યું કે તદ્દન કમજોર, લાચાર અને તુચ્છ માનવને કશીય ખૂબીઓ આપ્યા વિના અલ્લાહે રસૂલ બનાવીને મોકલ્યો ! (અલ્લાહની પનાહ !)

હવે સાંભળો ! અલ્લાહે પોતાના રસૂલોને શું આપ્યું તે કુર્આન શરીફમાં જુઓ :–

✯ "અને તેઓ નથી પામતા તેના (રબના) ઈલ્મોમાંથી, પણ જેટલું તે ચાહે."
*–(સૂરએ માઈદહ્, પારા–૬, આયત–૫૫)*

✯ "અને અલ્લાહની એ શાન નથી કે હે સામાન્ય માનવો ! તમોને ગયબનો ઈલ્મ આપે, હા ! અલ્લાહ ચૂંટી કાઢે છે પોતાના રસૂલોમાંથી જેને ચાહે !" *–(સૂરએ આલે ઈમરાન, આયત–૧૭૯)*

✯ "તો (રબ) પોતાના ગયબ પર કોઈને માહિતગાર નથી કરતો, તેના પસંદીદા રસૂલો સિવાય !
*–(સૂરએ જિન, આયત–૨૬, ૨૭)*

**દોસ્તો ! હક્કને માનવા માટે એક જ દલીલ પૂરતી હોય છે !** આ ત્રણ આયતો સિવાય અગણિત આયતોમાં અલ્લાહ ફર્માવે છે કે તેણે પોતાના પસંદીદા રસૂલોને ગયબનો ઈલ્મ આપ્યો. તો મને બતાવો કે અલ્લાહના સૌથી પસંદીદા તથા મહબૂબ રસૂલ કોણ ? યકીનન ! મહબૂબે ખુદા મુહમ્મદ મુસ્તફા ﷺ જ સૌથી પસંદીદા રસૂલ છે. તો સૌથી વધુ ગયબનો ઈલ્મ કોને મળ્યો ? હવે બતાવો શું આ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી મુસલમાનોના જિગર પર કરવતી નથી ચલાવી રહ્યા ?! અને મુસ્લિમ એકતાનાં ચીંથરાં નથી ઉડાડી રહ્યા ?!

## મુસ્લિમ એકતામાં ફાચરોની હારમાળા !

લખાણને સંક્ષિપ્ત કરતાં આગળ વધીએ કે અંગ્રેજોના ભાડુતીઓમાં મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી સિવાય અન્ય દેવબંદી પેશ્વાઓએ શું લખ્યું તે વાંચતા ચાલો :–

**મોલ્વી રશીદ અહમદ ગંગોહી લખે છે :–**

✪ જે માણસ અલ્લાહ સિવાય બીજાના માટે ઈલ્મે ગયબ સાબિત કરે તે નિઃશંક ! **કાફિર છે. તેની ઈમામત, તેની સાથે મેળમેળાપ, મહોબ્બત રાખવી હરામ છે.** *(ફતાવા રશીદિયહ્, ભાગ–૨)*

બોલો ! ઉપરોક્ત કુર્આની આયતોને માનશો કે આ મુસ્લિમ એકતામાં હથોડો મારનાર દેવબંદી

મોલ્વીની વાતને માનશો ?!

**મોલ્વી અશ્રફ અલી થાનવી લખે છે :-**

✪ કોઈને દૂરથી પોકારવો અને સમજવું કે તેને ખબર થઈ ગઈ એ કુફ્ર તથા શિર્ક છે. *(બહિશ્તી ઝેવર)*

✪ (હુઝૂર માટે કુલ ગયબના ઈલ્મનો ઈન્કાર કરી, થોડોક ઈલ્મે ગયબે માનીને તેના વિશે લખે છે) એવો ઈલ્મે ગયબ(હુઝૂરના જેટલો કે જેવો) તો **"ઝૈદ"** તથા **"અમ્ર"** (કલ્પિત નામો) બલ્કે **તમામ બાળકો** તથા **પાગલો** બલ્કે **તમામ જાનવરો** તથા **ચોપગાંઓને** પણ પ્રાપ્ય છે. *(હિફઝુલ ઈમાન)*

**મોલ્વી કારી મુહમ્મદ તૈયબ દેવબંદી લખે છે કે :-**

✪ **રસૂલ** અને **ઉમ્મતી** એટલે સુધી **સરખા** છે કે બંનેને ગયબનો ઈલ્મ નથી. *–(ફારાન અખ્બારનો તૌહીદ નંબર, પેજ–૧૧૮)*

વિચારો ! ખુદાના રસૂલની હૈસિયત દેવબંદી મોલ્વી પાસે કેટલી છે ?!

**દેવબંદી મોલ્વી ખલીલ અંબેઠવી તથા મોલ્વી રશીદ અહમદ ગંગોહી લખે છે:-**

"શૈતાન તથા મલકુલ મૌતને વિશાળતા (ઈલ્મની) નસથી (કુર્આની દલીલ)થી સાબિત છે, હુઝૂર ﷺ માટે ઈલ્મની કઈ કુર્આની દલીલ છે ?!" *(બરાહીને કાતિઆ, પેજ–૫૧)*

દોસ્તો ! અમે કહીએ છીએ કે કુર્આનમાં પુષ્કળ દલીલો છે, એક બે તો ઉપર અમે વર્ણવી તેને જોઈ લો ! વળી મજાની વાત તો એ કે મોલ્વી રશીદ અહમદ ગંગોહીએ ફતાવા રશીદિયહ, ભાગ–૨ માં (ઉપર દર્શાવ્યું તે વાંચી લો !) ખૂદ લખ્યું કે, "અલ્લાહ સિવાય અન્યના માટે ઈલ્મે ગયબ સાબિત કરે તે નિઃશંક ! કાફિર છે." પોતાના જ ફત્વાથી ખૂદ કાફિર ઠરવું એ ખૂબી દેવબંદીઓમાં જ છે !! વળી નબી તો નબી છે, ખુદા માટે પણ દેવબંદીઓનો અકીદો છે કે, **"ખુદા જૂઠ બોલી શકે છે."** (જહદુલ મિકલ) જુઓ ! કેવી જૂઠી વાત કરી છે !

ખૈર ! લખાણ ન લંબાવતાં આગળ વધીએ કે કુફ્ર શિર્કના ફત્વાનો વરસાદ હુઝૂર ﷺ ના માટે ઈલ્મે ગયબ તથા ઈખ્તિયાર માનવાવાળા માટે આ મોલ્વીઓએ વરસાવ્યો તો ખરો, પણ એ જ લોકોએ એ જ ઈલ્મે ગયબ તથા ઈખ્તિયાર પોતાના મોલ્વીઓ માટે સાબિત કરતા પ્રસંગો પોતાની કિતાબોમાં વર્ણવ્યા છે ! સમજદારને ઈશારો કાફી છે, નથી સમજવું તેના માટે પુસ્તકોના પહાડ નકામા છે, એમ સમજી લખાણ ટૂંકાવવાના હેતુસર કેવળ એક જ પ્રસંગ વાંચી લો ! અને મુસલમાનોની એક્તાને વિખેરવા માટે અંગ્રેજોના હાથા બનનારા આ મોલ્વીઓને ઓળખી લો ! :–

## મૃત્યુ પછી કબરમાંથી મોલ્વી કાસિમ નાનોત્વીનું સદેહે દેવબંદ મદ્રસામાં આગમન !!

કારી તૈયબ મોહતમીમ દારુલ ઉલૂમ દેવબંદ જણાવે છે કે જે સમયમાં મોલ્વી રફીઉદ્દીન સાહબ દા.ઉ. દેવબંદના મોહતમીમ હતા ત્યારે દા.ઉ. ના અમુક મુદર્રિસો વચ્ચે આપસમાં ખેંચતાણ થઈ ગઈ. આગળ જતાં તે હંગામામાં મૌલાના મહમૂદુલ હસન જોડાયા ને ઝઘડો લંબાયો તો એક દિવસ વહેલી સવારે મોલ્વી રફીઉદ્દીને મૌલાના મહમૂદુલ હસનને પોતાના કમરામાં જે દા.ઉ. દેવબંદમાં છે ત્યાં

બોલાવ્યા. અને કહ્યું કે પ્રથમ મારાં સુતરાઉ કપડાં જુઓ ! ઠંડીની સીઝન હતી છતાં પરસેવાથી ભીનાં હતાં ! કહ્યું, વાત એમ છે કે હમણાં કાસિમ નાનોત્વી જાહેરી શરીર સાથે મારી પાસે આવ્યા હતા જેથી મને પસીનો છૂટી ગયો ! અને મને કહીને ગયા છે કે મહમૂદ હસનને કહી દો કે તે આ ઝઘડામાં ન પડે ! તો મૌલાના મહમૂદ હસને કહ્યું કે હું તૌબા કરું છું ! હવે પછી આ કિસ્સામાં કાંઈ બોલીશ નહીં !" *(દેવંબદીની કિતાબ અરવાહે ષલાષા)*

**વિચારો !** મર્યા પછી દેવબંદી કાસિમ નાનોત્વીને કબરમાં ઝઘડાની ખબર થઈ ગઈ, તે કબરમાંથી નીકળીને દા.ઉ.માં આવ્યા, મૌલાના રફીઉદ્દીનને સૂચના આપી જે ઉપર લખી છે.

આ જ વાત નબી વલી માટે તમે કહો તો તમે મુશ્રિક થઈ જાવ ! પણ કાસિમ નાનોત્વી માટે ઈલ્મે ગયબ અને તસર્રુફ તથા નફો પહોંચાડવાની વાત પોતે જ તેમના ટોચના મોલ્વીઓ લખે છે છતાં પાકા મુસલમાન તો તેઓ પોતે જ છે ! તો **શું કાસિમ નાનોત્વીને તેઓ ખુદા માને છે ?** કેમ કે **ખુદા સિવાય ગયબનો ઈલ્મ, ઈખ્તિયાર કોઈના માટે સાબિત કરવું તો તેઓ શિર્ક લખી ગયા** છે અને **અલ્લાહના આપવાથી પણ** આ બધું માને તેને પણ **મુશ્રિક** કહે છે ?! જેમ કે તકવિયતુલ ઈમાનમાં છે.

મુનાઝિરે અહલે સુન્નત હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہએ દેવબંદી મોલ્વીઓના ઉપરોક્ત અકીદા અને બીજી બાજુ આ જણાવ્યો તેવા પ્રસંગો (બંને પાસાંઓ)ને એક કિતાબ "ઝલઝલા"માં એકત્ર કરી જ્યારે પ્રસિધ્ધ કર્યા તો ખૂદ દેવબંદના 'તજલ્લી' માસિકના બેબાક તંત્રીએ કહેવું પડયું કે :–

આમિર ઉષ્માની દેવબંદી તંત્રી "તજલ્લી" દેવબંદ લખે છે :–

"અમારી નજીક જાન છોડવવાનો એક જ માર્ગ છે તે એ કે ક્યાં તો તકવિયતુલ ઈમાન અને ફતાવા રશીદિયહ્, ફતાવા ઈમ્દાદિયા તથા બહિશ્તી ઝેવર અને હિફઝુલ્ ઈમાન જેવી કિતાબોને (જેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, ઈખ્તિયાર વગેરે માનનારને કાફિર, મુશ્રિક લખેલ છે) ચોરાહા પર મૂકીને આગ લગાડી દેવામાં આવે અને સાફ એલાન કરી દેવામાં આવે કે એનાં લખાણો કુર્આન તથા હદીષની વિરૂધ્ધ છે અને અમારા દેવબંદીઓના ખરા અકીદા અરવાહે ષલાષા, સવાનેહે કાસમી, અશ્રફુસ્સવાનેહ (જેમાં દેવબંદીઓ મોલ્વીઓ માટે ઈલ્મે ગૈબ, ઈખ્તિયાર....ની સાબિતી કરતા પ્રસંગો છે) જેવી કિતાબોથી માલૂમ કરવા જોઈએ. અથવા આ (પાછલી) કિતાબો વિશે એલાન કરી દેવામાં આવે કે આ તો કેવળ કિસ્સા કહાનીઓની કિતાબો છે જે ભલી બુરી વાતોથી ભરેલી છે અને અમારા ખરા અકીદા તે જ છે જે પ્રથમ દર્શાવેલ કિતાબોમાં દર્શાવેલા છે." *(માહનામા તજલ્લી–દેવબંદ, મે–૧૯૭૩)*

સારાંશ કે ઉપર જણાવ્યા તે દેવબંદી મોલ્વીઓએ કુર્આન હદીષ વિરૂધ્ધ, હુઝૂર તથા સહાબાથી ચાલ્યા આવતા અકીદા વિરૂધ્ધ લખાણો લખીને મુસ્લિમ એક્તાને તોડી કે નહીં એ ખૂદ તમે જ ફેંસલો કરી લો !

## સાચા અહલે સુન્નત વ જમાઅત કોણ છે ?!

અહલે સુન્નતની હક્કાનિયત માટે કુર્આન હદીષ સાક્ષી છે જેમ કે હદીષોમાં છે :–

"મારી ઉમ્મત ૭૩ ફિર્કાવાળાઓમાં વહેંચાઈ જશે, તમામ ફિર્કા જહન્નમમાં જશે સિવાય એક ગિરોહના. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તે નજાત પામનાર ગિરોહ કોણ હશે ? ઈર્શાદ

ફર્માવ્યો, જે મારી સુન્નત (તરીકા) અને મારા સહાબાની જમાઅતને અનુસરનાર હશે." *(અલ્‌જામિઉસ્સુન્નહ લિલ તિર્મિઝી, ૯૩/૨)*

અલ્હમ્દુલિલ્લાહ ! અમે બરેલ્વી સુન્નીઓ એ જ તરીકા પર છીએ જે સહાબીઓનો છે, **રસૂલે પાકની તા'ઝીમ તથા આપના માટે ઈલ્મે ગયબ તથા ઈખ્તિયારનું માનવું એ સહાબીઓનો તરીકો છે.** શું કોઈ સાબિત કરી શકે છે કે રસૂલે પાક ﷺ ના માટે જે લખાણો દેવબંદી મોલ્વીઓએ ઉપર જણાવ્યાં તેમ ઈલ્મે ગયબના ઈન્કાર તથા ઈખ્તિયાર બાબતે રિવાયત કર્યા હોય અથવા રસૂલે પાકને પોતાના સમાન ગણ્યા હોય ?! નહીં ! અને હરગિઝ નહીં ! એટલે કે વહાબી દેવબંદી સહાબાના તરીકા પર તથા તેમને માર્ગે નથી જ. ભલે લાંબી દાઢી કે ઝભ્ભા કુભ્ભા ચઢાવીને શો કરે ! બલ્કે સાચા અહલે સુન્નત વ જમાઅત તથા સવાદે આઝમ (મોટી જમાઅત) બરેલ્વી સુન્નીઓ જ છે.

સુન્ની બરેલ્વી જ સાચા અહલે સુન્નત વ જમાઅત છે તેની સાબિતી રૂપે વધુ એક હવાલો જુઓ :

વહાબી, અહલે હદીષ, ગૈરમુકલ્લિદોના પેશવા મૌલાના ષનાઉલ્લાહ અમૃતસરી પોતાની કિતાબ **"શમ્એ તૌહીદ"** ના ૪૦ (ચાલીસ)માં પાના પર લખે છે કે, "અમૃતસરમાં મુસ્લિમ આબાદી હિંદુ, શીખ વિગેરે સરખી છે. **૮૦ (એંસી) વર્ષ પહેલાં લગભગ બધા જ મુસલમાન તે જ ખ્યાલના હતા જેમને આજકાલ "બરેલ્વી, હનફી" ખ્યાલના કહેવામાં આવે છે.**

*(–મૌલાના ઈસ્માઈલ ઔર તકવિયતુલ ઈમાન, શમ્એ તૌહીદના હવાલા સહિત)*

એટલે કે સુન્ની બરેલ્વી તે જ છે જેઓ સહાબા, તાબઈનથી ચાલી આવતી માન્યતાવાળા છે. બાકીના બધા પછીથી નીકળ્યા છે. સારાંશ કે **અહલે સુન્નત વ જમાઅત એટલે સહાબા જેવા અકીદાવાળા હોવું** છે, તો સહાબીઓએ કોઈ રિવાયતમાં હુઝૂર ﷺ ના માટે ગયબના ઈલ્મના ઈન્કારની કે આપના ઈખ્તિયારના ઈન્કારની વાતો કે માન્યતાઓ નથી દર્શાવી જેવી કે દેવબંદી મોલ્વીઓએ ઉપર દર્શાવી. બલ્કે હુઝૂર ﷺ નો ઈખ્તિયાર તથા ઈલ્મે ગયબ માનતા હોવાના અસંખ્ય પ્રસંગો સહાબાના છે. અને એને જ અમે સુન્ની બરેલ્વીઓ માનીએ છીએ. માટે એ સિવાયના સર્વ અહલે સુન્નત હોવાના દાવેદાર ફિર્કા ગલત છે એ સૌ સમજી શકે તેવી વાત છે.

## અહલે સુન્નત પર જ રહેવા તાકીદ કરતા બુઝુર્ગો

મહાન બુઝુર્ગો હુજ્જતુલ ઈસ્લામ ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે, "દરેક શખ્સે જોઈએ કે અહલે સુન્નતના અકીદાને પોતાના દિલમાં જમાવે કેમ કે આ જ તેની નેકબખ્તીનું બીજ છે." *(કીમીયાએ સઆદત, પેજ–૮૫)*

હઝરત ગૌષે આ'ઝમ શૈખ અબ્દુલકાદિર જીલાની رحمۃ اللہ علیہ તોત્તેર ફિર્કાવાળી હદીષ બયાન કર્યા બાદ નજાત પામનાર (નાજી) ફિર્કાનો નિર્દેશ કરતાં લખે છે :– "રહ્યો નજાત પામનાર ફિર્કો તો તે અહલે સુન્નત વ જમાઅત છે." *(ગુન્યતુત્તાલિબીન/હુજ્જતુલ્લાહ અલલ આલમીન, પેજ–૩૯૭)*

કુત્બે રબ્બાની ઈમામ અબ્દુલવહાબ શઅરાની قدس سرہٗ ઔલિયાએ કિરામની નિશાનીઓ વર્ણવતાં લખે છે કે, "અલ્લાહના વલીની બીજી નિશાની એ છે કે તે તરીકતમાં દાખલ થતાં પહેલાં અહલે સુન્નતના અકીદાથી વાકેફ બને." *(હુજ્જતુલ્લાહ અલલ આલમીન, પેજ–૩૯૭)*

શૈખુલ ઈસ્લામ ખ્વાજા બહાઉલ હક્ક ઝકરિયા મુલતાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે કે, ''જે મારા સિલસિલામાં સામેલ થશે તે સર્વે મારી ઝમાનત હેઠળ છે, અને સિલસિલાથી મુરાદ કુર્આન તથા સુન્નતની પયરવી, મુજતહિદ ઈમામોનાં કથનો, સહાબાના ઈજમાઅ અને અહલે સુન્નત વ જમાઅતનું અનુસરણ છે.'' *(ખુલાસતુલ આરિફીન)*

એ ઉપરાંત અસંખ્ય બુઝુર્ગો જેમ કે હઝરત ઈમામ મુહમ્મદ સીરીં, હઝરત અલ્લામા સૈયદ તહતાવી, હઝરત ખ્વાજા અબ્દુલ અઝીઝ દબ્બાગ, હઝરત ખ્વાજા બાકી બિલ્લાહ, આરિફ બિલ્લાહ હઝરત શૈખ ઈસ્માઈલ હક્કી, હઝરત મુજદ્દિદ અલ્ફેષાની, હઝરત અલ્લામા જલાલુદીન સિયૂતી, હઝરત દાતાગંજ બખ્શ, શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ બરેલ્વી (قُدِّسَتْ اَسْرَارَهُمْ) વગેરેએ અહલે સુન્નત વ જમાઅત એ જ સવાદે આઝમ એટલે નજાત પામનાર ગિરોહ છે તેવું દર્શાવી તેના પર કાયમ રહેવા તાકીદ કરી છે. સર્વ વલીઓ અહલે સુન્નતમાં જ થયા છે.

સારાંશ કે અહલે સુન્નતને માનનાર બુઝુર્ગોને દીનને માનનાર છે, નબી વલીની તા'ઝીમ તથા તેમના મર્તબાને દિલો જાનથી માનનારા છે એ કેવળ અને કેવળ બરેલ્વી સુન્નીઓ જ છે, કેમ કે દેવબંદીઓના અકીદા તો એનાથી વિપરીત છે ઉલ્ટા છે જે આગળ અમે હવાલા સાથે દર્શાવી આપ્યું. જેથી કોઈ પોતાને અહલે સુન્નત વ જમાઅત કહે કે સુન્ની પણ કહે તો તેની ઓળખ તથા પરખ એ જ છે કે તેના અકીદા સુન્ની બરેલ્વી જેવા છે કે નહીં ?! એ ધ્યાન રાખશો.

હવે મૂળ વિષય પર આગળ વધો ! મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ એક સાથે બે ફિર્કાનો પાયો નાખ્યો **દેવબંદી** કે જે પોતાને મુકલ્લિદ કહે છે એટલે કહેવા પૂરતો તો ઈમામે આ'ઝમ અબૂ હનીફાની તકલીદ કરનાર છે, એમના તરીકા પર અમલોનો દાવેદાર છે. જ્યારે બીજો ફિર્કો **ગૈર મુકલ્લિદ** છે જે પોતાને **અહલે હદીષ** કહે છે, તે કોઈપણ ઈમામ હનફી, શાફઈ, માલિકી, હંબલી ચારેવમાંથી કોઈને માનતો નથી અને એના પાયાના અકીદા નબી વલીની ગુસ્તાખી કરતા એક સમાન જ છે જેવા દેવબંદીઓના છે જેથી એ પણ ગમુરાહ ફિર્કો છે અને અહલે સુન્નતના પ્લેટફોર્મથી નીકળીને અલગ પ્લેટફોર્મ પર ગયેલો છે.

એ જ પ્રમાણે **"જમાઅતે ઈસ્લામી"** નામથી પોતાને ઓળખાવતો એક ફિર્કો છે જેને **"મૌદૂદી"** કહેવાય છે જેના સ્થાપક મૌલાના અબુલ આ'લા મૌદૂદી છે, એ પણ વહાબિયત, દેવબંદિયતની શાખ જ છે. તેમના પાયાના અકીદા પણ કુફ્રી છે જેવા કે દેવબંદી તથા અહલે હદીષ ગૈર મુકલ્લિદના છે. તે ઉપરાંત આ ફિર્કાના સ્થાપકે કુર્આનની, રસૂલે ખુદા ﷺ ની, તમામ નબીઓની, તમામ સહાબાની, મુજદ્દિદોની તથા વલીઓની શાનમાં ટીકાઓ કરીને પોતાના જહન્નમી હોવાનું એલાન કર્યું છે. ખૂબ જ છૂટછાટવાળા આ ફિર્કામાં કહેવાતા એજ્યુકેટેડો કહેવાતા બુદ્ધિશાળીઓ પણ દીની ઈલ્મથી કોરા, નાસમજ લોકો અધિક સપડાયા છે. આ ફિર્કાવાળા પણ અસલ નજાત પામનાર ફિર્કા અહલે સુન્નતના પ્લેટફોર્મ પરથી હટી જઈને અલગ થયેલા છે.

એ જ પ્રમાણે **અહલે કુર્આન, નેચરી, કાદયાની વગેરે ફિર્કાઓ** પણ અહલે સુન્નતથી અલગ માન્યતાઓ રાખવાના હિસાબે અહલે સુન્નતના પ્લેટફોર્મથી નીકળીને દૂર જઈ પડયા છે અને જહન્નમીઓની હરોળમાં ખડા થઈ ગયા છે.

આ સર્વ ફિર્કાઓ નબી વલીની તૌહીન કરવામાં એક જ મંચ પર છે અને વહાબી ફિર્કાની શાખો જ છે અને અહલે સુન્નતથી અલગ પડીને ખૂદ જુદા થયેલા છે.

## "એક પ્લેટફોર્મ પર આવી જાવ !" એ નારાનો અર્થ શું ?!

તમે સર્વ ફિર્કાઓની વાસ્તવિક્તા સંક્ષિપ્તમાં જાણી લીધી તો હવે અમને કોઈ સમજાવે કે એ ફિર્કાઓ તરફથી વર્તમાનકાળમાં જે જોર શોરથી એક પ્લેટફોર્મ પર આવી જાવ ! વાડાબંધી દૂર કરો ! ફિર્કાબંદી દૂર કરો ! ની બુમો પડી રહી છે તેનો અર્થ શો છે ?!

આપે અભ્યાસ કરી લીધો કે **પ્લેટફોર્મ તો એક જ અહલે સુન્નત વ જમાઅતનું હતું ! તેના પરથી ઉતરી ઉતરીને કોઇ દેવબંદીના પ્લેટફોર્મ પર ગયા, કોઈ અહલે હદીષના પ્લેટફોર્મ પર, કોઈ કાદયાનીના પ્લેટફોર્મ પર, કોઈ નેચરીના પ્લેટફોર્મ પર જતા રહ્યા. હવે દૂર જઈને બુમો પાડી રહ્યા છે કે એક પ્લેટફોર્મ પર થઈ જાવ ! તો આ ભ્રામક નારાનું રહસ્ય શું છે ?!**

અમને તો એટલું સમજાય છે કે તેમનું કહેવું એવું છે કે, **હે સુન્નીઓ ! અમે તમને દુનિયાના લાભો કેટલા આપીએ છીએ તેને જુઓ ! ભલે અમારા અકીદા નબી વલીની ગુસ્તાખી કરનારા છે, ભલે અમે નબીને અલ્લાહની શાન આગળ ચમારથી ઝલીલ કહીએ, નબીના ઈલ્મને બાળકો, પાગલો, જાનવરો જેવો માનીએ, ભલે ઈમામોની તૌહીન કરીએ તેમનો ઈન્કાર કરીએ, ભલે નબી વલીના ગુસ્તાખ મોલ્વીઓને અમે પેશ્વા ગણીએ, ભલે અમે ઈમામ હુસૈનને બાગી અને યઝીદને હક્ક પર કહીએ, ભલે અમે કહીએ, "બંદા હોવામાં બધા જ સરખા છે જેવી રીતે એક નબી એવી જ રીતે શૈતાન રજીમ" (મૌદૂદી), ભલે અમે તકલીદના મુન્કિર હોઈએ ! પણ તમે એ બધું ધ્યાન પર ન લો ! અને એ બધું ભૂલી જાવ ! અને એમને પણ મુસલમાન જ ગણો ! અને ભાઈ ભાઈ બનીને રહો ! શું આ ઈન્સાફની વાત છે ?! અને ઈસ્લામી શરીઅત શું એ વાતની છૂટ આપે છે કે જે નબી વલીની તૌહીન કરીને કુફ્ર કરે તેને પણ મુસલમાન સમજો ? શું કોઈ સહાબીએ એવું કર્યુ હતું ખરું ?!** બલ્કે **ખલીફાએ અવ્વલ હઝરત અબૂબક્ર સિદ્દીક** رضی اللہ عنہ **એ જ્યારે ઝકાતના ઈન્કાર કરનારાઓનો ફિત્નો ઉઠયો હતો** ત્યારે તેમની સાથે જેહાદ કર્યો હતો અને તે ફિત્નાને ખતમ કર્યો હતો, તો પછી નબી વલીની ગુસ્તાખીઓ કરનારાને ક્યો મુસલમાન ગળે લગાડશે ?! તથા દરેક દૌરમાં ઉઠેલા નવા ફિર્કા તથા ફિત્નાનો રદ જે તે સમયના બુઝુર્ગો તથા ઉલમાએ કર્યો છે એના માટે ઈતિહાસ સાક્ષી છે તો હવે શું ઈસ્લામી કાનૂનો બદલાઈ ગયા કે એક પ્લેટફોર્મ પર (મુસલમાન તથા બાગી) સૌ થઈ જાય ?!

## અમે પણ કહીએ છીએ, આવી જાવ એક પ્લેટફોર્મ પર !

હા ! મુસ્લિમ એક્તા જરૂરી છે અને એમાં ટુકડા થવાથી મુસ્લિમોની તાકાત ખત્મ થઈ ચૂકી છે, આપસમાં મહોબ્બત, એક્તાની ભાવના હોવી જોઈએ. રસૂલે ખુદા ﷺ એ પણ ફર્માવ્યું છે કે, **"મુસ્લિમ કૌમ આપસમાં લાગણી, મહોબ્બત અને મહેરબાનીમાં એક શરીરની જેમ છે, કોઈ એક અંગમાં પીડા ઉપસ્થિત થાય છે તો આખુ શરીર બેચૈની તથા તાવનો શિકાર થઈ જાય છે."** *(સહીહ બુખારી શરીફ, કિતાબુલ અદબ)*

સારાંશ કે એક બીજાના દુઃખે દુઃખી થવું, તેને સહકારી બનવું એ મો'મિનની નિશાનીઓમાંથી છે. પણ **મુસલમાન કેવળ કલ્મો પઢનારનું નામ નથી ! તમામ જરૂરિયાતે દીનનો સ્વીકાર કરે**

**તે જ મુસલમાન રહેશે.** અને અલ્લાહને જૂઠ તથા તમામ અમલોથી પાક માનવું તથા નબી કરીમ ﷺ ની તા'ઝીમ કરવી, તૌહીન ન કરવી એ વાતો પણ જરૂરિયાતે દીનમાંથી છે, **માટે જેઓ કોઈ દુનિયાવી લાભ કાજે કે દુનિયાવી લાભ મળતાં કોઈના એહસાનો હેઠળ દબાઈને** એવા ગુસ્તાખોને મુસલમાન સમજી બેઠા હોય તેઓ અસલિયતને સમજીને પોતાની આખેરતને બચાવવા ખાતર તેવાઓથી સાવધાન થઈ ઈમાનની રક્ષા કરે, કેમ કે ઈમાન વિના જે પણ દુનિયાથી જશે તે હમેશાંની જહન્નમમાં જશે એ યકીની વાત છે.

અને **અમો તમામ બાતિલ ફિર્કાવાળાઓને દા'વત આપીએ છીએ કે આવો ! આજથી ૧૪૦૦ વરસ પહેલાં જે અકીદા "અહલે સુન્નત વ જમાઅત" કે જે એક જ નજાત પામનાર ફિર્કો છે તેના હતા તેને અપનાવી લો ! અને અહલે સુન્નતથી ક્રમે ક્રમે અલગ થયેલ ગમે તે ફિર્કામાં આપ ચાલ્યા ગયા હોઉ, પણ પલ્ટી આવો ! અને તે અહલે સુન્નતથી અલગ થયેલ તમામ ફિર્કાઓના બાતિલ અકીદાઓથી તૌબા કરીને એ જ અહલે સુન્નત વ જમાઅતના અસલ પ્લેટફોર્મ પર આવી જાવ ! તો આપણે એક જ છીએ ! આપણે ભાઈ ભાઈ છીએ ! તમારા માટે અમારી જાનો હાજર છે ! આવી જાવ ! તે જ અસલ પ્લેટફોર્મ પર ! કે જ્યાં બંને જહાનની ભલાઈ જ ભલાઈ છે.**

## સુન્નીઓને અંતિમ વિનંતિ

પ્યારા સુન્ની ભાઈઓ ! દીની ઈલ્મ સાથે સાથે દુનિયાવી એજ્યુકેશન બાબતે તરક્કી થવી જ જોઈએ, મુસલમાન બંને રીતે સજ્જ હોય એ અમે માનીએ જ છીએ પણ દુનિયવી ઉચ્ચ એજ્યુકેશન કે મુસ્લિમ સમાજ સેવાના નામે દીન ઈમાનને પીઠ પાછળ રાખી દેવામાં શક્ય છે કે તમારો પુત્ર કે પુત્રી ડોકટર, વકીલ, એન્જીનીયર કે વૈજ્ઞાનિક બની જાય અને દુનિયવી તરક્કી કરીને આંતરરાષ્ટ્રિય વ્યાપારી કે મોટો સત્તાધારી પ્રધાનમંત્રી કે વડાપ્રધાન બની જાય, પણ જો તે અહલે સુન્નત વ જમાઅત સિવાયના માર્ગે ચઢી જાય અથવા ઈસ્લામ ધર્મથી બેઝાર અને બેપરવા થઈ ગુસ્તાખે રસૂલ જેવા અકીદા અથવા તો નાસ્તિક જેવા વિચારોવાળો થઈ જાય તો દુનિયામાં તમારી વાહ વાહ થશે, સુખ સગવડો મળશે, પણ આ ક્ષણિક દુનિયાવી જીવનમાં આખો બંધ થઈ કે હમેશાંની જહન્નમમાં સળગવા સિવાય કાંઈ જ તેના હાથ આવશે નહીં. પછી એ જ કહેવું પડશે કે :–

વો અંધેરે હી ભલે થે કે ક઼દમ રાહ પર થે-રોશની લાઈ હૈ મંઝિલ સે બહોત દૂર હમેં

માટે ખોટા ભરમોને ત્યજીને દીન ઈમાન માટે બાબતે સાવધાન રહેશો. જેઓ ગુસ્તાખે નબી છે અથવા જાણવા છતાં ગુસ્તાખે નબીને દીની પેશવા કે મુસલમાન જ સમજે છે તેમનાથી મેળ મેળાપ કે દીકરા દીકરી વહેવાર, **તેમની દા'વતો ખાવી કે તેમને દા'વતો આપવી**, તેમની પાછળ નમાઝ સૌ **હરામ** છે, તેમના જનાઝામાં જવું હરામ અને તેમની નમાઝે જનાઝા પઢવી તથા તેમના માટે મગફેરતની દુઆ કરવી કુફ્ર છે. જેમ કે **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ તથા **અન્ય ઉલમાએ અહલે સુન્નતનું** ફર્માન છે. **જેમણે આ બાબતે ભૂલો કરી હોય તેઓ દીન ઈમાનનું મહત્વ સમજી તૌબા કરી લે** અને અહલે સુન્નત પર મજબૂથીથી રહે એમાં જ બંને જહાનની ભલાઈ છે.

ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈર સે કામ-લિલ્લાહિલ હમ્દ મૈં દુન્યાસે મુસલમાન ગયા

وما علینا الا البلاغ المبین

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

وَاَقِیْمُوا الصَّلٰوۃَ وَاٰتُوا الزَّکٰوۃَ وَارْکَعُوْا مَعَ الرّٰکِعِیْنَ ﴿۴۳﴾
اَتَاْمُرُوْنَ النَّاسَ بِالْبِرِّ وَتَنْسَوْنَ اَنْفُسَکُمْ وَاَنْتُمْ تَتْلُوْنَ
الْکِتٰبَ ؕ اَفَلَا تَعْقِلُوْنَ ﴿۴۴﴾ وَاسْتَعِیْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوۃِ ؕ

**તર્જુમો** : સહીહ અદા કરો નમાઝ અને આપતા રહો ઝકાત અને રુકૂઅ કરો રુકૂઅ કરવાવાળાઓની સાથે. શું તમે હુકમ કરો છો (અન્ય) લોકોને નેકીનો અને ભૂલાવી દો છો પોતે પોતાને જ્યારે કે તમે પઢો છો કિતાબ[૬૧]. શું તમે એટલું પણ નથી સમજતા, અને મદદ લો સબ્ર તથા નમાઝથી[૬૨].

## ★ તફસીર ★

**૬૧.** યહૂદી આલિમો લોકોને તો એવો હુકમ આપતા કે તૌરાત અલ્લાહની કિતાબ છે અને તેના દરેક ફર્માનનું પાલન કરો, પરંતુ પોતાનો એ હાલ હતો કે થોડા સરખા અંગત લાભ ખાતર તૌરાતના સ્પષ્ટ હુકમોને પીઠ પાછળ રાખી દેતા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم વિશે તૌરાતની વર્ણન કરેલી નિશાનીઓ જોઈ લીધા પછી પણ ઈમાન ન લાવતા. અલ્લાહ તઆલા તેમને તેમની દોઝખી પોલીસીથી મના ફર્માવે છે. આ ચેતવણી દરેક તે વ્યક્તિના માટે છે જે અન્યોને નેકીનો હુકમ કરે અને ખૂદ તેનાથી વિરૂધ્ધ વર્તન કરે, ચાહે તે યહૂદી કહેવાતો હોય કે મુસલમાન. કુર્આને હકીમે ઠેક ઠેકાણે વાણી તથા વર્તનના વિરોધાભાસથી રોકેલ છે. હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે કે રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મેઅરાજની રાત્રે હું એક એવી કૌમ પાસે થઈને પસાર થયો જેમના હોટો આગની કાતરો વડે કાપવામાં આવી રહ્યા હતા. મેં જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم ને એમના વિશે પૂછયું તો જિબ્રઈલે બતાવ્યું :–

هؤلاء الخطباء من اهل الدنيا (وفى اية من امتك) يأمرون الناس بالبروينسون انفسهم وهم يتلون الكتاب افلايعقلون

**(અર્થ)** : આ દુનિયાના ખતીબ છે (એક રિવાયતમાં છે કે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઉમ્મતના ખતીબ છે) જેઓ લોકોને નેકીનો હુકમ આપ્યા કરતા હતા અને પોતાના નફસોને ભૂલાવી રાખતા હતા, જયારે કે તેઓ કિતાબને પઢતા પણ હતા. تنسون انفسكم ની તાબીર કેટલી અસરકર્તા છે, એટલે તમે એવું કરીને પોતાની બેહતરી નથી કરી રહ્યા બલ્કે તમે તો તે નુકસાનકર્તા તથા સ્વલાભને ભૂલનારા છો જેમની નજરોએથી પોતાની બેહતરી ઓજલ થઈ ચૂકી છે.

**૬૨.** જેમ કે બની ઈસરાઈલ સદીઓથી એ અખ્લાકી બીમારીઓમાં સપડાયેલા હતા અને એક હદ સુધી તેના આદી બની ગયા હતા. ઓચિંતા એકદમ તેમનું એ આદતોથી દૂર થઈ જવું ઘણું જ મુશ્કેલ હતું. એટલા માટે તેમને હવે એ પસ્તીઓમાંથી નીકળવાનો માર્ગ બતાવવામાં આવી

રહ્યો છે, એટલે તમે સબ્ર તથા નમાઝથી એ ખામીઓનો ઈલાજ કરી શકો છે.

સબ્રનો શાબ્દિક અર્થ રોકવું તથા બાંધવું છે, અને એનાથી મુરાદ ઈરાદાની તે મજબૂતી, નિશ્ચયની તે પુખ્તગી અને નફ્સની ઈચ્છાઓની તે પકડ છે જેનાથી એક વ્યક્તિ નફ્સાની લાલચો અને બાહ્ય મુશ્કેલીઓના મુકાબલામાં પોતાના દિલ તથા ઝમીરના પસંદ કરેલા માર્ગ પર સતત વધતો ચાલ્યો જાય. *(તફહીમુલ કુર્આન)*

જો માણસ પોતાની અંદર આ શક્તિ પેદા કરી લે અને તેની સાથે સાથે તે નમાઝના થકી પોતાના બંદાપણાનો સંબંધ પોતાના હકીકી રબની સાથે મજબૂત કરી લે તો પછી કોઈ મુશ્કેલી તેનો માર્ગ નથી અવરોધી શકતી. હુઝૂર કરીમ ﷺ ની એ આદતે મુબારક હતી કે **જ્યારે કોઈ મુશ્કેલ કામ આવી પડતુ તો તરત જ નમાઝ પઢવા લાગતા.**

## ★ હાજત પૂરી કરવાનો અમલ ★

તેમજ રહમતે આલમ ﷺ એ ફર્માવ્યું **કે જો કોઈને હાજત હોય અલ્લાહ તઆલાથી અથવા કોઈ ઈન્સાનથી તો તેણે જોઈએ કે ખૂબ જ કાળજીપૂર્વક વુઝૂ કરે, પછી બે રકાત નમાઝ પઢે, પછી અલ્લાહ તઆલાની હમ્દો ષના કરે.** ત્યારબાદ પુષ્કળ દુરૂદ શરીફ પઢે અને ત્યારબાદ આ શબ્દોમાં દુઆ માંગો :–

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ الْحَلِيْمُ الْكَرِيْمُ سُبْحَانَ اللّٰهِ رَبِّ الْعَرْشِ
الْعَظِيْمِ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ اَسْئَلُكَ مُوْجِبَاتِ رَحْمَتِكَ
وَعَزَائِمَ مَغْفِرَتِكَ وَالْغَنِيْمَةَ مِنْ كُلِّ بِرٍّ وَّالسَّلَامَةَ مِنْ كُلِّ اِثْمٍ لَا
تَدَعْ لِيْ ذَنْبًا اِلَّا غَفَرْتَهٗ وَلَا هَمًّا اِلَّا فَرَّجْتَهٗ وَلَا حَاجَةً هِيَ لَكَ
رِضًا اِلَّا قَضَيْتَهَا يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ - (رواه الترمذى)

*–(રિવાયત કરી તિર્મિઝીએ)* ***(–ક્રમશઃ)***

(અનુસંધાન પેજ નં. ૧૬ નું ચાલુ.....)

ફર્માવે છે :–

فَاِذَا سَوَّيْتُهٗ وَنَفَخْتُ فِيْهِ مِنْ رُّوْحِيْ

પણ જનાબ મસીહનું શરીર તથા રૂહ સૌ 'કુન'થી છે, નુત્ફાથી કે ઈલ્કાથી કે બનાવવાથી નથી. અથવા એટલા માટે કે જનાબ મસીહ પગથી માથા સુધી અલ્લાહની હુજ્જત (દલીલ) છે, જાણે પગથી માથા સુધી કલમો છે. અથવા એટલા માટે કે આપ એક કલમો દમ કરીને બીમારોને તંદરુસ્ત, મુડદાંને જીવંત કરતા હતા. (આ પરથી બુઝુર્ગોની ઝાડ઼ફૂંક સાબિત થઈ) અથવા એટલા માટે કે આપ પેદા થતાં જ કલ્મો પઢયો કે કહ્યું :–*(છેવટ સુધી..)* اِنِّىْ عَبْدُاللّٰهِ

૪. مِنْهُ ની મિન (مِنْ) તબઈનિયા નથી અને એનો અર્થ એ નથી કે અલ્લાહનો ટુકડો છે બલ્કે مِنْ عِبَادِهٖ છે, એટલે કે અલ્લાહના તરફથી નુત્ફાના વાસ્તા વિના પેદાઈશ છે. આપનો લકબ રૂહુલ્લાહ પણ છે અથવા એટલા માટે કે આપ રૂહુલ અમીન જિબ્રઈલ علیہ السلام ની ફૂંકથી પેદા થયા અથવા એટલા માટે કે આપ મુર્દા દિલોને ઈમાનની રૂહ બખ્શે છે.

૫. કે આ'લા દરજાના મુત્તકીને જન્નતનો આ'લા મકામ અતા ફર્માવશે અને અદના મુત્તકીને ત્યાંનો અદના મકામ. આ તે લોકોના માટે છે જેમને જન્નત મહેનતથી મળે, જેઓ અન્યના તુફૈલ જન્નતમાં જશે તેઓ તેમની સાથે રહેશે, જેમ કે મુસલમાનોનાં દૂધ પીતાં બાળકો અને પત્નીઓ. જેથી રસૂલુલ્લાહ ﷺ ના પુત્ર હઝરત ઈબ્રાહીમ અને અઝવાજે પાક (બીવીઓ) જન્નતમાં હુઝૂર ﷺ ની સાથે હશે. યાદ રાખશો કે જન્નતમાં પ્રવેશ ઈમાનના કારણે થશે અને ત્યાંના મર્તબા અમલોના હિસાબે મળશે. જન્નતમાં પ્રવેશ ત્રણ રીતે થશે : કસબી, વહબી, અતાઈ. અહીં કસબીનો ઉલ્લેખ છે. *–(ક્રમશઃ)*

દર્સે હદીષે પાક

મિર્આતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عَلَيْهِ رَحْمَةُ الرَّحْمٰن

(કાર્યાલય)

## ★ હદીષ : ૨૩ ★

હઝરત ઓબાદા ઈબ્ને સામત رضی اللہ عنہ થી રિવાયત ફર્માવે છે, નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : જે ગવાહી આપે કે એક ખુદા સિવાય કોઈ મઅબૂદ નથી, તેનો કોઈ શરીક નથી અને મુહમ્મદ અલ્લાહના બંદા અને રસૂલ છે[૧]. ઈસા અલ્લાહના બંદા અને રસૂલ અને તેની બંદીના પુત્ર[૨]. અલ્લાહનો કલમો છે જે મરયમમાં નાખ્યો[૩], અને અલ્લાહના તરફથી રૂહ છે[૪] અને જન્નત તથા દોઝખ હક્ક છે, અલ્લાહ તેને જન્નતમાં દાખલ કરશે તેના અમલના પ્રમાણે[૫].

## ★ સમજૂતી ★

**૧.** આ'લા બંદો અને રસૂલે અકમલ જેમની અબ્દિયત (બંદાપણા)થી અલ્લાહની રબૂબિયત ચમકી અને જેમની રિસાલત રબની ઉલૂહિયતનો સર્વ શ્રેષ્ઠ મઝહર (ઝહૂર સ્થાન) છે. જેથી તેની (રસૂલની) બંદગી અને અન્યોની બંદગીમાં જમીન તથા આસ્માનનો ફરક છે, અને બંદાઓને એના પર નાઝ છે કે અમારો રબ અલ્લાહ છે, દસ્તે કુદરતને એના પર નાઝ છે કે મારો બંદો મુહમ્મદુર્રસુલુલ્લાહ છે. ફર્માવે છે :– هُوَالَّذِىْٓ اَرْسَلَ رَسُوْلَهٗ અન્ય બંદાઓ રબને રાજી કરવા ચાહે જ્યારે રબ જનાબ મુસ્તફાને રાજી કરવા ચાહે છે. ફર્માવે છે :– وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى અને બંદાઓ ઈસ્લામની કશ્તી (નાવ)માં પાર થવા માટે સવાર થયા, મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم પાર લગાડવા માટે, જેમ કે જહાઝના મુસાફરો અને પગારદાર કપ્તાન. સવારી એક છે પણ સવાર થનારાઓના પ્રકારમાં ફરક છે. જેથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નમાઝ, કલ્મો પઢવા, હજ્જ તથા તિલાવતે કુર્આન કરવાથી એવું ન સમજો કે હુઝૂર આપણી જેવા મો'મિન છે. આ અમલો કરવાથી આપણી ઈજ્જત છે જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના અમલ કરવાથી તે અમલોની ઈજ્જતમાં વધારો છે. ફખ્ર છે કે આપણે નમાઝ પઢીએ છીએ પણ નમાઝને ફખ્ર છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને પઢી !

**૨.** આ ફર્માન અતિશય સમૃધ્ધ છે. ઈસાઈ હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام ને ખુદાના પુત્ર અને બીબી મરયમને રબની પત્ની કહેતા હતા. યહૂદી હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام ની નબુવ્વતના પણ મુન્કિર (નકારનાર) હતા અને પવિત્ર કુંવારી મરયમને આક્ષેપ લગાડતા હતા. આ એક કલમામાં બંનેની સારી રીતે રદ થઈ ગઈ. વર્તમાનકાળના કાદયાની આપને યૂસુફ નજારના પુત્ર કહે છે અને હઝરત મરયમના નિકાહ તેમની સાથે સાબિત કરે છે. એમાં તેમની પણ ઉચ્ચ પ્રકારની રદ છે કે જો જનાબ મસીહ બાપના પુત્ર હોત તો તેમની તરફ તેમની નિસ્બત થાત. કુર્આને પણ તેમને મરયમના પુત્ર ઈસા ફર્માવ્યા છે :– اُدْعُوْهُمْ لِاٰبَآئِهِمْ

**૩.** એ રીતે કે હઝરત જિબ્રઈલે અલ્લાહના હુકમથી 'કુન' કહીને હઝરત મરયમના સીના પર ફૂંક મારી જેનાથી આપ સગર્ભા બન્યાં. યાદ રાખશો કે જનાબ મસીહનો લકબ કલિમતુલ્લાહ છે. અથવા એટલા માટે કે આપની પેદાઈશ 'કુન' કલમાથી છે.

રબ ફર્માવે છે :–

اِنَّ مَثَلَ عِيْسٰى عِنْدَاللّٰهِ (છેવટ સુધી..) આદમ علیہ الصلوٰۃ والسلام ને અલ્લાહનો કલમો એટલા માટે નથી કહેતા કે તેમના શરીરનું સર્જન માટી વડે છે, કેવળ 'કુન' કલમા વડે રૂહ ફૂંકવું છે. (વધુ અનુસંધાન પેજ નં. ૧૫ પર..)

شفاشریف شفاشریف

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ગુજરાતી અનુવાદક ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

### *(વિભાગ-૯)*

## સૂરએ ફતહમાં મકામે મુસ્તફા صلی اللہ علیہ وسلم

અલ્લાહ عزّوجلّ એ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્રતિષ્ઠતા પ્રગટ કરતા ફર્માવ્યું છે :–

اِنَّا فَتَحْنَا لَكَ فَتْحًا مُّبِيْنًا ۙ.........يَدُ اللّٰهِ فَوْقَ اَيْدِيْهِمْ

*(અંત સુધી............)*

**અર્થ** : ''બેશક ! અમે તમારા માટે ઉઘાડો વિજય આપ્યો. જેથી અલ્લાહ તમારા કારણે તમારા આગલાઓના અને તમારા પાછલાઓના ગુનાહો માફ કરી આપે અને પોતાની નેઅમતો તમારા ઉપર સંપૂર્ણ કરે અને તમને સીધો માર્ગ દેખાડી દે અને અલ્લાહ તમારી જબરદસ્ત મદદ કરે. તે જ છે જેણે ઈમાનવાળાઓના દિલોમાં સંતોષ ઉતાર્યો જેથી તેમને યકીન પર યકીન (શ્રદ્ધા) વધે અને આકાશો તેમજ પૃથ્વીના સર્વ સૈન્યો અલ્લાહની માલિકીનાં જ છે અને અલ્લાહ ઈલ્મ અને હિકમતવાળો છે. જેથી ઈમાનવાળા પુરૂષો અને ઈમાનવાળી સ્ત્રીઓને બગીચાઓમાં લઈ જાય જેની નીચે નહેરો વહે, હમેશાં તેમાં રહે અને તેમની બુરાઈઓ તેમના પરથી ઉતારી નાખે અને અલ્લાહને ત્યાં એ મહાન સફળતા છે. અને મુનાફિક પુરૂષો અને મુનાફિક સ્ત્રીઓને તેમજ મુશ્રિક પુરૂષો અને મુશ્રિક સ્ત્રીઓને અઝાબ કરે જેઓ અલ્લાહ વિશે (ખરાબ) ગુમાન ધરાવે છે તેમની ઉપર જ છે માઠુ કાળચક્ર. અને અલ્લાહે તેમની ઉપર કોપ ઉતાર્યો અને તેમની ઉપર ફિટકાર વરસાવી અને તેમના માટે જહન્નમ તૈયાર કરી અને કેટલું ખરાબ પરિણામ છે. અને આકાશો તેમજ પૃથ્વીના સર્વ સૈન્યો અલ્લાહની માલિકીનાં જ છે અને અલ્લાહ ઈઝ્ઝત અને હિકમતવાળો છે. બેશક ! અમે તમને હાઝિર નાઝિર તેમજ ખુશી અને ખૌફ સંભળાવતા મોકલ્યા. જેથી અય લોકો ! તમે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવો અને રસૂલની ઈજ્જત અને સન્માન કરો અને સવાર સાંજ અલ્લાહની પવિત્રતા જપો. તેઓ જ તમારી બયઅત કરે છે. તેમના હાથો પર અલ્લાહનો હાથ છે.'' *(સૂરએ ફતહ, આ. ૧ થી ૧૦)*

આ આયતે કરીમાથી નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તે તારીફ અને વિશેષતા અને આપનો તે મર્તબો જાહેર કર્યો છે. જેની હકીકતની ચર્ચા કરવાથી જબાન અને કલમ લાચાર છે. અલ્લાહ તઆલાએ તેમનામાં મુસ્તફાની વિશેષતાઓની શરૂઆત એવી રીતે કરી જે વિધાતાએ મહેરબાનીઓ કેવળ તેમના માટે રાખી મૂકી હતી એટલે જાહેરી દુશ્મન પર વિજય પ્રાપ્તિ, કલ્મા, શરીઅતની તરક્કી અને એવો છૂટકારો પામેલ જેનાથી આગળના પાછળના કોઈ કામની પૂછપરછ ન થાય. કેટલાક હઝરાતનું કથન છે કે, મુક્તિથી મુરાદ એ છે કે, જે કર્યુ અને જે કર્યુ પણ નહીં અને તે બધું જ માફ છે. ઈમામ મક્કી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, આ વાયદો ઉપકાર કરવાના હેતુથી છે જેના લીધે મુક્તિને કારણ બનાવવામાં આવ્યું છે અને બીજાઓથી ઉલ્ટુ તેમના તરફથી જે કાંઈ બક્ષવામાં આવે તે ઉપકાર જ ઉપકાર છે. મહેરબાની ઉપર મહેરબાની જ છે.

તેના પછી અલ્લાહ عزّوجلّ એ وَيُتِمَّ نِعْمَتَهٗ عَلَيْكَ ફર્માવ્યું છે. આ અલ્લાહ તઆલાએ પોતાના એ સન્માનને જાહેર કર્યું છે કે જે મક્કાના મુશ્રિકોની ગરદનો અકડતી જ જતી હતી તેમને પોતાના મહબૂબના કદમમાં ઝુકાવી દીધા. કેટલાક ઉલ્માએ કિરામનું એ કથન છે કે એનાથી મક્કા મુકર્રમા અને તાઈફની ફત્હ મુરાદ છે. કેટલાકની નજીકની આ નેઅમતથી દુનિયામાં આપના ઝિક્રને બુલંદ કરવું

અને મદદ તથા મુક્તિથી મહેરબાની કરવી છે.

પછી إِنَّا أَرْسَلْنَاكَ شَاهِدًا وَّمُبَشِّرًا وَّنَذِيرًا માં પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ભલાઈઓ અને વિશેષતાઓની ચર્ચા કરી છે અને تُعَزِّرُوهُ وَتُوَقِّرُوهُ દ્વારા હુકમ આપ્યો કે હબીબે પરવર દિગાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની અંતિમ દરજાજા સુધી ઈજ્જત કરો.

કેટલાક મુફસ્સિરીન તેને تُعَزِّزُوهُ (બંને ز) પઢે છે એટલે તેમની સર્વથી વધુ ઈજ્જત કરો અને આ વાત સૂર્યની જેમ ઉજ્જવળ છે. ખરેખર આ મકામ નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પ્રાપ્ત થયેલ છે, અલ્લાહનો ઈર્શાદ تُسَبِّحُوهُ માં ઝમીર અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની તરફ ધ્યાન દોરનાર છે.

હઝરત ઈબ્ને અતા رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, આ આયતમાં તે કેટલીયે નેઅમતોની ચર્ચા છે જેનાથી પરવરદિગારે આલમે પોતાના મહબૂબને ઈજ્જત આપી છે એટલે ફત્હે મુબીનની ખુશખબરો તે જ છે જે મહોબ્બતની નિશાની છે. મુક્તિના વાયદામાં ગુનાહોથી પાકીઝગી અને મર્તબાની ઉચ્ચતા છે. તમામ નેઅમતોના અતિ ઉચ્ચ દરજ્જા સુધી પહોંચાડવું અને હિદાયત દ્વારા મુશાહિદાએ જમાલ (જમાલના દર્શન)ના તરફ બોલાવવું છે.

હઝરત ઈમામ જા'ફર સાદિક બિન ઈમામ મુહમ્મદ બાકર رضی اللہ عنہ એ અલ્લાહના વાયદા અને નેઅમતોના સમાપનના વિશે ફર્માવ્યું છે : અલ્લાહ તઆલાએ નબી આખેરુઝ્ઝમાં સૈયેદના મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પોતાના હબીબ બનાવ્યા, આપની હયાતે મુબારક (મુબારક જિંદગી)ની કસમ યાદ ફર્માવી અને આપની પવિત્ર શરીઅતથી બીજી શરીઅતોને રદ કરી આપને ઉચ્ચતર મકામ સુધી પહોંચાડયા અને મેઅરાજમાં આપનું કમાલનું રક્ષણ કર્યું. એટલે સુધી કે આપે કોઈ તરફ આંખ પણ ન ફેરવી અને આપની નજર હદથી આગળ ન વધી. આપને દરેક લાલ અને સફેદ એટલે માનવજાતના સમૂહના નબી બનાવ્યા. આપના માટે માલે ગનીમતને હલાલ ઠરાવ્યો. આપને ગુનાહગારોની શફાઅત કરવાવાળા અને શફાઅતના અધિકૃત બનાવ્યા અને આદમ علیہ السلام ના તમામ સંતાનોના આપને સરદાર બનાવ્યા અને આપના ઝિક્રને પોતાના ઝિક્રથી અને આપની ખુશીને પોતાની ખુશી સાથે મેળવી અને આપને અકીદએ તૌહીદના એક સ્તંભ ગણ્યા.

એના અનુસંધાનમાં અલ્લાહ તઆલાએ إِنَّ الَّذِينَ يُبَايِعُونَكَ إِنَّمَا يُبَايِعُونَ ફર્માવ્યું છે, આમાં અલ્લાહ તઆલાએ આપથી બૈયત કરવાવાળાને અલ્લાહ તઆલાથી બૈયત કરવાવાળા ગણતાં ફર્માવ્યું છે કે, يَدُ اللَّهِ فَوْقَ أَيْدِيهِمْ - તેમના હાથ પર અલ્લાહનો હાથ હોવાથી કેટલાકના નજીક, "અલ્લાહની તાકાત", કેટલાકની નજીક સવાબ અને કેટલાકના નજીક "વચન" મુરાદ છે. આ એક રૂપ વાણીનું લક્ષણ છે. તેનાથી બયઅતના અકીદાની તાકીદ કરવી અને બયઅત લેવાવાળાના ઉચ્ચ મર્તબાને જાહેર કરવાનો ઉદ્દેશ છે. આ જ વિષયને અલ્લાહ તઆલાએ આ રીતે પણ ઈર્શાદ ફર્માવ્યો છે:

فَلَمْ تَقْتُلُوهُمْ وَلَٰكِنَّ اللَّهَ قَتَلَهُمْ ۚ وَمَا رَمَيْتَ إِذْ رَمَيْتَ وَلَٰكِنَّ اللَّهَ رَمَىٰ

**અર્થ** : તો તમે તેમને કતલ નથી કર્યા પરંતુ અલ્લાહે તેમને કતલ કર્યા અને અય મહબૂબ ! પેલી માટી જે તમે ફેંકી (તે) તમે નથી ફેંકી પરંતુ અલ્લાહે ફેંકી હતી. *(સૂરએ અનફાલ, આ. ૧૭)*

ઉપલક નજર નાખતાં આ કલામ મજાઝી દેખાય છે પરંતુ એ ધ્યાન પર લેતાં સચ્ચાઈ પર આધારિત છે કે વાસ્તવમાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત જ આરોપ મૂકનાર અને કતલ કરનાર છે. કેમ કે બંદાના કાર્યોનો સર્જક તે જ તો છે. કાંકરીઓ અને માટી ફેંકવી પણ તો તેની કુદરત અને મરજી હેઠળ બન્યું અને કોઈ માનવમાં અંગત રીતે એ કુદરત (શક્તિ) ક્યાં છે કે તે માટીને એટલી દૂર પહોંચાડી દે ત્યાં સુધી કે મુકાબલો (સામનો) થવા પર એક કાફિર પણ ન બચે જેની આંખો ધૂળની ડમરીથી ભરાઈ ન ગઈ હોય. –*(ક્રમશઃ)*

# ફતવા વિભાગ

**સવાલ** : ઈરાક તથા અફઘાનિસ્તાનમાં જે જંગ થઈ છે તેમાં બુઝુર્ગાને દીન તથા અંબિયાએ કિરામે મદદ કરવી જોઈતી હતી. પણ એવું થયું નથી એના પરથી જણાય છે કે તે મોહતરમ હઝરાતમાં કોઈ રૂહાની શક્તિ નથી અને સૌ નષ્ટ થઈ ચૂક્યા એટલે મરીને માટીમાં ભળી ગયા. જો શક્તિ હોત તો સદ્દામ તથા ઓસામા ઈસ્લામ ધર્મ માટે લડયા તો શા માટે ભાગી ગયા ?! તેમની જીત થવી જોઈતી હતી. એના પરથી એ જાણવા મળે છે કે આ બધું સહીહ નથી ?

**જવાબ** : વહાબીઓને માનતા કરવા ઘણુ મુશ્કેલ કામ છે કારણ કે તેમને હક્ક સ્વીકારવાની તૌફીક જ નસીબ નથી થઈ. તેઓ હરપળે એવા ચક્કરમાં રહે છે કે અંબિયાએ કિરામ તથા ઔલિયાએ એઝામની શાનમાં કોઈ ગુસ્તાખીનો મોકો મળી જાય. નાદાન એ પણ નથી સમજતા કે આ હઝરાત અલ્લાહ عزوجل ની અતાથી તસર્રૂફ ફર્માવે છે અને અલ્લાહની મરજી વિરૂધ્ધ કાંઈ પણ નથી કરતા. અહીં અલ્લાહની મરજી એ જ હતી કે ઈરાક તથા અફઘાનિસ્તાનની હાર થાય, જેમ કે બનાવો સાક્ષી છે, એટલા માટે અંબિયાએ કિરામ તથા ઔલિયાએ એઝામે એના પ્રતિ ધ્યાન નથી ધર્યું.

આ બેબાક જે બોલી બોલી રહેલ છે એનાથી શીખીને એના જ શબ્દોમાં કોઈ કાફિર એ પણ કહી શકે છે કે મુસલમાનોનો ખુદા લાચાર તથા મુફલિસ અને બેકાર છે એટલા માટે તે પોતાના માનવાવાળાઓની મદદ ન કરી શક્યો ! તો એ જાહિલ બતાવે કે તેમને શું જવાબ આપે ? આવી જહાલત વહાબીઓને જ સુઝે છે. અલ્લાહ તઆલા તેમની બુરાઈથી મુસલમાનોને બચાવે. (આમીન)

અંબિયાએ કિરામના શરીરોને માટી કદાપી નથી ખાઈ શક્તી. હદીષ શરીફમાં છે; (અર્થ) : અલ્લાહે જમીન માટે હરામ કરી આપ્યું છે કે અંબિયાએ કિરામના શરીરોને ખાય." *(મિશ્કાત શરીફ, પેજ-૮૨૧)* અલ્લાહ બેહતર જાણનાર છે.

***લખનાર*** : મુહમ્મદ શાહ આલમ કાદરી જોનપુરી(દારુલ ઈફતા અમજદિયા અર્શદુલ ઉલૂમ, ઓઝગંજ, યુ.પી.)

## ✪ ફતવા નં. ૨ ✪

શું ફર્માવે છે દીન તથા મિલ્લતના મુફતીઓ આ મસ્અલામાં કે જીવન વીમામાં જે રકમ જમા થાય છે તેના બારામાં શરીઅતનો શો હુકમ છે ? અને એ રકમોમાં કોની ઝકાત આપવામાં આવશે અને કોની નહીં ? બૈયનૂ તુજરૂ.

**પૂછનાર** : ફસીહુલ્લાહ આઝમી, જામિઆ ઈસ્લામિયા રોનાહી-ફૈઝાબાદ

**જવાબ** : જિંદગીનો વીમો તે માલધારીના માટે જાઈઝ છે જે પોતાની વર્તમાન હાલતની સાથે ત્રણ વરસની નિશ્ચિત મુદ્દત અથવા એના પછીની અધિક મુદ્દત સુધી ત્રણ વરસના સર્વ હપ્તાઓ જમા કરવાની પાકા યકીનની સાથે ખાત્રી ધરાવતો હોય. જેથી તે વ્યક્તિ જેની વર્તમાન હાલત અધિક મુદ્દત સુધી કે ત્રણ વરસની પોલીસી ચાલુ રાખવાને પાત્ર નથી, તેની ખાત્રી પાકા વિ□સ સાથે નથી તો એવી વ્યક્તિને વીમા પોલીસીની ઈજાઝત નથી. અને અધિક મુદ્દતમાં હપ્તાથી અધિક જે રકમ અદા કરે તે વ્યાજ નથી બલ્કે પોતાના માલને કરજે આપવું છે કે તે તેને પાછુ મળશે. અને વીમાથી પ્રાપ્ત થયેલ વધારાની રકમ મુબાહ માલ છે તેને પોતાના કામોમાં ખર્ચવી જાઈઝ છે.

અને મૂળ જમા કરેલી રકમની ઝકાત વરસે વરસે વાજિબ થતી રહેશે પણ જ્યારે રકમ મળી જશે ત્યારે અદા કરવી વાજિબ થશે. અને વધારાની રકમ પ્રાપ્ત થયા પછી મૂળ નિસાબમાં ભળી જશે અને તેની ઝકાત વરસ પૂર્ણ થતાં વાજિબ થશે. એવું જ સહીફાએ ફિક્હે ઈસ્લામી મુબારકપુર, પેજ-૩૨ પર છે. અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ વીમાની ઝકાતની અદાયગીના વિશે લખે છે કે, "પાછા મળતી વેળા જેટલું જમા થયું હતું તેની દરેક વરસની ઝકાત લાઝિમ થશે અને જો તેનાથી વધારે મળે તો તેની ઝકાત નથી." અલ્લાહ બેહતર જાણનાર છે. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ-૮, પેજ-૧૬૭)*

***લખનાર : મુહમ્મદ હારૂન રશીદ કાદરી અમજદી કંબોલ્વી***

***અલ્ જવાબુ સહીહુન્ : જલાલુદ્દીન અહમદ અમજદી***

Islam & Modern Inventions

# ઈસ્લામ અને આધુનિક શોધો

અરબી લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની
ઉર્દૂ અનુવાદક : અબૂ હમ્માદ મુફતી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)
ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

## કૃત્રિમ વરસાદ

એ જ બનાવોમાંથી કે જેમના બારામાં હુઝૂર ﷺ એ કિયામત કાયમ થતા પહેલાં આપણે જોઈશું ફર્માવ્યું તે કૃત્રિમ વરસાદ છે જે વિવિધ યંત્રો થકી ઉપરથી વરસાવવામાં આવે છે અને વિવિધ શહેરોમાં તેનો પ્રયોગ કામયાબ રહ્યો છે અને તેનાથી જમીન તૃપ્ત થઈ છે.

હુઝૂર ﷺ એ મોટા ભાગની સહીહ હદીષો જે દજ્જાલના બારામાં છે, તેમાં કૃત્રિમ વર્ષાની ખબર આપી છે. દા.ત. હદીષે નવાસ ઈબ્ને સમ્આન વગેરે. એ તો કોઈનાથી છુપુ નથી કે દજ્જાલ યહૂદ હશે અને યહૂદી રોજ તેના બહાર પડવાનો ઈન્તેઝાર કરે છે અને એ કે અલ્લાહ તઆલાએ હાલમાં યહૂદીઓને જે હુકૂમત આપી છે તે એટલા માટે છે કે તેઓ દજ્જાલના બહાર પડવાનો માર્ગ સંવારી લે. તેમજ એ કે અલ્લાહ તઆલા તેના ફિત્ના થકી આલમની આજમાઈશ કરે જેનો ઈલ્મ તેને પહેલેથી છે. જેમ કે એ પણ છુપુ નથી કે યહૂદીઓની હુકૂમત માલ તથા દૌલત અને તે લોકોથી મેલ જોલના કારણે છે જેઓ યૂરોપના પ્રગતિ પામેલ દેશોમાં ફલીફાલી રહ્યા છે એના કારણે યહૂદીઓની હુકૂમતની ગણત્રી થોડાક સમયમાં પ્રગતિ પામેલ દેશમાં થવા લાગી. તેમની પાસે એવી મશીનરીઓ મૌજૂદ છે જેના વડે તેઓ ન પોતાની જરૂરિયાત પૂરી કરે છે બલ્કે એ લોકો સુસંસ્કૃત દેશોની હરોળમાં સામેલ થઈ ગયા. જેથી જ્યારે કે તેમનો જૂઠો તથા કાણો ઈમામ નીકળશે તો તેમની પાસે દરેક તે આધુનિક મશીનરી પામશે કે જેની મદદથી તે લોકોને ગુમરાહ કરી શકે, તેમને કાફિર બનાવી શકે અને તેમને બેહકાવી શકે અને જે તેમના મુકાબલામાં આવે અથવા તેની સાથે ટકરાય તેની સાથે જંગ કરી શકે એટલે કે લડાઈનાં સાધનો, મુસાફરીનાં સાધનો તથા હવાઈ જહાઝ, મોટરો તેમજ એના સિવાય અન્ય જરૂરી સામગ્રી દા.ત. તે ચીજ કે જેનાથી આસ્માનેથી વરસાદ વરસાવી શકે અને ખાવા પીવાનો સામાન ઉઠાવનાર ગાડીઓ, આટો પીસવાનાં અને ખાવા પકાવવાનાં મશીનો અને તમામ તે ચીજો જે હાલમાં જંગોમાં વાપરવા માટે તમામ દેશોની પાસે મૌજૂદ છે. ફોજની પાસે દરેક તે ચીજની સગવડ હોય છે જેની તેને જરૂરત હોય છે એટલે સુધી કે કપડાં ધોવાનાં મશીનો કે જેમાં એક બાજુ મેલાં ગંદાં કપડાં રાખવામાં આવે તો બીજી બાજુ તે જ કપડાં સ્વચ્છ બનીને ઈસ્ત્રી થઈને બહાર નીકળી આવે છે અને પહેરવા લાયક બની જાય છે. એ જ રીતે ઘઉં મશીનમાં નાખવામાં આવે છે ત્યાં જ લોટ દળાયને સાફ થઈને આટો ગુંદાઈને રોટલી બની તૈયાર પકાવેલી રોટલી બહાર આવે છે. આ તે જ ચીજ છે જે કાણા દજ્જાલની સાથે પણ હશે. તે ઉપરાંત તેની પાસે કાંઈક જાદૂ ટોના પણ હશે જેથી અલ્લાહ તઆલા જેના બારામાં એ ફિત્નાને ચાહે તે પોતાના કામને પૂર્ણ કરી આપે અલ્લાહ તઆલા આપણને તેનાથી મેહફૂઝ રાખે. *–આમીન*

આ જે કાંઈ અમે વર્ણવ્યું એના બારામાં નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ વિવિધ હદીષોમાં નિર્દેશ કર્યો છે. એરોપ્લેનો અને મોટરોના થકી દજ્જાલની સફર અને તેના થકી પૃથ્વીના પટની પ્રદક્ષિણા કરવાના બારામાં જે હદીષો આવેલી છે અમે તેને પાછલાં પૃષ્ઠોમાં મોટરો તથા વિમાનોના વર્ણનમાં દર્શાવેલ છે.

હા ! વરસાદ વરસાવવાનું યંત્ર, પાણી, ખાવા અને લોટ ઉઠાવવાની ગાડીઓ વગેરેના બારામાં જે અમુક હદીષો છે તે આ પ્રમાણે છે : (અસ્મા બિન્તે યઝીદે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાંભળ્યું) રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના સહાબાઓ સાથે બેઠેલા હતા. આપે ફર્માવ્યું :-

احذركم المسيح وانذركموه وكل نبى قد حذر قومه وهوفيكم ايها الامة وساحكى لكم من نعته مالم تحك الانبياء قبلى لقومهم، وهواعورليس الله باعور، بين عينيهِ كافر يقرؤه كل مومن كاتب وغير كاتب، اكثرمن يتعبه اليهودوالنساء والا عرٰب ترون السماء تمطر وهى لا تمطر، والارض تنبت وهى لتنبت، وليقول الاعراب ماتبغون منى الم ارسل السماء عليكم مدرارا۔

"હું તમને મસીહના ખતરાથી સાવચેત કરું છું અને તેનાથી તમને ડરાવું છું. દરેક નબીએ તેનાથી પોતાની કૌમને ડરાવી, હે ઉમ્મત ! એ તમારામાંથી થશે ! હું તમને તેની એવી વાતો જણાવીશ જે કોઈ નબીએ મારાથી પહેલાં પોતાની કૌમને નથી બતાવી. તેની આંખોની વચ્ચે કાફિર લખેલું હશે જેને દરેક મુસલમાન ભણેલો ગણેલો કે અભણ વાંચી શકશે. તેના મોટા ભાગના અનુયાયી યહૂદી તથા સ્ત્રીઓ તથા ગામડિયા હશે. તમે આસ્માનથી વરસાદ જોશે જો કે તે વરસાદ નથી, તમે જમીનથી લીલોતરી જાશો જો કે તે લીલોતરી નથી. અને તે ગામડિયાઓને કહેશે, તમે મારાથી શું ચાહો છો ? શું આસ્માનેથી તમારા પર સપાટાભેર વરસાદ નથી વરસાવ્યો ? (રિવાયત કરી તિબ્રાનીએ કબીરમાં હસન સનદ સાથે)

તથા અહમદે મુસ્નદમાં જાબિર ઈબ્ને અબ્દુલ્લાહથી રિવાયત કરી કે ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે :-

"દજ્જાલ દીનના ઝંડામાં ઈલ્મથી પીઠ ફેરવતો નીકળશે. તેના માટે ચાલીસ રાતો હશે જેમાં તે જમીનની સૈર કરશે. એ દિવસોમાંથી એક દિવસ વરસના સમાન, એક દિવસ એક મહીના સમાન અને એક દિવસ અઠવાડિયા બરાબર હશે. અને બાકી દિવસો તમારા દિવસોની જેમ હશે. તેનો એક ગધેડો હશે જેના પર તે સવારી કરશે. તે ગધેડાના બંને કાનોની વચ્ચે ૪૦ હાથની પહોળાઈ હશે. તે લોકોને કહેશે કે હું તમારો રબ છું ! જો કે તે કાણો હશે અને તમારો રબ عزوجل કાણો નથી. તેની આંખોની વચ્ચે હિજ્જેથી કાફિર (કાફ-ફે-રે) લખેલું હશે જેને ભણેલો ગણેલો મુસલમાન તથા જાહિલ વાંચશે. તે દરેક ઝરણા તથા દરેક ઘાટ પર પહોંચશે સિવાય મક્કા તથા મદીના, કે એ બંને શહેરો અલ્લાહે તેના પર હરામ કરી આપ્યાં. અને એ બંનેના દરવાજાઓ પર ફરિશ્તા ઉભા હશે. તેની સાથે રોટીના પહાડો હશે અને **તેના તાબેદારો સિવાય સૌ લોકો સખત મુશ્કેલીમાં હશે.** તેની પાસે બે નહેરો હશે જેના બારામાં એનાથી વિશેષ હું જાણું છું. એક નહેરને તે જન્નત અને બીજીને દોઝખ કહેશે. જેને તે પોતાની જન્નતમાં દાખલ કરશે તે દોઝખમાં છે અને જેને તે પોતાની દોઝખમાં નાખશે તે હકીકતમાં જન્નતમાં છે. આપે ફર્માવ્યું, તેની સાથે શૈતાનો મોકલવામાં આવશે જેઓ લોકો સાથે વાતચીત કરે અને તેમને કહેશે કે હે લોકો ! શું આ પ્રકારનું કામ રબના સિવાય કોઈ બીજું કરે શકે છે ?!" *(મુસ્નદે અહમદ)*

તો તે લોકો કે જે શૈતાનો આવી વાત કહેશે તે જ ગામડિયા છે જેમ કે તેની સ્પષ્ટતા આથી આગલી હદીષે અસ્મામાં આવી ગઈ. આ પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એક ખૂબી (વસ્ફ) છે. ગ્રામ્યવાસીઓ આ શોધોને જાણતા જ નથી અને ન એ સાધનોની હકીકતથી વાકેફ છે જે એની સાથે હશે. એના કારણે દજ્જાલ એ કામ શહેરોમાં તથા એ લોકો વચ્ચે નહીં કરે જેઓ કૃત્રિમ

વરસાદ વરસાવનારા યંત્રોથી વાકેફ છે. એ જ પ્રમાણે રોટલીઓનો તે પહાડ અને પાણીની નહેરો જે એની સાથે હશે તે હકીકતમાં પહાડ તથા નહેર નહીં બલ્કે તે બનાવટી હશે જે એવાં વાહનો પર રાખેલ હશે જે તેની સાથે સાથે ગામે ગામ જશે. લોકો એ અરસામાં દુકાળગ્રસ્ત અને હાજતમંદ હશે કેમ કે દજ્જાલના આગમનથી પાંચ વરસ પહેલાં અને એક રિવાયતમાં ત્રણ વરસ પહેલાંથી તે ઈલાકાઓમાં વરસાદ થયો હશે નહીં અને મોટા ભાગના દુકાળગ્રસ્ત લોકો ગામડિયા હશે. હુઝૂર ﷺ ના કૌલ "واکثرمن یتبعه الیهود والنساء والاعراب" 'તેના મોટા ભાગના અનુયાયી યહૂદીઓ, સ્ત્રીઓ અને ગામડિયા હશે''થી સાફ જણાય છે કે તે લોકો ઈમાન તથા બુદ્ધિની કમજોરીના કારણે ઔરતોની જેમ દજ્જાલના ફિત્નાથી અજમાવવામાં આવશે. અને યહૂદી તો એક એવી કૌમ છે જેના પર ખૂદ અલ્લાહ તઆલાએ લઅ્નત ફર્માવી.

અમારા ઉપરોક્ત વર્ણનથી વિરૂધ્ધ એ છે કે સહીહ બુખારી તથા મુસ્લિમ હઝરત મુગીરહ્ ઈબ્ને શઅબાથી રિવાયત કરે છે. તે ફર્માવે છે કે મેં કોઈને ન જાયો કે દજ્જાલના બારામાં રસૂલુલ્લાહ ﷺ થી તે મારા કરતાં અધિક પ્રશ્નો કરતો હોય. એકવાર આપ ﷺ એ ફર્માવ્યું કે તમને કોઈ ચીજ નુકસાન આપે છે ? મેં અર્ઝ કરી કે લોકો કહે છે કે દજ્જાલની પાસે રોટીનો પહાડ અને પાણીની નહેર હશે. આપે ફર્માવ્યું કે, એ અલ્લાહ માટે એથી અધિક આસાન છે.'' *(બુખારી, ભાગ-૨, પેજ-૧૦૫૫)*

તેમના આવું પૂછવાનો મતલબ એ ન હતો કે આ ચીજોનું દજ્જાલ સાથે હોવાનો ઈન્કાર કરી રહ્યા છે, કેમ કે રસૂલુલ્લાહ ﷺ એ એની ખબર તો આપી છે જેમ કે બીજી હદીષોમાં મૌજૂદ છે. તેમના એ ઈન્કારનો મતલબ એ હતો કે આ ચીજો હકીકતમાં તેની પાસે હશે નહીં અને ન અલ્લાહ તઆલા તેના માટે આસ્માનને કબજામાં આપશે કે તે તેનું આજ્ઞાંકિત થઈ જાય કે જ્યારે દજ્જાલ ચાહે વરસાદ વરસાવશે અને ન તેની સાથે હકીકતમાં કોઈ નહેર હશે અને તેની સાથે હકીકતમાં રોટીનો પહાડ હશે. બલ્કે એ તમામ ચીજો તે સબબોના કારણે હશે જે અલ્લાહ તઆલા તેના ગૈરોને અતા કરશે અને અંગ્રેજો એ ચીજોને તેના જાહેર થતા પહેલાં શોધી કાઢશે. જ્યારે તે આવશે તો લોકો પાસેથી તે ચીજો હાંસલ કરી લેશે અને પછી તે લોકોને પોતાની તરફ દા'વત આપતી વખતે એ ચીજો થકી સમર્થન મેળવશે, પછી લોકોને પોતાના મો'જિઝાના રૂપે દેખાડશે, નાદાનોને બેવકૂફ બનાવશે. અને સાથોસાથ પોતાના તે જાદૂગરો તથા શૈતાનોથી મદદ પણ હાંસલ કરી લેશે, જે ગુમરાહીમાં તેના મદદગાર હશે. એટલા માટે ઉલમાએ આ હદીષની તસ્રીહમાં ફર્માવ્યું કે :- هواهون على الله من ذلك. નો મતલબ એ છે કે તેની પાસે હકીકતમાં નહેર વગેરે હશે નહીં બલ્કે એ આંખો પર એક પ્રકારની ભ્રમણા હશે જેથી સમજવામાં આવશે કે એ પાણી છે, જ્યારે કે તેની પાસે પાણી હશે નહીં, અને સમજવામાં આવશે કે તેની પાસે રોટીનો પહાડ છે જ્યારે કે એ કાંઈ પણ હશે નહીં.

પરંતુ આવી તા'વીલનું ફાસિદ તથા બાતિલ હોવું છુપુ નથી, કેમ કે અન્ય હદીષોમાં આવ્યું છે કે જે લોકો તેની પયરવી કરશે અને એના પર ઈમાન લાવશે તેમને તે તેમાંથી ખવડાવશે અને પીવડાવશે, અને વરસાદ પણ વરસાવશે, જ્યારે કે ગામડિયો તેનું સમર્થન પણ કરશે. એ વરસાદથી ફસલ તૈયાર થશે, જાનવરો તગડાં થશે અને બાવલાં ભરાઈ જશે. જ્યારે કે એનાથી અગાઉ જમીન પર દુકાળ પડી ચૂક્યો હશે. તો કઈ રીતે કહી શકાય છે કે એ કેવળ ભ્રામક મામલો હશે ?! મૂળ વાત એ છે કે પહેલાંના શરહ કરનારાઓએ મશીનો જોયાં ન હતાં જે આપણા દૌરમાં જોવા મળે છે અને જેના થકી તે હદીષોની કે જેમાં એ ચીજોનું વર્ણન છે અને તે હદીષ કે જેમાં-هواهون على الله من ذلك નું સમર્થન થાય છે એટલા માટે તેમણે તેને ભ્રમણા દર્શાવી, જેમ કે અમે વર્ણન કરી આપ્યું. અલ્હમ્દુલિલ્લાહ ! -*(ક્રમશઃ)*

# ગુનાહોનો ઈલાજ

લેખક : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
અનુવાદક : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

## હઠ (જીદ) અને તેનો ઈલાજ

પોતાની કોઈ વાત પર એ રીતે અડી જવું કે કોઈ લાખ સમજાવે પણ કોઈની વાત તથા ભલામણ ન સ્વીકારે એ બુરી આદતનું નામ જીદ (હઠ) છે. આ એટલા પ્રમાણમાં ખરાબ તથા મનહૂસ આદત છે કે માણસની દુનિયા તથા આખેરતને તબાહ તથા બર્બાદ કરી નાખે છે. એવા માણસને દુનિયામાં સર્વ લોકો "જીદ્દી" અને હઠધર્મ કહેવા લાગે છે, તેમજ કોઈ પણ તેને મોઢું આપવા તેમજ બોલાવવા તૈયાર નથી થતું. આ જ તે ખબીષ આદત હતી જેણે અબૂજહલને જહન્નમમાં ધકેલી દીધો કે આપણા પ્યારા રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم અને મુસલમાનોએ તેને સેંકડો વાર સમજાવ્યો તેમજ તેણે ચાંદના ટુકડા થવાનો તથા કાંકરીઓના કલ્મા પઢવાનો મો'જિઝો પણ જોઈ લીધો છતાં પણ પોતાની જીદ પર અડી રહ્યો અને ઈમાન ન લાવ્યો.

## જીદનો ઈલાજ

કુર્આન તથા હદીષમાં આ હુકમ છે કે **દરેક મુસલમાન પુરૂષ તથા સ્ત્રી પર લાઝિમ છે કે પોતાના બુઝુર્ગો તથા નિખાલસ મિત્રોનો મશ્વરો જરૂર માની લે અને મુસલમાનોની જાઈઝ સિફારશોને કબૂલ કરીને પોતાની રાય તથા પોતાની વાતને ત્યજી દે અને હક્ક જાહેર થઈ ગયા પછી કદી પણ પોતાની રાય તથા પોતાની વાત પર જીદ કરીને અડેલો ન રહે.** ઘણા માણસો ખાસ કરીને ઔરતો આ બુરી આદતમાં સંડોવાયેલી છે. ખુદાને ખાતર એ સૌએ જોઈએ કે એ બુરી આદતને છોડીને બંને જહાનની સઆદતો (નેકબખ્તીઓ)થી માલામાલ થાય.

## જીદ (હઠ)નું પરિણામ

હઝરત શૈખ અબૂ સઈદ ફર્માવે છે કે અમારા ગામમાં એક શખ્સ રહેતો હતો. એક માણસે તેનો ઘોડો મારી નાખ્યો. તેણે કહ્યું કે તમે મારી પાસેથી ઘોડાનો બદલો તથા કિંમત લઈ લો. તેણે કહ્યું કે મારે કિંમતની જરૂર નથી, મારે તો મારો ઘોડો જ જોઈએ ! જેથી લડાઈ ઝઘડો શરૂ થઈ ગયો. એ ઝઘડો બંનેના કબીલાઓમાં લડાઈનું રૂપ ધારણ કરી ગયો તેના કારણે કેટલાયે માણસો કત્લ થઈ ગયા, કેટલીયે ઔરતો વિધવા થઈ ગઈ, બાળકો યતીમ થઈ ગયાં, ઘરબાર વેરાન થઈ ગયાં, અને આ સર્વ મામલો કેવળ એક માણસની જીદના કારણે થયું !

## કોઈના વિશે બુરું વિચારવા (બદ્‌ગુમાની) પર બ્રેક !

ઘણાયે લોકોની એ આદત હોય છે કે જ્યાં બે માણસોને ખાનગીમાં વાતચીત કરતાં જોયા તો તરત જ તેઓને એવા બુરા વિચાર આવે છે કે નક્કી આ મારા જ વિશે વાત કરી રહ્યા છે, અને મારા વિરૂધ્ધ કોઈ કાવતરુ ઘડી રહ્યા છે. એ જ રીતે સ્ત્રીઓ જ્યારે પોતાના પતિને સારાં કપડાં પહેરી ક્યાંક જતાં જુએ છે અથવા પતિને કોઈ સ્ત્રી વિશે

કાંઈક કહેતાં સાંભળે છે તો તરત જ તેણી વિચારવા લાગે છે કે નક્કી મારા પતિને ફલાણી સાથે કાંઈક સાંઠગાઠં છે. આ જ પ્રમાણે આદમીઓનો પણ એ જ હાલ છે કે જો તેઓની પત્ની સાસરીયામાં થોડો સમય રોકાઈ ગયા અથવા તેઓના સગા સંબંધીઓ સાથે વાતચીત કરી અને તેમને સન્માન આપ્યું તો તેઓને એવા ખરાબ વિચાર આવે છે કે મારી પત્ની ફલાણા માણસ સાથે મહોબ્બત કરે છે, નક્કી કંઈક છે ! અને આવા બુરા વિચારો દિમાગમાં રાખી ફિક્રમાં રહે છે અને રાત દિવસ ખયાલી ખીચડીઓ પકવતો રહે છે. અને ક્યારેક તો રાઈનો પહાડ અને ફાંસનો વાંસ બનાવી દે છે.

પ્યારા ભાઈઓ તથા બહેનો ! યાદ રાખો ! આ પ્રકારનું ખરાબ વિચારવું ઘણી જ ખરાબ આદત છે અને ઘણો જ મોટો ગુનો છે. કુર્આને પાકમાં અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો, **ઈલાજ** (અર્થાત) : બહુગુમાન કરવાથી બચો ! કારણ કે કેટલાક ગુમાનો ગુનો છે.

માટે કોઈપણ વાતમાં જ્યાં સુધી સ્પષ્ટપણે યકીન ન થઈ જાય ત્યાં સુધી કોઈ ફેંસલો કરશો નહીં.

## ગીબત શું છે ?

કોઈ માણસને તેની ગેરહાજરીમાં બુરું ભલું કહેવું અથવા તેની પીઠ પાછળ (અજાણતામાં) તેની ઐબો બયાન કરવી એ જ ગીબત છે. જેમ કે એક હદીષ શરીફમાં છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબાએ કિરામને ફર્માવ્યું, શું તમે લોકો જાણો છો કે ગીબત શું છે ? તો સહાબાએ અર્ઝ કરી, અલ્લાહ અને તેના રસૂલ વધુ જાણે છે. તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે પોતાના ભાઈની એવી વાતો બયાન કરવી જેને તે નાપસંદ કરે છે એ જ ગીબત છે. તો સહાબાએ કિરામ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ એ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم જો અમારા દીની ભાઈમાં ખરેખર તે બુરી વાતો હોય તો ? તો સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે તમારા ભાઈમાં ખરેખર તે વાતો હોય ત્યારે જ તો તમે ગીબત કરનાર ગણાશો. અને જો તેમાં એ વાતો ન હોય અને તમે પોતાના તરફથી ઘડીને કહેશો ત્યારે તો તમે આક્ષેપ લગાડનાર કહેવાશો ! જે એક બીજો ગુનાહે કબીરા છે જેને કરનાર દોઝખનું બળતણ બનશે. *(મિશ્કાત, બાબો હિફઝિલ્લિસાન, પેજ-૪૧૨)*

સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો આ પણ ઈર્શાદ છે કે મે'રાજની રાત્રે મેં અમુક લોકોને એ હાલમાં જોયા કે તેઓ જહન્નમમાં પોતાના નખો વડે પોતાના મોઢાં છોલી રહ્યા હતા. મેં જિબ્રઈલ علیہ السلام થી પૂછયું કે આ કોણ છે ?! તો તેમણે જવાબ આપ્યો કે આ તે લોકો છે જે દુનિયામાં લોકોની ગીબત કરતા હતા તથા બેઈજ્જતી કરતા હતા. *(અહયાઉલ ઉલૂમ)*

યાદ રાખશો કે પીઠ પાછળ કોઈની એવી વાત કહેવી જે તેને પસંદ ન હોય તે ગીબત કહેવાય છે ભલે તેનો જાહેરમાં ઐબ હોય કે ખાનગીમાં, તેની પેદાઈશી ઐબ હોય કે તેની પોતાની પૈદા કરેલ હોય. તેનાં કામો તથા કથનો, ચાલ ચલન તેના કુટુંબની બોલચાલ વગેરે કોઈપણ વસ્તુનો ઐબ કાઢવો અને ટોણા મારવાં આ બધું જ ગીબત કહેવામાં આવે છે. માટે આ ગીબતના ગુનાહથી બચવું દરેક મુસલમાન સ્ત્રી તથા પુરૂષ બધા જ માટે ખૂબ જ જરૂરી છે. કુર્આને મજીદમાં અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો છે :–

"અને એક બીજાની ગીબત ન કરો, શું તમારામાંથી કોઈ પસંદ કરશે કે પોતાના મુરદાર ભાઈનો ગોશત ખાય ?!" (સૂરએ હુજુરાત) મતલબ કે ગીબત એટલો સખત ગુનોહ છે કે જાણે પોતાના મરેલા ભાઈનું માંસ ખાવું, તો જે રીતે આપણે પોતાના મૃત ભાઈનું માંસ ખાવું કોઈ પણ રીતે પસંદ નથી કરી શકતા એ જ રીતે હરગિઝ ! હરગિઝ ! કોઈની ગીબત ન કરો ! –*(ક્રમશઃ)*

# આશૂરાના દિવસની ઈબાદતો

**અઝ : મૌલાના મુસ્લેહુદ્દીન સાહબ**
(સદર મુદર્રિસીન દારુલ ઉલૂમ બુખારિયા–ચાંચવેલ)

આશૂરાથી મુરાદ મુહર્રમ મહીનાનો દસમો દિવસ છે. કેટલાક અહલે ઈલ્મ ફર્માવે છે કે આ દિવસને આશૂરા એટલા માટે કહે છે કે એ દિવસે ખાલિકે કાઈનાતે દસ અંબિયાએ કિરામ عليهم السلام પર દસ કરામતો ઈનામ ફર્માવી :–

૧. એ દિવસે હઝરત આદમ عليه الصلاة والسلام ની તૌબા કબૂલ થઈ.

૨. એ જ દિવસે હઝરત નૂહ عليه الصلاة والسلام ની કશ્તી જૂદી પહાડથી લાગી.

૩. એ જ દિવસે હઝરત મૂસા عليه الصلاة والسلام ને ફિરઔનથી નજાત મળી.

૪. એ જ દિવસે હઝરત ઈદરીસ عليه الصلاة والسلام આસ્માન પર ઉઠાવવામાં આવ્યા.

૫. એ જ દિવસે હઝરત ઐયૂબ عليه الصلاة والسلام ને બીમારીથી તંદુરુસ્તી મળી.

૬. એ જ દિવસે હઝરત યૂનુસ عليه الصلاة والسلام ને માછલીના પેટથી આઝાદી મળી.

૭. એ જ દિવસે હઝરત સુલૈમાન عليه الصلاة والسلام ને મુલ્ક અતા થયો.

૮. એ જ દિવસે હઝરત યૂનુસ عليه الصلاة والسلام ને કૂવામાંથી કાઢવામાં આવ્યા.

૯. એ જ દિવસે હઝરત ઈબ્રાહીમ عليه الصلاة والسلام પર નમરૂદી આગને ઠંડી કરવામાં આવી.

૧૦. એ જ દિવસે હઝરત ઈસા عليه الصلاة والسلام ની વિલાદત (જન્મ) થઈ અને એ જ દિવસે તેમને આસ્માન પર ઉઠાવવામાં આવ્યા.

તે ઉપરાંત એ જ દિવસે આસ્માનેથી પ્રથમવાર વરસાદ પડયો, એ જ દિવસે અર્શ તથા કુર્સી, આસ્માન તથા જમીન, ચંદ્ર તથા સૂર્ય અને તારાઓ પેદા કરવામાં આવ્યા. એ જ દિવસે જન્નત તથા જન્નતની દરેક ચીજ પેદા કરવામાં આવી, અને હદીષે રસૂલમાં છે કે કિયામત પણ આશૂરાના દિવસે જુમ્આના રોજ આવશે. **હઝરત ઈમામ હુસૈન** رضي الله عنه **પણ પોતાના નાનાજાનની શરીઅતની રક્ષા કાજે** યઝીદ પલીદ ફાસિક ફાજિરની બયઅતનો ઈન્કાર કરવાને સબબે પૂરા ખાનદાન સહિત આજ દિવસે **કર્બલામાં શહીદ થયા** અને ''શહીદે આ'ઝમ''નો મર્તબો પામ્યા. એ ઉપરાંત અધિક અન્ય પણ ઈનામો તથા કરામતો અને પ્રસંગો એ દિવસે ઉપસ્થિત થયા.

## આશૂરાના દિવસે ગુસ્લની ફઝીલત

આશૂરાના દિવસે જે માણસ ગુસ્લ કરશે તો અલ્લાહ તબારક વ તઆલા પાણીના દરેક ટીપાના બદલામાં તે શખ્સના આમાલનામામાં એક એક સાલની ઈબાદતનો સવાબ લખશે અને તે શખ્સ ગુનાહોથી એવો પાક થઈ જશે જાણે કે આજે જ પોતાની માંના પેટથી પેદા થયો અને અલ્લાહ તઆલા તે શખ્સને તમામ આફતો તથા બલાઓથી મેહફૂઝ રાખશે.

## આશૂરાના દિવસની સખાવતની ફઝીલત

હુઝૂર અકરમ صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું કે જે શખ્સ

આશૂરાના દિવસે પોતાનાં બાળબચ્ચાં પર ખર્ચ કરવામાં અધિક્તા કરશે (શરીઅતના વર્તુળમાં રહીને) તો અલ્લાહ તઆલા તેના પર સાલ ભર અધિક્તા ફર્માવશે. એક શખ્સે કેટલાક ઉલમાથી સાંભળ્યું કે જો કોઈ આશૂરાના દિવસે એક દિરહમ સદકો કરશે તો અલ્લાહ તઆલા તેના બદલામાં તેને એક હજાર દિરહમ અતા ફર્માવશે. આ સાંભળીને તેણે સાત દિરહમ સદકો કર્યો. પછી એક વરસ બાદ કોઈક આલિમે દીનથી એ જ વાત સાંભળી તો કહેવા લાગ્યો કે એ વાત સાચી નથી ! કેમ કે મેં સાત દિરહમ સદકો કર્યા હતા તેને એક વરસ થઈ ગયું પણ મને તેના બદલામાં એક કોડી પણ મળી નથી. આમ કહીને તે ચાલ્યો ગયો. રાત્રે તેના દરવાજા પર કોઈએ અવાજ આપ્યો, તે બહાર આવ્યો તો અવાજ આપનારે કહ્યું, હે જૂઠા ! આ લે સાત હજાર દિરહમ! જો તું કિયામત સુધી સબ્ર કરત તો ન જાણે કેટલો બદલો પામત ! *(રૌઝુલ ઈફકાર)*

## આશૂરાના રોઝાની ફઝીલત

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મુહર્રમના દસમા દિવસે એટલે કે આશૂરાના રોઝાનો હુકમ ફર્માવ્યો કે રમઝાન મુબારક બાદ અફઝલ રોઝા અલ્લાહ તઆલાના મહીના મુહર્રમના છે.

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે જે શખ્સ મુહર્રમની પ્રથમ જુમ્આનો રોઝો રાખશે તેના પાછલા સર્વ ગુનાહો અલ્લાહ માફ કરી આપશે. અને જે મુહર્રમના ત્રણ દિવસ એટલે જુમેરાત, જુમ્આ અને શનિવારના રોઝા રાખશે તો અલ્લાહ તઆલા તેના માટે નવ વરસની ઈબાદત વરસની ઈબાદતનો સવાબ લખી આપે છે. *(નુઝહતુલ મજાલિસ)*

અને હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે મુહર્રમના પ્રથમ દસ દિવસના રોઝા રાખે તે ફિરદૌસે આ'લાનો વારસ થઈ જાય છે. *(નુઝહતુલ મજાલિસ)*

એક હદીષમાં આકા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે શખ્સ માહે મુહર્રમની પહેલી, ઓગણત્રીસ અને ત્રીસ તારીખોનો રોઝો રાખે અને રાત્રે કિયામ કરે તો તેના આમાલનામામાં ત્રીસ વરસની ઈબાદતનો સવાબ લખવામાં આવશે અને પુલસિરાત પરથી પસાર થવું આસાન થશે. અને તેનો ચહેરો ચૌદમી રાતના ચંદ્રની જેમ ચમકતો હશે. ઉલમાએ કિરામે લખ્યું છે કે તે દિવસે જંગલી જાનવર પણ રોઝો રાખે છે. જેમ કે શૈખુલ ઈસ્લામ વલ્ મુસ્લિમીન, કુત્બુલ અકતાબ હઝરત બાબ ફરીદુદ્દીન ગંજ શકર عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એ આશૂરાના રોઝાની ફઝીલતના બારામાં ફર્માવ્યું કે, આશૂરાના દિવસે જંગલની હરણીઓ પણ ખાનદાને મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની દોસ્તીના સબબે પોતાનાં બાળકોને દૂધ નથી આપતી, તો ઉમ્મતે મુહમ્મદિયહ્એ પણ જોઈએ કે આશૂરાના રોઝાને ન છોડે.

**ફાયદો** : ઉલમાએ કિરામ ફર્માવે છે કે કેવળ એકલો દસમીનો રોઝો ન રાખવામાં આવે બલ્કે નવમીનો પણ રાખવામાં આવે, એટલે કે બે રોઝા સાથે રાખવામાં આવે (નવ તથા દસ અથવા દસ તથા અગ્યાર) જેથી યહૂદીઓની મુશાબેહત (સામ્યતા) ન થઈ જાય કેમ કે યહૂદી કેવળ રોઝો દસમીનો રાખે છે. અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો મુબારક ઈર્શાદ છે કે, "યહૂદીઓની વિરૂધ્ધતા કરો." (એટલે તેમની મુશાબેહત ન કરો.)

## આશૂરાના દિવસની નમાઝની ફઝીલત

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જે શખ્સ આશૂરાના દિવસે **૪ રકાત** નમાઝ એ રીતે પઢે કે દરેક રકાતમાં **સૂરએ ફાતેહા** (અલ્હમ્દશરીફ) પછી ૧૧–વાર **કુલ્ હુવલ્લાહ** પઢે તો અલ્લાહ તઆલા તેના પચાસ વર્ષના ગુનાહોને માફ કરી આપશે.

હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જે શખ્સ માહે મુહર્રમુલ હરામની પહેલી રાતમાં શબબેદારી (જાગીને ઈબાદત) કરે અને **આઠ રકાત** નફલ એ રીતે પઢે કે દરેક રકાતમાં **અલ્હમ્દ શરીફ** પછી દસવાર **કુલ્હુવલ્લાહ** પઢે તો કિયામતના દિવસે તેની તથા તેના ઘરવાળાંઓની શફાઅત કરીશ ભલે તેના પર દોઝખ વાજિબ થઈ ગઈ હોય.

કિતાબુલ્ અવરાદમાં છે કે જે કોઈ મુહર્રમુલ હરામની પહેલી રાતમાં **બે રકાત નફલ** નમાઝ પઢશે અને સલામ ફેરવ્યા પછી હાથ ઉઠાવવીને આ દુઆ પઢે :–

اَللّٰھُمَّ ارْحَمْنِیْ وَتَجَاوَزْ عَنِّیْ وَا حْفَظْنِیْ مِنْ کُلِّ آفَۃٍ

તે આખુ વરસ તમામ આફતો તથા બલાઓથી મેહફૂઝ રહેશે.

હઝરત ખ્વાજા બહાઉદ્દીન મુલ્તાની عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ થી નકલ થયેલ છે કે જે શખ્સ મુહર્રમુલ હરામના મહીનાની પ્રથમ રાતમાં છ રકાત નમાઝ પઢે, દરેક રકાતમાં **સૂરએ ફાતેહા** (અલ્હમ્દશરીફ) પછી **કુલ્હુવલ્લાહ** ૧૧–વાર પઢે અને સલામના પછી દુઆ પઢે :–

سُبُّوحٌ قُدُّوسٌ رَبُّنَا وَرَبُّ الْمَلَائِکَۃِ وَالرُّوحِ۔

તો ઘણો જ સવાબ પામશે. અને સુફયાન થૌરી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ નું બયાન છે કે જે શખ્સ આશૂરાના દિવસે **આઠ રકાત** પઢે, દરેક રકાતમાં **અલ્હમ્દ શરીફ** પછી જે સૂરત ચાહે પઢે તો અલ્લાહ તઆલા નમાઝ પઢવાવાળાને પુષ્કળ સવાબ અતા કરશે અને વધુને વધુ રોજી અતા ફર્માવશે.

## મુડદાંઓની હિકાયતો

હઝરત ખ્વાજા બખ્તિયાર કાકી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ ના અવરાદ (વિર્દો)માં છે કે એકવાર હઝરત ખ્વાજા હસન બસરી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ ના જમાનામાં એક શખ્સ મુડદાંઓના કફન ચોર્યા કરતો હતો. જ્યારે તેણે આપના દસ્તે પાક પર તૌબા કરી તો ખ્વાજા હસન બસરી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ એ તે શખ્સને પૂછયું કે જ્યારે તેં મુસલમાનોની કબરોને કફન ચોરવા માટે ઉઘાડી તો તેં તેમને પોત પોતાની કબરોમાં કેવી હાલતમાં પામ્યાં ? તે શખ્સે જવાબ આપ્યો કે હુઝૂર ! જો હું દરેકની હાલત જણાવું તો એક કિતાબ ઘર તૈયાર થઈ જાય, અમુક માણસોની હાલત સંક્ષિપ્તમાં જણાવું છું. એક શખ્સની કબરને જ્યારે મેં કફન ચોરવા માટે ખોલી તો જોયું કે કબ્રવાળાનું મોં કાળુ છે અને તેના હાથો તથા પગોમાં આગની બેડીઓ જકડેલી છે અને તેની જીભેથી લોહી તથા પરુ વહી રહ્યું છે અને તેમાંથી એટલા પ્રમાણમાં દુર્ગંધ આવી રહી છે કે ત્યાં થોભવું મુશ્કેલ છે. હું જ્યારે ત્યાંથી પાછો ફર્યો તો તેણે મને બુમ પાડી અને કહ્યું, હે શખ્સ ! તું મને જોઈને શા માટે ભાગે છે ? મારો હાલ તો સાંભળ ! હું તેનો અવાજ સાંભળીને તેના પ્રતિ ધ્યાનિત થયો અને પૂછયું કે તું કોણ છે ? અને તારી સાથે આવો મામલો શાથી થયો છે ? તેણે કહ્યું કે હું મુસલમાન છું, પણ હું **દારૂડીયો** અને **વ્યભિચારી** હતો અને એ જ હાલતમાં (તૌબા કર્યા વિના) મર્યો એટલા માટે આ હાલતે પહોંચ્યો.

પછી હું એક બીજી કબર પર ગયો અને તેને ખોલી તો જોયું કે એક વ્યક્તિ નગ્ન ઊભો છે અને તેનું મોં કાળુ છે અને તેની આસપાસ આગ ભડકી રહી છે જે તેને સળગાવી રહી છે. અને તેની જીભ બહાર નીકળેલી છે અને તેની ડોકમાં આગની જંજીરો લાગેલી છે અને તેની ચારેવ તરફ ફરિશ્તા ઊભા છે. જ્યારે તે મુડદાએ મને જોયો તો અત્યંત આજીજીપૂર્વક મારી પાસે થોડુક પાણી માગ્યું. મને તેના પર દયા આવી અને પાણી લાવવાના ઈરાદાથી ચાલ્યો તો ફરિશ્તાઓએ મને ધમકાવતાં કહ્યું કે, ખબરદાર ! આ નમાઝ છોડવાવાળાને પાણી ન આપશો ! મેં તે શખ્સને પૂછયું કે તું દુનિયામાં શું

હતો અને શું અમલ કરતો હતો ? તેણે કહ્યું, હું મુસલમાન છું પરંતુ દુનિયામાં કદી પણ ખુદા તઆલાની ફર્માંબરદારી નથી કરી એટલા માટે આવા અઝાબોમાં સપડાયેલો છું. આ પ્રમાણે મેં ઘણા લોકોને આ પ્રકારના અઝાબોમાં સપડાયેલા જોયા. પછી મેં એક અન્ય કબર ખોલી તો જોયું કે એક નવજવાન શખ્સ શાનદાર લિબાસ પહેરીને બેઠો છે, હું તેની સાઝ સજાવટ તથા ઠાઠમાઠની તારીફ નથી વર્ણવી શક્તો, ચોતરફ કબરમાં નૂર જ નૂર હતું. જન્નતની હૂરો તેની સમક્ષ તખ્ત પર બેઠેલી હતી. મેં તેને પૂછયું, તું કોણ છે ? અને દુનિયામાં શું અમલ કરતો હતો ? અને આ મર્તબો તને કઈ રીતે મળ્યો ? તેણે કહ્યું કે, હે શખ્સ ! હું તારા જેવો જ હતો, ગુનેહગાર હતો પણ મુહર્રમના મહીનામાં આશૂરાના દિવસે એક નસીહત કરવાવાળાથી સાંભળ્યું હતું કે જે શખ્સ આજે (આશૂરાના દિવસે) **છ રકાત** નમાઝ પઢશે તો અલ્લાહ તઆલા તરફથી તે શખ્સના તમામ ગુનાહોને બખ્શી દેવામાં આવશે. મેં જ્યારે એ નસીહત સાંભળી તો તે દિવસથી તેના પર અમલ કરવાનો શરૂ કરી આપ્યો અને જીવનપર્યંત આશૂરાના દિવસે તે છ રકાતોને પઢતો રહ્યો એના સબબથી અલ્લાહ તબારક વ તઆલાએ મારા તમામ ગુનાહોને માફ કરી આપ્યા અને મને આ મર્તબો અતા ફર્માવ્યો.

જાણવા મળ્યું કે દસ મુહર્રમ એટલે આશૂરાનો દિવસ અતિ મહત્વનો, પાકીઝા તથા અનેક રીતે અઝમતવાળો છે અને તે જ દિવસે ઈમામ હુસૈન رضی اللہ عنہ ની શહાદત પણ થઈ તો યાદે હુસૈનમાં હુસૈની કિરદાર અપનાવી શરીઅતની પાબંદી સાથે ઈબાદતોમાં, નમાઝોમાં, ગરીબો, યતીમો પર સખાવત કરવામાં આ દિવસ પસાર કરવો જોઈએ. નહીં કે વર્તમાન થતી તાઝીયાદારીનાં નાજાઈઝ સરઘસો, નાચકૂદ તથા સ્ત્રી પુરૂષના ભેળસેળિયા મેળાઓમાં મનોરંજન માણવા નીકળ્યા હોય તેમ હરવા ફરવામાં ગુજારીએ. *(સંપૂર્ણ)*

(અનુસંધાન પેજ નં. ૪૫ નું ચાલુ.....)

અને નવી રીતે જવાની અને નૂરથી મુશર્રફ ફર્માવી દીધાં અને તે હઝરત યૂસુફ علیہ السلام ના નિકાહમાં આવીને પૈગંબરની પત્ની બની ગયાં. આ પણ જાણવા મળ્યું કે જે સાચા મુસલમાનોને હુઝૂર ﷺ સાથે મહોબ્બત હોય છે તેમના ચેહરા પર નૂર વરસતુ દેખાય છે અને એમની શાન એવી હોય છે કે :–

જ્યારે તેમને જોવામાં આવે તો ખુદા યાદ આવી જાય છે અને તે લોકો હુઝૂર ﷺ નું નામ સાંભળી ચૂમીને આંખોએ લગાડે છે.

અને એથી ઉલ્ટુ જેઓને હુઝૂર ﷺ થી મહોબ્બત નથી હોતી એમનાં દિલ પણ કાળાં અને મોઢાં પણ બેનૂર અને હુઝૂર ﷺ ના ફઝાઈલ જોવામાં આંખોથી આંધળા નજર આવે છે.

એક આજકાલનું મોર્ડન ઈશ્ક અને મહોબ્બત પણ છે કે યૂરોપની ફેશની ખજૂરની મોર્ડન ઝુંપડીમાં રહીને ડોશી મેકઅપ કરીને બનાવટી જવાન બને છે અને આંખોની કમજોરીને છુપાવવા માટે કાળો ગોગલ્સ પહેરીને નીકળે છે. અને થોડી વારમાં જ પસીનો આવી જવા પર ફરી ડોશી ને ડોશી ! અને ગોગલ્સ ઉતારવા પર ફરી આંધળીની આંધળી જોવા મળે છે !


અહીંયા એક લતીફો પણ સાંભળી લ્યો :–

એક દોસ્તે પોતાના દોસ્તને કહ્યું, મેં મેકઅપની ચીજો બનાવવાવાળાના ખિલાફ મુકદમો ચલાવવાનો ઈરાદો કરી લીધો છે. દોસ્તે પૂછયું, પણ કેમ ?! તે બોલ્યો કે તે ચીજોને (મેકઅપ) ઈસ્તેમાલ કરીને એક ઔરતે જે ડોશી હતી જવાન બનીને મને ધોકો આપ્યો છે !

મેં લખ્યું છે;

કાલી ચિમ્ની પે યે પવડર કી સુફેદી મલકર
બુતે અય્યાર તૂ ધોકા ન દે પરવાને કો

(બુતે અય્યાર–ધોકાબાઝ મા'શૂક) *–ક્રમશઃ*



# શરીઅતના હુકમોમાં સમય અને સંજોગોનો લેહાઝ

અઝ : જનાબ મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી (બ્લેકબર્ન, યુ.કે.)

દીની ઈલ્મથી અજાણ પણ દુનિયવી થોડીક ડિગ્રીધારીઓ પોતાને ન જાણે સહાબા તાબઈનથીયે તથા બુઝુર્ગોથી વિશેષ બુધ્ધિશાળી સમજીને હાલમાં ખાસ કરીને સ્ત્રીઓને મસ્જિદમાં હાજરી આપવા બાબતે અટપટી તુક્કામય દલીલો કરતા ફરે છે. તેવાઓને સમજ આપવા તથા અન્ય એવા લોકો જેઓ ધર્મ બાબતે ઉલમાની વિરૂધ્ધ મનમાની હઠ કરતા હોય છે તેવાની શાનને ઠેકાણે લાવવા પ્રસ્તુત લેખ રજૂ કરીએ છીએ જે ફાઝિલે નવજવાન **જનાબ મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી**એ લખ્યો છે. જેનું ઈન્સાફથી વાંચન કરનારાઓ જેઓ આલિમો વિરૂધ્ધ કાતરની જેમ જીભ ચલાવે છે તેનાથી તૌબા કરી લેશે તેમજ વાંચકોના જ્ઞાનમાં પણ ઉમેરો થશે. *(ઈન્શાઅલ્લાહ !) -તંત્રી બરકાતે ખ્વાજા માસિક*

**ઈ**સ્લામ ધર્મ એક મુકમ્મલ, કામિલ તથા સંપૂર્ણ પરિપૂર્ણ ધર્મ છે જેણે પોતાના માનવાવાળાઓને એવા નીતિ નિયમો અર્પણ કર્યા છે જેનું દૃષ્ટાંત કોઈ ધર્મમાં પણ નથી મળી શક્તું. ઈસ્લામ પ્રાકૃતિક ધર્મ છે, જે પ્રકૃતિના તકાઝાઓને દબાવતો નથી બલ્કે તે તકાઝાઓની પરિપૂર્ણતાના ઝરીયાઓની કશીય ઊથલ પાથલથી પાક એવી તા'બીર તથા માર્ગ રજુ કરે છે કે તેને અપનાવનાર સમાજ અવ્યવસ્થા તથા ગરબડોથી મેહફૂઝ રહીને રાહત તથા સુકૂન અને અમ્ન તથા સંતોષની જન્નત બની જાય છે. જેથી અલ્લાહ તઆલાના બંદાઓ અને તેના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઉમ્મતી તકલીફ, તંગી તથા ઝઘડા ફસાદની જાળમાં ફસાવાથી મેહફૂઝ રહી શકે અને તેમના જીવનનો કાફલો સમય તથા સંજોગો સાથે ખભેખભા મિલાવી ચાલીને નીત નવી શોધ તથા વૈજ્ઞાનિક પ્રગતિઓથી શરીઅતના વર્તુળમાં રહીને લાભ ઉઠાવી શકે. અને દુનિયાવાળાઓની નજરમાં બેઈજ્જત તથા તિરસ્કારની દૃષ્ટિએ નહીં બલ્કે એક પ્રભાવશાળી અને ઈજ્જત તથા માન મર્તબાથી ભરપૂર જિંદગી ગુજારી શકે. આ મહાન મકસદના લીધે ઈસ્લામી ફિકહમાં શરીઅતના હુકમોમાં સમય તથા સંજોગોના ફેરફારથી હુકમોમાં ફેરબદલીની ઝલકો જોવા મળે છે. જેના પર સહાબાના કાળથી લઈને આજ સુધી ઈસ્લામી ફિકહનો ઈતિહાસ સાક્ષી છે.

હવે અમે અમારા મુદ્દાને નીચેના લખાણમાં દલીલોથી શણગારીએ છીએ એને ધ્યાનપૂર્વક વાંચો અને અલ્લાહ તઆલાનો મહાન ઈર્શાદ : "અલ્લાહ તઆલા તમારા પર આસાની ચાહે છે અને તમારા પર મુસીબત નથી ચાહતો."ના ફયૂઝથી ફયૂઝવંત થઈએ.

## જુમ્આ તથા જમાઅતમાં સ્ત્રીઓની હાજરી વિશે સમય તથા સંજોગોનુસાર બદલતા હુકમો

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક જમાનામાં સ્ત્રીઓને જુમ્આ તથા જમાઅતમાં શરીક થવાની ઈજાઝત હતી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે જયારે કોઈની સ્ત્રી તેની પાસે મસ્જિદ જવાની ઈજાઝત માંગે તો તે હરગિઝ તેને ન રોકે. અને બીજી

જગાએ આ પ્રમાણે ઈર્શાદ ફર્માવ્યો કે, "અલ્લાહ તઆલાની બાંદીઓને અલ્લાહ તઆલાની મસ્જિદથી ન રોકો." *(બુખારી, મુસ્લિમ તથા અહમદ)*

પરંતુ ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના યુગમાં એમાં ખરાબીના અણસાર મેહસૂસ કર્યા તો ઔરતોને જમાઅતમાં હાજર થવાની મનાઈ કરી દીધી. ઈમામ અકમલુદીન قدس سرہ ફર્માવે છે, હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ સ્ત્રીઓને મસ્જિદ જવાથી રોકી દીધી તો તેણીઓએ હઝરત આઈશા رضی اللہ عنہا ની ખિદમતમાં શિકાયત કરી. આપે ફર્માવ્યું, જો નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم તે હાલતને જોતા જે હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ જોઈ રહ્યા છે તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સ્ત્રીઓને મસ્જિદ જવાની ઈજાઝત ન અતા કરત. *(ઈનાયહ્ લાઉડ સ્પીકર કા શરઈ હુકમ)*

તાબઈનના યુગમાં હનફી ફકીહો قُدِّسَتْ اَسْرَارُهُمْ ખાસ કરીને સિરાજુલ અઈમ્મા કાશિફુલ્ ગમ્મહ્ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા قدس سرہ એ ઘરડી સ્ત્રીઓને ઈશા તથા ફજરમાં મસ્જિદમાં હાજરીની ઈજાઝત આપી દીધી કે એ વખતે ફાસિકો તથા ફાજિરો ખાવા તથા સૂવામાં મશ્ગૂલ રહે છે જેથી ફસાદ (ખરાબ)ની શક્યતા તે પણ વૃધ્ધાઓ માટે ઓછી હતી.

હિદાયહના લેખક લખે છે કે :–

**(અર્થ)** : સ્ત્રીઓના માટે જમાઅતની હાજરી મના છે અને વૃધ્ધ સ્ત્રીઓએ ઈશા અને ફજરમાં નીકળવામાં કોઈ વાંધો નથી. (હિદયાહ્ અવ્વલીન, પેજ–૧૦૫) અને બાદમાં લોકોની હાલતો જ્યારે આપના યુગ કરતાં અધિક ખરાબ થઈ ગઈ કે તેમના ફિસ્કો ફુજૂરથી (ગુનાખોરીથી) કોઈ પણ સમય સલામત ન રહ્યો તો પાછલા ફકીહોએ કશાય અપવાદ વિના સર્વ સ્ત્રીઓના માટે તદ્દન દરેક નમાઝની હાજરીને હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના યુગની જેમ મના ફર્માવી દીધી. જૌહરા નૈયરામાં છે :–

**(અર્થ)** : આજના જમાનામાં સર્વ સ્ત્રીઓ (યુવાન તથા ઘરડી)ની હાજરી મકરૂહ છે, કેમ કે હવે ફિસ્કો ફુજૂર (ગુનાખોરી) આમ છે.

બહરુર્રાઈકના લેખકે મુતાખ્ખેરીન (પાછલા ફકીહો) પર જ્યારે આ એતરાઝ કર્યો કે તેમનો આ ફત્વો ઈમામે આ'ઝમ અને સાહિબૈન (ઈમામ મુહમ્મદ તથા ઈમામ યૂસુફ) સૌના મઝહબ (મૌકૂફ)થી વિરૂધ્ધ છે કેમ કે સાહિબૈને વૃધ્ધ સ્ત્રીઓના માટે મસ્જિદોની હાજરીને બિનશર્તી રીતે મુબાહ ઠરાવી છે અને ઈમામે આ'ઝમે ઝોહર, અસ્ર અને જુમ્આમાં ઈજાઝત આપી છે, તો તમામ સ્ત્રીઓને સર્વ સમયોમાં હાજરીથી રોકવું એ સૌની વિરૂધ્ધ થયું. જેથી ભરોસાપાત્ર તો ઈમામનો મઝહબ છે.

નહરુલ્ ફાઈકમાં અલ્લામા સાહબે બહરુર્રાઈકના આ નિવેદનને વિચારવા યોગ્ય ઠરાવતાં ફર્માવ્યું કે મુતાખ્ખેરીનનો આ મસ્લક ઈમામના કૌલથી જ માખૂઝ છે કેમ કે ઈમામે ઔરતોને એક ઈલ્લત (સબબ) એટલે દુરાચારીઓમાં વાસનામય વૃત્તિની હદથી અધિક્તાના સબબે એ કારણે મના કર્યું હતું કે આ ખુદાનો ડર ન રાખનારાઓ મગરિબના સમયમાં બહાર નથી રહેતા કેમ કે ખાવામાં મશ્ગૂલ હોય છે અને ફજર તથા ઈશાના સમયોમાં સૂતેલા હોય છે. પણ હવે દરેક સમયમાં ગુનાખોરીનો પ્રભાવ હોવાથી એ સમયોમાં પણ તેઓ ફેલાયેલા રહે છે, બલ્કે દુરાચારની તાકમાં લાગેલા રહે છે, જેમ કે આપણા સમયનો પણ એ જ હાલ છે, જેથી એ સમયોમાં પણ મનાઈનો હુકમ એથી વિશેષ દરજ્જે હોવો જોઈએ. *(શામી અજલ્લા અલ્ અઅ્લામ)*

મોહક્કિકે મસાઈલે જદીદ વ અદીદ હઝરત મુફ્તી નિઝામુદ્દીન રઝવી مدظلہ العالی આ દષ્ટાંતો પછી લખે છે : આ છે સમયના સંજાગોનો લેહાઝ ! કે એક જ મસ્અલામાં ત્રણવાર હુકમોમાં ફેરફારનો

મન્ઝર દુનિયાની નિગાહોએ જોયો. અને ફકીહે આ'ઝમ હઝરત અલ્લામા સદરુશ્શરીઅહ્ બદરુત્તરીકહ્ ફતાવા અમજદિયહ્, ભાગ–૩, પેજ–૧૬૦ ઉપર આ નઝારાઓને રજુ કર્યા બાદ લખે છે : પણ આ હકીકતમાં મુખાલિફત નથી બલ્કે અયન (તદન) હુઝૂર ﷺ ના મસકદના પ્રમાણે છે કે શરીઅતે મુતહ્હરાના નિયમોમાં રોકથામ ફિત્નો છે, જે એક ચીજ એક સમયે ફિત્નાનો સબબ ન હતી અને હવે ફિત્નાનો સબબ છે તો હવે તેનાથી રોકવામાં આવશે.

## જુમ્આમાં એક અઝાનનો વધારો

હઝરત અબૂબક્ર સિદ્દીક અને હઝરત ઉમર ફારૂ આ'ઝમના મુબારક દૌર સુધી જુમ્આની કેવળ એક અઝાન થતી હતી જે ઈમામના મિમ્બર પર બેઠા પછી થતી હતી. પછી ઝુન્નૂરૈન હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ ના જમાનામાં જ્યારે લોકોની સંખ્યા વધી અને ચુસ્તી બાકી ન રહી તો એક અઝાનનો વધારો કર્યો કે એના પહેલા થાય છે અને તે હજુ સુધી ચાલુ છે. *(બુખારી શરીફ, બાબુલ અઝાન યૌમે જુમ્આ)*

## નમાઝના એક મસ્અલામાં ફેરફાર

ઈમામે સહવનો સજદો કર્યો તો મસબૂકે પણ તેની ઈકતેદામાં સિજદો કરી લીધો પછી જાણ થઈ કે ઈમામથી કોઈ ભૂલ ન થઈ હતી તો મસબૂકની નમાઝ તૂટી ગયેલ ગણાશે કેમ કે ઈમામના સલામ ફેરવતાં જ તે મુનફરીદ થઈ ગયો હતો. અને મકામે ઈનફિરાદમાં મસબૂકનું ઈકતેદા કરવાના કારણે તેની નમાઝ ફાસિદ થઈ જશે. પહેલાં આ હુકમ હતો પરંતુ પાછલા ફકીહો હવે નમાઝ થઈ જવાનો ફેંસલો સંભળાવે છે કેમ કે કારીઓમાં શરઈ હુકમોથી અજાણતા ખૂબ પ્રવર્તેલી છે તો એવા સ્થાને નમાઝ તૂટી જવાનો હુકમ લોકોના માટે તકલીફનો સબબ થશે. જેમ કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

**(અર્થ)** : "અલ્લાહ તઆલા તમારા પર આસાની ચાહે છે અને તમારા પર મુશ્કેલી નથી ચાહતા" હઝરત અલ્લામા શામી લખે છે ઈશ્બાહ નમાઝ તોડનાર છે.

(ઈશ્બાઅ્ એટલે ઝેર, ઝબર, પેશને એ રીતે ખેંચવું કે ઝેરથી **યે** ઝબરથી **અલિફ** અને પેશથી **વાવ**નો અવાજ પેદા થાય) અને ફૈઝમાં એક કથન એ વર્ણન કર્યું કે મસબૂકની નમાઝ ફાસિદ થશે નહીં, અને એના પર જ ફત્વો આપવામાં આવ્યો છે. બહર્રુરાઈકમાં ઝહીરિય્હના હવાલાથી છે, ફકીહ અબુલ લૈસ કુદસસિર્રહુએ ફર્માવ્યું કે આપણા જમાનામાં નમાઝ ફાસિદ થશે નહીં કે એટલા માટે કે કારીઓમાં નમાઝના હુકમોથી ખૂબ અજ્ઞાનતા છે અને અલ્લાહ તઆલા સારી પેઠે જાણે છે.

## મસ્જિદની વસ્તુઓમાં ફેરફાર

કોઈ મસ્જિદની વસ્તુઓ ભલે તે તેની જરૂરત કરતાં ફાજલ હોય એને બીજી મસ્જિદમાં માલિક બનાવીને આપવી બલ્કે ભાડાના રૂપે પણ લઈ જવી જાઈઝ નથી જેમ કે ફતાવા આલમગીરીમાં છે. મસ્જિદના વ્યવસ્થાપકે ફર્શ દા.ત. ચટાઈ, દરી વગેરે નમાઝ પઢવાના માટે ખરીદવી જાઈઝ છે અને બીજી મસ્જિદોને તે ચીજોને ઉછીની આપવી જાઈઝ નથી. એટલે સુધી કે મસ્જિદ વિરાન થઈ ચૂકી હોય તો પણ અસલ મઝહબ એ છે કે તેના સામાનને બીજી મસ્જિદોમાં તબદીલ નથી કરી શક્તા. પણ બાદમાં ફકીહોએ જ્યારે પોતાના સમયના બદલાતા સંજોગોનો અભ્યાસ કર્યો કે લોકોમાં ખુદાનો ડર પહેલાં કરતાં ઉઠી રહ્યો છે અને તેઓ અમાનત તથા દિયાનતની વિરૂધ્ધ કોઈ કામ કરી નાખવામાં કોઈ પ્રકારની કોઈ શરમ કે ડર અનુભવતા નથી, જેથી તેમણે અસ્લ મઝહબની ખિલાફ એવી મસ્જિદની સાધન સામગ્રીને બીજી મસ્જિદમાં તબદીલ કરવાની ઈજાઝત આપી દીધી છે. જેમ કે ફકીહ ફકીહુલ્ મિષાલ હઝરત ઈમામ અહમદ રઝા ખાં قدس سرہ

ફર્માવે છે : જે મસ્જિદ વિરાન થઈ ચૂકી હોય તેને આબાદ કરવાનો કોઈ અવકાશ ન હોય અને તેની ચીજોની રક્ષા ન થઈ શકે તો હવે ફત્વો એના પર છે કે તેની કડી, તખ્તા વગેરે બીજી મસ્જિદમાં આપી શકાય છે. *(રિસાલા અજલ્લુલ અઅ્લમ)*

## તા'લીમ, ઈમામત તથા અઝાન પર મહેનતાણુ લેવા વિશે

હઝરત અલ્લામા સદરુશ્શરીઅહ બદરુત્તરીકહ્ ફતાવા અમજદિયહ્ની ચોથી જિલ્દમાં લખે છે : "એ જ પ્રમાણે ઈલ્મે દીન તથા ઈમામત તથા અઝાન માટે મહેનતાણુ લેવું આપવું મના તથા હરામ હતું. હદીષમાં ઈર્શાદ થયો, મોઅઝ્ઝિન એવો નિયુક્ત કરો જે અઝાન માટે મહેનતાણુ ન લે. *(અબૂ દાઊદ વ નિસાઈ)* અને હદીષમાં છે : કુર્આન પઢો અને તેનો બદલો ન ખાવ. હિદાયહ્માં છે કે અઝાન, હજ્જ એ જ પ્રમાણે ઈમાન અને કુર્આન તથા ફિકહની તા'લીમ પર મહેનતાણુ હાંસલ કરવું જાઈઝ નથી. પણ જ્યારે પાછલા (મુતાખ્ખેરીન) ફકીહોએ જોયું કે ઈલ્મે દીન નષ્ટ થઈ જશે, નમાઝ તથા જમાઅતમાં કમી આવી જશે જેથી જાઈઝ હોવાનો ફત્વો આપ્યો. હિદાયહ્, ભાગ–૩, પેજ–૩૦૩, બાબ ઈજારા ફાસિદામાં છે : આજકાલ આપણા કેટલાક મશાઈખે કુર્આનની તા'લીમ પર મહેનતાણુ લેવું જાઈઝ ઠરાવી દીધું છે, કેમ કે લોકોમાં દીની બાબતોના બારામાં સુસ્તી પેદા થઈ ગઈ છે જેથી જાઈઝ ન હોવાના હુકમમાં કુર્આનના હિફ્ઝને બેકાર ન થવા દેવું. અને એના પર જ ફત્વો છે. અને દુર્રે મુખ્તાર, ભાગ–૫, પેજ–૩૮ કિતાબુલ્ ઈજારામાં અઝાન, હજ્જ, ઈમામત, કુર્આન તથા ફિકહની તા'લીમ પર મહેનતાણુ લેવાને માટે જાઈઝનો ઉલ્લેખ છે.

## મસ્જિદોને શણગાર તથા કંગુરા બનાવવાનું જાઈઝ હોવાનો હુકમ

એ જ પ્રમાણે મસ્જિદોની સજાવટ–શણગાર તથા તેની દિવાલો પર સોના ચાંદીનું નક્શીકામ કે જે આગલા જમાનામાં ન હતું, બલ્કે હદીષ શરીફમાં ઈર્શાદ ફર્માવ્યો : "તમે મસ્જિદોને શણગાર કરશો જેવી રીતે યહૂદ તથા નસારાએ શણગાર કર્યો છે." (અબૂ દાઊદ) પણ હવે દિલોની તે હાલત ન રહી. જાહેરી ટીપટોપથી પ્રભાવ ઉભો થાય છે જેથી ઉલમાએ જાઈઝ હોવાનો હુકમ આપ્યો. જેમ કે તબયીનમાં છે : કલાઈ તથા સોનાના પાણી વડે મસ્જિદને નક્શીકામ કરવું મકરૂહ નથી. એ જ પ્રમાણે મસ્જિદોના માટે કંગુરા બનાવવા પ્રારંભિક યુગમાં ન હતું બલ્કે હદીષ શરીફમાં ઈર્શાદ થયો મસ્જિદ મીનાર, ઘુંમટ વિનાની બનાવો, તેમાં કંગુરા ન રાખો છતાં મુસલમાનોમાં રીવાજ છે. જેને મુસલમાનો સારું સમજે તે અલ્લાહ તઆલાની નજીક સારું છે.

## હુકમોના ફેરફાર સંબંધે છ (૬) સબબો

ફકીહ ફકીદુલ મિષાલ હઝરત ઈમામ અહમદ રઝા قدس سرہ હુકમોની તબદીલીના સબબો પર પ્રકાશ વેરતાં ફર્માવે છે કે, છ વાતો છે જેના સબબે ઈમામનો કૌલ બદલાય જાય છે જેથી જાહેરી કૌલની વિરૂધ્ધ અમલ થાય છે. તે છ વાતો આ મુજબ છે :

૧. **જરૂરત** : જેમ કે એ હુકમ કે શરાબ પીવી હરામ છે પરંતુ તરસની બેકરારીમાં જાન બચાવવાની જરૂરત પૂરતી પી લેવાની ઈજાઝત છે, તો પહેલો હુકમ બદલાય ગયો. તો જે લાચાર હોય તે ઉપયોગ કરે, એવું નહીં કે ઈચ્છાપૂર્વક ખાય (પીએ) અને એવું પણ નહીં કે જરૂરતથી આગળ વધે, (જાન બચાવવાની

જરૂરત કરતાં વધુ પ્રમાણમાં ન લે) તો એના પર ગુનોહ નથી. અલ્લાહ તઆલા બેશક ! બખ્શનારો મહેરબાન છે.

૨. **તકલીફ દૂર કરવા** : જેમ કે નમાઝમાં એઅ્રાફની એવી ગલતી કે જેનાથી અર્થ ફાસિદ થઈ (બદલાઈ) જાય એ નમાઝને ફાસિદ (તોડી) કરી દે છે, પરંતુ મુતાખ્ખેરીન (પાછલા ફકીહોએ) આમ જેહાલતના લીધે જાઈઝ હોવાનો હુકમ આપ્યો કે લાખો માણસોની નમાઝ ફાસિદ કરવું મુશ્કેલીમાં નાખવું છે.

૩. **ઉર્ફ તથા રિવાજ** : જેમ કે ઝમાને બરકત નિશાન હુઝૂર ﷺ માં મસ્જિદોમાં જોડા પહેરીને જવું અદબની વિરૂધ્ધ સમજવામાં આવતુ ન હતું. પરંતુ આજકાલ એ વાત અહીં અદબની વિરૂધ્ધ છે, કેમ કે અદબનો પાયો ઉર્ફ તથા રિવાજ પર છે. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૩)*

૪. **તઆમુલ** : અસલ મઝહબ એ છે કે વર્ણન થયેલ ચીજોને વકફ કરવું દુરુસ્ત નથી પરંતુ લોકોના તઆમુલના કારણે ખેતિના સાધનોનું વકફ કરવું સહીહ છે. *(ફતાવા રઝવિય્યહ્)*

૫. **દીની જરૂરી મસ્લેહતની પ્રાપ્તિ** : જેમ કે ઈબાદત તથા તાલીમે દીન માટે ઈજારો મુતકદ્દેમીનને ત્યાં હરામ હતો, પરંતુ દીનના પ્રચાર તથા ઈસ્લામી નિશાનીઓની રક્ષાની મસ્લેહતથી મુતાખ્ખેરીને તેને જાઈઝ ઠરાવી દીધું.

૬. **કોઈ શંકાસ્પદ ખરાબી ગુમાનની ખાત્રી સાથે હોય તેનો ઉકેલ** : જેમ કે સ્ત્રીઓના માટે જમાઅતમાં શરીક થવું જાઈઝ હતું પરંતુ હવે ફસાદના નુકસાનને દૂર કરવા માટે મના છે.

## એક શંકાનું નિવારણ

અહીં એક શંકા પેદા થાય છે કે હઝરત ઉમર رضی اللہ عنہ અથવા હનફી ઈમામો قُدِّسَتْ اَسْرَارُهُمْ એ હુઝૂર ﷺ ની મસ્જિદે હાજર થવાની ઈજાઝતને મના કરવાની હિંમત કેવી રીતે કરી ? અથવા જાહેરી રિવાયતની વિરૂધ્ધ અને અસલ મઝહબથી વિમુખ થવાનો મુતાખ્ખેરીન (પાછલા) ફકીહોએ હોંસલો કેવી રીતે કર્યો ? શું આ હુઝૂર ﷺ ની નાફર્માની તથા ઈમામે આ'ઝમ قدس سرہ ની તકલીદથી ફરી જવું ન થયું ?

**જવાબ** : હઝરત ઈમામ અહમદ રઝા قدس سرہ તેના જવાબમાં લખે છે : નબી કરીમ ﷺ તથા મઝહબોના ઈમામોનાં કથનો બે પ્રકારનાં છે : (૧) **સૂરી** (૨) **જરૂરી**. સૂરી તો નકલ થયેલ કૌલ છે અને જરૂરી તે કૌલ છે જેની સ્પષ્ટતા કાઈલ (કહેનારે) ખાસ તૌર પર ન કરી હોય. અલ્બત્ત આવા ઉમુમ (સામાન્ય કેસ)ના હેઠળ એને વર્ણન કરી આપ્યું હોય જેમાં જાહેરી રીતે એ વાતનો હુકમ લગાડે કે જો કાઈલ (કહેનાર) આ ખાસ મસ્અલામાં કલામ કરત તો જરૂર આવું જ ફર્માવત. અને ઘણીવાર **ઝરૂરી** હુકમ **સૂરી** હુકમની વિરૂધ્ધ હોય છે તો એ વખતે એના પર **ઝરૂરી** હુકમને અગ્રતા આપવામાં આવે છે. એટલે સુધી કે **સૂરી**ને અપનાવવાનું કહેનારની મુખાલિફત ગણવામાં આવે છે. અને એનાથી **ઝરૂરી** હુકમની પ્રતિ વિમુખતા એ કાઈલની મુવાફેકત તથા પયરવી છે. દા.ત. જેમ કે ઝયદ એક નેક માણસ હતો જેથી અમ્રએ પોતાના ખાદિમોને સાફ શબ્દોમાં તેની તા'ઝીમનો હુકમ આપ્યો અને વારંવાર તેમને એ વાતની હિદાયત કરી. અને તે પહેલાં એ પણ કહી ચૂક્યો હતો કે તમે લોકો હમેશાં ફાસિકની તા'ઝીમથી બચતા રહેજો. પછી એક અરસા પછી ઝયદ ફાસિકે મુઅલિન થઈ ગયો તો હવે હજી પણ અમ્રના ખાદિમો તેના હુકમ તથા તેની વારંવારની તાકીદ પર અમલ કરતા રહીને ઝયદની તા'ઝીમ તથા તૌકીર કરે તો જરૂર નાફર્માન ઠરશે, અને જો તેની તા'ઝીમ ત્યજી દે તો ફર્માંબરદાર ગણાશે.

મઝહબોના ઈમામોના કથનોમાં પણ ઉપરોક્ત બદલાતા સબબોમાંથી કોઈ સબબના કારણે આ તબદીલી થઈ જાય છે તેથી કોઈ મસ્અલામાં ઈમામથી કોઈ નસ (દલીલ) હોય પછી આ બદલાતા સબબોમાંથી કોઈ સબબ પેદા થઈ જાય તો આપણે યકીની તૌર પર એ'તેકાદ રાખીશું કે જો આ સબબ ઈમામના સમયમાં ઉપસ્થિત થયો હોત તો જરૂર તેમનું કથન તેના તકાઝા પ્રમાણે હોત, તેની વિરૂધ્ધ કે તેના રદમાં ન હોત. તો એવા સમયે તેમનાથી ગૈર મન્કૂલ (નકલ ન થયેલ) કૌલ પર અમલ એ હકીકતમાં તેમના જ કૌલ પર અમલ છે અને તેમના નકલ થયેલા કૌલ પર જામેલા રહેવું એ હકીકતમાં તેમની મુખાલિફત અને તેમના મઝહબથી અજ્ઞાનતા છે. *(ફતાવા રઝવિય્યહ્)*

ઉપરોક્ત શંકાના જવાબ પર હઝરત અલ્લામા સદરુશ્શરીઅહ عليه الرحمة والرضوان ના આ મહાન ઈર્શાદથી પણ રોશની પડે છે, આપ લખે છે : ''પણ હકીકત આ સર્વ સૂરતો (સ્થિતિઓ) હુકમોની તબદીલી નથી બલ્કે اَلضَّرُوْرَاتُ تُوْبِيْحُ الْمَحْزُوْرَاتِ જરૂરતો મના ચીજોને મુબાહ કરી દે છે. يَااِذَا الْبَتْلٰى بِبَلِيَّتَيْنِ فَلْيُخْتِرِ اَهْوَنَهُمَا નો લેહાઝ કે જયારે કોઈ બે બલાઓમાં સપડાય જાય તો બેમાંથી આસાનને અપનાવી લે, એવી બાબતો પ્રતિ નિમંત્રણ થાય છે. અથવા સમયનો મતભેદ અને મુસલમાનોની મસ્લેહતો તેનું પ્રતિનિધિત્વ કરે છે કે આ હાલત પાછલા સમયોમાં જોવા મળત તો એ સમયે પણ એ જ હુકમ થાત જે અત્યારે છે. અને આગલાઓ પણ એના પર ફત્વો આપત જેના પર પાછલાઓએ આપ્યો. *(ફતાવા અમજદિયહ્, ભાગ-૩, પેજ-૧૬૪)*

પ્રિય વાંચકો ! શરીઅતના હુકમોમાં સમયો તથા સંજોગોનો લેહાઝ કરવા વિશેમાં હઝરત અલ્લામા સૈયદ અહમદ તહતાવીનું આ વાક્ય قَالُوا الْاَحْكَامُ تَخْتَلِفُ بِاِخْتِلَافِ الزَّمَانِ ઘણો પ્રકાશ વેરે છે :- **(તર્જુમો)** ''હુકમો સમયની વિવિધતા પ્રમાણે વિવિધ થતા રહે છે.'' એ જ પ્રમાણે જવાહિરે અખ્લાતીમાં છે :-

وَكَمْ مِنْ شَيْءٍ يَخْتَلِفُ بِاخْتِلَافِ الزَّمَانِ والمكان

કે, ''ઘણા બધા હુકમો સમય તથા સ્થળની વિવિધતાથી વિવિધ થતા રહે છે.'' પ્રિય વાંચકો ! આ હુકમોમાં ફેરફાર શરઈ હેતુઓસર હોય છે, કેમ કે શરીઅત નમ્રતા, નરમી તથા સહૂલત પસંદ કરે છે, ન કે મઆઝલ્લાહુ તઆલા સખ્તી તથા કઠણાઈ. એટલા માટે ઉલમા તથા ફકીહોએ જ્યાં એવી મુશ્કેલીઓ અનુભવી ત્યાં દરેક દૌર તથા જમાનામાં તે જ રિવાયતો પ્રતિ વળ્યા જેના કારણે મુસલમાન કઠણાઈથી બચે.

જેથી અંતમાં અમે ગુઝારિશ કરીએ છીએ કે જો આજે આલિમો તથા ફકીહો ઈસ્લામની ખૌફે ખુદા રાખનારી જમાઅત જો કોઈ મસ્અલામાં પોતાના પૂર્વજ (આગલા, મુતકદ્દેમીન) ફકીહોથી દીની મસ્લેહત ખાતર અથવા કઠણાઈ દૂર કરવા તથા ઉર્ફ અને તઆમુલ વગેરે બાબતોના કારણે કોઈ મસ્અલામાં મતભેદ કરે તો એ ગુસ્તાખી બેઅદબી ન થશે બલ્કે અયન તે મુતકદ્દેમીનના મકસદના મુજબ છે. અને આ અમલ તેમની રવિશના વિરૂધ્ધ નથી બલ્કે તેમના જ કૌલે **સૂરી**ને છોડીને કૌલે **ઝરૂરી**નું પાલન છે જે એક મુસ્તહસન અમલ છે. એનાથી અર્વાચીન મસાઈલને હલ કરવા અને મુસલમાનોની દીની તથા દુનિયવી જરૂરતોને શરીઅતના વર્તુળમાં રહી પૂર્ણ કરવામાં મદદ મળે છે. જેથી **આપણે ફુરૂઈ (શાખાકિય) મસાઈલમાં મતભેદના કારણે એકબીજાની ધૃણા તથા બેઈજ્જતી કરવાને બદલે** કબૂલવા ન કબૂલવા બાબતે **વ્યક્તિઓને નહીં પણ દલીલોની મજબૂતી તથા કમજોરીને આધાર બનાવવો જોઈએ જેથી મુસ્લિમ ઉમ્મતમાં એકતા તથા ઈત્તેહાદ યથાવત રહી શકે.** અલ્લાહ તઆલા આપણને હિદાયત અતા ફર્માવે. આમીન. *(સંપૂર્ણ)*

# શું ઈસ્લામ તલ્વારના જોરથી ફેલાયો ?!

-कार्यालय

કેટલાક ઈસ્લામના વિરોધીઓએ વર્તમાન માહોલમાં એવો પ્રોપેગન્ડો (કુપ્રચાર) કર્યો છે કે ''જેહાદ''ના સિદ્ધાંતને લીધે જ મુસલમાન આતંકવાદી બનીને દેશમાં ઠેરઠેર આંતક ફેલાવી રહ્યો છે. જેહાદને એક અજીબ સ્વરૂપમાં રજૂ કરીને એ આક્ષેપ તેમણે મુસલમાનો પર લગાડયો છે કે પ્રારંભના યુગમાં પણ મુસલમાન સ્વભાવે લૂટમાર અને લડાઈ ઝઘડાના શોખિન હતા. દરેક વખતે ઉઘાડી તલ્વારો લઈને શાંત વસ્તીઓને બર્બાદ કરવા તથા લૂટમાર કરવાના માટે આવી ચડતા હતા. તેઓ જબરદસ્તી લોકોને પોતાના ધર્મમાં દાખલ કર્યા કરતા હતા.

પરંતુ તેમણે એ વાત પર વિચાર કરવો જોઈએ કે કહેવા ચાહે તો માણસ ગમે તેવું બકી કાઢે અને લખવા ચાહે તો ગમે તેમ ચિતરી કાઢે પણ હકીકત નથી બદલાઈ શક્તી, પ્રસંગો ભૂંસાઈ નથી જતા. જેમ કે કુર્આન શરીફની આયતો અને ઈતિહાસનાં પાનાંઓને ઉલ્ટાવીને જુઓ તો એ વાત માલૂમ થઈ જશે કે આ આયતો તથા પ્રસંગો તેમની સર્વ મનઘડત કહાનીઓને રદિયો આપવા માટે પૂરતી છે.

કોઈ પણ કૌમ જો શક્તિના નશામાં ચૂર હોય અને તેની પાસે સાધન સામગ્રી વગેરે માધ્યમોની અધિક્તા હોય, તેનો સામો પક્ષ પણ કમજોર હોય અને ધર્મ કે સંસ્કૃતિનું કોઈ બંધારણ પણ તેને રોકનાર ન હોય તો માની શકાય છે કે મુસલમાન જંગનું એલાન કરી દે જેથી કમજોર દુશ્મનને નેસ્તોનાબૂદ કરીને પોતાની સત્તાને વિસ્તારે, પોતાના સેવકોમાં ઉમેરો કરે અને તેમની દૌલત તથા સંપત્તિને હડપ કરી જાય. **પરંતુ ઈતિહાસ આપણને એક પણ એવું દષ્ટાંત નથી બતાવી શક્તો કે કોઈ કમજોર અને સંખ્યામાં ઓછી અને શસ્ત્ર સરંજામથી વંચિત કૌમે શોખને ખાતર પોતાનાથી શક્તિશાળી, અધિક સંખ્યાવાળી અને દરેક પ્રકારના શસ્ત્રોથી સજ્જ કૌમને જંગને માટે લલકારી હોય.**

તો હવે જાતે જ ફૈસલો કરો કે આ ઈસ્લામના વિરોધીઓ તથા મુસલમાનોના દુશ્મનોનો એ ખયાલ ક્યાં સુધી દુરુસ્ત છે કે લડાઈ એ મુસલમાનોનો ધંધો છે અને ઈસ્લામ તલ્વારના જોરથી ફેલાયો !

અમે તેમને એવું પૂછવા ચાહીએ છીએ કે શું મુસલમાનોએ આ સંજોગોમાં પહેલ કરી ? હરગિઝ નહીં ! તમે કુર્આને કરીમની આયત :–

كتب عليكم القتال وهو كره لكم *(સૂ. બકરહ, આ. ૨૧૬)*ના શબ્દો પર વિચાર કરો وهو كره لكم કે તમારા પર જેહાદ ફર્ઝ કરવામાં આવ્યો ''જો કે એ તમને નાપસંદ છે.'' જો મુસલમાન પ્રાકૃતિક રૂપે લડવૈયા હોત અને તેમનો ધર્મ જો તેમને લૂટમારનો સબક આપત તો શું તેઓ જંગને નાપસંદ કરત ?! બલ્કે તેઓ તો બહાનાં તલાશ કરત કે કોઈ મોકો હાથ આવે જેથી લૂટમાર તથા મારધાડની તમન્ના પૂરી થઈ શકે.

સાંભળો ! હિજરતથી પહેલાં મુસલમાનોને જંગ તથા લડાઈની સદંતર મનાઈ હતી અને અલ્લાહના તરફથી મુસલમાનોને એ હુકમ હતો કે તેઓ કાફિરો તથા મુશ્રિકોની તકલીફો પર સબ્ર કરે. જેના માટે કુર્આન મુકદ્દસની નીચે મુજબની આયતોએ દલીલ કરી છે :–

واصبر على ما يقولون واهجرهم هجراً جميلا۔
وذرني والمكذبين اولى النعمة ومهلهم قليلا۔

**તર્જુમો** : અને કાફિરો જે કાંઈ કહે છે એના પર સબ્ર કરો અને તેમને સારી રીતથી છોડી દો અને જૂઠાડનારા માલદારોને મારા પર છોડી દો અને તેમને થોડી સરખી મહોલત આપો."*(સૂ. મુઝ્ઝમ્મિલ, આ. ૧૦, ૧૧)*

فاعف عنهم واصفح- **તર્જુમો** : "તમે તેમને માફ કરી દો અને તેમનાથી દરગુઝર કરો."*(સૂ. માઈદહ્, આ. ૧૩)*

فذكر انما أنت مذكر- لست عليهم بمصيطر-

**તર્જુમો** : "તો તમે નસીહત કરો, તમે કેવળ નસીહત કરનારા છો, તમે તેમને બળપૂર્વક મનાવવાવાળા નથી."*(સૂ. ગાશિયહ્, આ. ૨૧, ૨૨)*

જાણે કે આ આયતોમાં કાફિરોની તકલીફો પર આકાએ કાઈનાત ﷺ ને સબ્ર કરવા અને દરગુઝર કરવાનો હુકમ આપવામાં આવ્યો છે.

જયારે આકાએ મદીના ﷺ મક્કા મુકર્રમાથી હિજરત કરીને મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા તો કાફિરો તથા મુશ્રિકો એનાથી પણ ન અટક્યા. અને રોજ રોજ તેમના તરફથી જંગનાં એલાનો થતાં અને જાત જાતની ધમકી મળતી. જ્યારે કાફિરોનો આ જુલ્મ હદથી પાર નીકળી ગયો ત્યાર પછી મુસલમાનોને પણ એ કાફિરો તથા મુશ્રિકોની સામે તલવાર ઉઠાવવાની ઈજાઝત આપવામાં આવી.

જેમ કે ઈર્શાદે રબ્બાની થયો :–

وقاتلوافى سبيل الله الذين يقاتلونكم ولاتعتدوا ط ان الله لا يحب المعتد ين-

**તર્જુમો** : અને અલ્લાહની રાહમાં લડો તેમની સાથે જેઓ તમારી સાથે લડે છે અને હદથી ન વધો કેમ કે અલ્લાહ પસંદ નથી કરતો હદથી વધનારને." *(સૂ. બકરહ, આ. ૧૯૦)*

اُذن للذين يقاتلو ن بانهم ظلموا ط

**તર્જુમો** : "જે (મુસલમાનો)ની સાથે નાહક લડાઈ કરવામાં આવે છે તેમને (જેહાદની) ઈજાઝત આપી દેવામાં આવી, કેમ કે તેમના પર જુલ્મ કરવામાં આવ્યો છે." *(સૂ. હજ્જ, આ. ૩૯)*

હવે જરા નિષ્પક્ષ બની ઠંડા દિમાગથી તમે આ પવિત્ર આયતોના વિષયે વિચારણા કરો તો એ હકીકત તમારા સમક્ષ સારી રીતે ઉઘડી જશે કે લડાઈમાં પહેલ મુસલમાનો તરફથી નથી થઈ બલ્કે કાફિરોની તરફથી થઈ હતી, ત્યારે જ તો આ આયતોમાં તે મઝલૂમ (જુલ્મપીડિત) તથા તકલીફો પામેલા મુસલમાનોને તાકાતનો જવાબ તાકાતથી આપવાની પરવાનગી આપવામાં આવી રહી છે. જેઓના ઉપર સતત બાર તેર વર્ષો સુધી જુલ્મના પહાડો તોડવામાં આવ્યા છતાં સબ્ર તથા સંયમનાં આ પૂતળાંઓ ખામોશીપૂર્વક તેને સહન કરતાં રહ્યાં. પછી જ્યારે કાફિરોનો જુલ્મ હદથી વધી ગયો તો તેમના જુલ્મ તથા ફસાદનાં મૂળ કાપવા માટે અને તેમના કુફ્રની સરકશીનું જોર તોડવાના માટે મુસલમાનોને પણ તેમની સાથે લડવાની ઈજાઝત આપવામાં આવી.

જેહાદને આધાર બનાવીને જે લોકો ઈસ્લામ પર મહેણા ટોણા કરે છે કે દુનિયામાં ઈસ્લામ તલ્વારના જોરે ફેલાયો તેમણે ઉપરોક્ત દર્શાવેલ આયતોના વિષય પર ઈન્સાફથી વિચાર કરવો જોઈએ કે હિજરતથી પહેલાં તો મુસલમાનોને સદંતર લડવાની ઈજાઝત જ ન હતી. મક્કામાં મુસ્લિમોનું એ સિવાય અન્ય કામ જ શું હતું કે તેઓ કાફિરોના હાથે મારા ખાતા રહે, ઝખ્મ પર ઝખ્મ સહન કરતા રહે, કત્લ થતા રહે અને સબ્ર કરતા રહે. જ્યારે કાફિરોનો જુલ્મ હદથી વધી ગયો ત્યારે મુસલમાનોને પણ તલ્વાર ઉઠાવવાની ઈજાઝત આપવામાં આવી.

તેમજ ઉપરોક્ત આયત :–

اُذن للذين يقاتلو ن بانهم ظلموا ط ના શાને નુઝૂલમાં સદરુલ્ અફાઝિલ હઝરત અલ્લામા મૌલાના નઈમુદીનસાહબ મુરાદાબાદી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :–

"મક્કાના કાફિરો હુઝૂરે અન્વર ﷺ ના સહાબીઓને દિન પ્રતિ દિન હાથ તથા જીભ વડે સખ્ત ઈજાઓ આપતા હતા અને તકલીફો પહોંચાડતા રહેતા હતા અને સહાબીઓ હુઝૂર ﷺ ની પાસે એ હાલમાં પહોંચતા હતા કે કોઈનું માથુ ફાટેલું છે તો કોઈનો હાથ તૂટેલો છે તો કોઈનો પગ બંધાયેલો છે. રોજ રોજ આવી ફરિયાદો બારગાહે અકદસ ﷺ માં પહોંચતી હતી અને સહાબાએ કિરામ કાફિરોના જુલ્મોની હુઝૂર ﷺ ના દરબારમાં ફરિયાદ કરતા, તો હુઝૂર ﷺ એવું ફર્માવી દેતા કે સબ્ર કરો ! મને હજી જેહાદનો હુકમ આપવામાં નથી આવ્યો. જ્યારે હુઝૂર ﷺ એ મદીના તયબહ હિજરત ફર્માવી ત્યારે આ આયત નાઝિલ થઈ અને આ તે પ્રથમ આયત છે જેમાં કાફિરો સાથે જંગ કરવાની રજા આપવામાં આવી." *(તફસીરે ખઝાઈનુલ્ ઈર્ફાન, પારા–૧૭, સૂ. હજ્જ, આ. ૩૯)*

તો હવે અહીં એ સવાલ ઉઠે છે કે ઈસ્લામ જો તલ્વારના જોરથી ફેલાયો તો જણાવવામાં આવે કે તે સેંકડો મુસલમાન જેઓ તદન મઝલૂમી (જુલ્મથી પીડિત) હાલમાં મક્કાથી હિજરત કરી મદીના મુનવ્વરા ગયા હતા (જેમને મુહાજિરીનના લકબથી ઓળખવામાં આવે છે) તેમણે કોની તલ્વારના ડરથી ઈસ્લામ સ્વીકાર્યો હતો ? જ્યારે કે તલ્વાર તો મક્કાના કાફિરોના હાથમાં હતી ! મુસલમાનોના હાથમાં તલ્વાર હતી જ ક્યાં ? કે તલ્વારના ભયથી કોઈ ઈસ્લામ સ્વીકાર કરતું.

એટલા માટે ઈતિહાસનો એ ફેંસલો સૌએ સ્વીકારવો પડશે કે ઈસ્લામ તલ્વારના જોરથી નહીં બલ્કે પોતાની હક્કાનિયત, પોતાની પાકીઝા તા'લીમાત, પોતાના ઉસૂલોની ઉચ્ચતા, પોતાના પયગંબરની રૂહાની તથા અખ્લાકી શક્તિ અને કુર્આન મજીદની મો'જિઝામય આયતોના આકર્ષણથી ફેલાયો. જેનાં દૃષ્ટાંતો આજે પણ આપણને જોવા મળે છે.

જેમ કે હાલમાં તાલિબાનની કેદથી છૂટકારો પામ્યા બાદ ૪૨ વર્ષીય મશહૂર બ્રિટનની પત્રકાર "રેડલી"એ ઈસ્લામ કબૂલ કર્યો. જે મશ્હૂર અંગ્રેજ દૈનિક સન્ડે એક્સપ્રેસની પત્રકાર છે. ઈસ્લામ કબૂલ કરવાનું એક કારણ તેણીએ જણાવ્યું કે જ્યારે મને કેદખાનાથી મુક્ત કરીને બહાર લાવવામાં આવી ત્યારે એક તાલિબાની સ્વંયસેવકે આગળ વધીને મને એક ચાદર આપી. મેં તુરત જ એ ચાદરને મારા માથા પર ઓઢીને મારા શરીર સાથે લપેટી દીધી. મેં જોયું કે આ દશ્યને જોઈને તે તાલિબાની સ્વંયસેવકની આંખોમાં ખુશીનાં આંસૂ તરવા લાગ્યાં અને તેની જીભેથી આ શબ્દો સરી પડયા કે, "આ એક નાના ભાઈની તરફથી આપેલી ચાદર છે તેનો લેહાઝ કરજો !"

આજે હું કુર્આનના સિવાય બીજી જે ચીજને સૌથી અધિક મહોબ્બત તથા તા'ઝીમથી મારી પાસે રાખું છું તે નાના ભાઈની ઓઢાડેલી આ ચાદર છે. *(નઈ દુન્યા, અઠવાડિક, ભાગ–૩૧, અંક–૧૫, તા. ૬ થી ૧૨ ઓક્ટો.–૦૨, પેજ–૬)*

રેડલીના ઈસ્લામ સ્વીકારનું એક મહત્વનું કારણ એ હતું કે કેદથી મુક્તિ પછી રેડલીએ લંડન પહોંચીને કુર્આન મજીદનો અભ્યાસ શરૂ કરી દીધો. રેડલી કહે છે કે મેં કુર્આનનો અભ્યાસ એક જ્ઞાન મેળવવાની આદત મુજબ શરૂ કર્યો હતો પરંતુ દરેક પેજના અભ્યાસ પછી મેં મારી અંદર એક ગૈર ઈખ્તિયારી તબદીલી થતી અનુભવી. ઈસ્લામના બારામાં ઘણુ બધું જાણવાની તરસ વધતી ચાલી ગઈ. પછી મેં દરરોજ કોઈ ન કોઈ ઈસ્લામી સ્કોલર સાથે કોન્ટેકટ કરીને મારા દિમાગમાં ઉઠતા સવાલોના જવાબ શોધવાનું શરૂ કર્યું.

રેડલીનું કહેવું છે કે **જે ઈસ્લામે સ્ત્રીઓને કોઈ પણ અન્ય કાનૂન કરતાં અધિક ઈજ્જત અને હક્કો આપી રાખ્યા છે તે ઈસ્લામથી**

**મને ઈશ્ક થઈ ગયો** જેમાં બંદા અને ખુદાની વચ્ચે કોઈ માધ્યમ નથી હોતુ અને દરેક બંદો જ્યારે ચાહે પોતાના ખાલિક સાથે પોતાનો સંબંધ જોડી શકે છે.

તેમજ રેડલીનું બયાન છે કે, "મારા પર તે મુસલમાનોએ કદી પણ ઈસ્લામ કબૂલ કરવાના માટે કોઈ દબાવ નથી નાખ્યો જેમનાથી હું ઈસ્લામને સમજવા દરમ્યાન મુલાકાત કરતી હતી. એટલે સુધી કે તાલિબાની યોદ્ધાઓએ પણ મારા પર ઈસ્લામ કબૂલ કરવાના માટે કોઈ શરત લાગુ કરી ન હતી. જ્યારે કે હું કેદમાં હતી અને જેમના દેશમાં કાનૂની દસ્તાવેજ વિના છુપી રીતે પ્રવેશી જઈને મેં કાનૂની જુર્મ કર્યો હતો. *(હવાલો ઉપર મુજબ)*

તો હવે તમે જ જણાવો કે રેડલીએ કોની તલ્વારના ભયથી ઈસ્લામ સ્વીકાર્યો હતો ?!

સારાંશ કે એ માનવું પડશે કે ઈસ્લામ તલ્વારના જોરથી નહીં બલ્કે તેની સચ્ચાઈ તથા કલામે પાકની પવિત્ર તા'લીમાતથી ફેલાયો. જેહાદનો હુકમ તો કેવળ અને કેવળ એટલા માટે આપવામાં આવ્યો હતો કે કલ્મએ હક્કની રાહમાં કાફિરોએ રુકાવટો ખડી કરી હતી તો તેઓને માર્ગેથી હટાવી દેવામાં આવે જેથી દિલો દિમાગની સંપૂર્ણ આઝાદીની સાથે લોકોને તૌહીદની (અલ્લાહ એક હોવાની) સચ્ચાઈને પારખવાની તથા કબૂલ કરવાનો મોકો મયસ્સર થાય.

તે ઉપરાંત યૂરોપી આક્ષેપકારોનો એ આક્ષેપ કે મુસલમાન પ્રાકૃતિક રીતે જાલિમ, લડાઈખોર અને આતંકવાદી છે, એ કેટલા અંશે સાચો છે તે નીચેના પ્રસંગો પરથી તમે ખૂદ ફેંસલો કરી શકશો.

ઈતિહાસ સાક્ષી છે કે હિ.સ. ૪૯૦ થી હિ.સ. ૫૮૮ સુધી એટલે કે ૯૮ વરસ સુધી બૈતુલ મુકદ્દસ ઈસાઈઓના કબ્જામાં રહ્યું. ઈસાઈઓએ જ્યારે બૈતુલ મુકદ્દસને મુસલમાનોથી જીત્યું હતું તો મુસલમાનોના લોહીની નદીઓ વહાવી દીધી હતી, પરંતુ સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબી رحمۃ اللہ علیہ એ હિ.સ. ૫૮૮ માં જ્યારે આ પવિત્ર શહેરને ઈસાઈઓથી ફતહ કર્યું તો કોઈ ઈસાઈ રહેવાસીને કોઈ નુકસાન નથી પહોંચાડયું. *(તારીખે ઈસ્લામ, ભાગ–૩, પેજ–૪૦૬)*

પછી જ્યારે ત્યારબાદ ઈસાઈઓએ ફરી વાર એક મહાન લશ્કર લઈને સૌ એક થઈને આખા એશિયાખંડ પર વિજય મેળવીને ઈસ્લામનું નામો નિશાન મિટાવી દેવાના ઈરાદાથી તેમણે પૂરી રીતે હુમ્લો કર્યો તો સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબીએ સતત ચાર વરસો સુધી કેટલીયે લડાઈઓ લડીને ઈસાઈઓના આ મહાન લશ્કરોને ખાક તથા ખૂનમાં મેળવી દીધાં અને પોતાની સામેથી ભગાડી મૂક્યાં પણ બૈતુલ મુકદ્દસની દીવાલો સુધી ન પહોંચવા દીધા. છેવટે નિષ્ફળ તથા નિરાશ થઈને ઈસાઈ રાજાઓ ખૂબ જ બેઈજ્જતી સાથે જ્યારે પાછા ફર્યા તો તેમનાથી બદલાથી ભાવના હેઠળ બૈતુલ મુકદ્દસની ઝિયારતથી તેમને વંચિત કરી દેવાને બદલે અને જે રીતે ઈસાઈઓએ પોતાની જીતના પ્રસંગે કશાય ખચકાટ વિના કેટલાયે મુસલમાનોને નાહક કત્લ કરી લોકોની નદીઓ વહાવી હતી એ જ રીતે સુલ્તાને પણ તે ઈસાઈઓની કત્લે આમ કરવાને બદલે તે ઈસાઈઓને સુલ્તાને એ છૂટ આપી કે તેઓ જો બૈતુલ મુકદ્દસમાં કેવળ ઝિયારતના માટે આવે તો ઈસાઈઓને કોઈપણ પ્રકારની રોક ટોક ન કરવામાં આવે. *(તારીખે ઈસ્લામ, ભાગ–૩, પેજ–૪૦૭)*

શું આ પ્રકારનું કોઈ દષ્ટાંત અન્ય કૌમે આજ સુધી રજૂ કર્યું છે ?! જો નહીં ! તો પછી આ યૂરોપી આક્ષેપકારોનું આજે પણ એવું કહેવું કેટલા અંશે યોગ્ય છે કે મુસલમાન પ્રકૃતિમાં જ જુલ્મ કરવાવાળા, ઝઘડાળુ અને ત્રાસવાદી છે ?!

તદ્ઉપરાંત ઉપરોક્ત આયતે મુબારકા :–

وقاتلوافی سبیل اللہ الذین یقاتلونکم ولاتعتدوا ط ان اللہ لا یحب المعتدین۔ માં એક વાત એ

સમજવાની છે કે જો ઈસ્લામ કત્લોગારતગીરીનો મઝહબ હોત જેમ કે એ યૂરોપી આક્ષેપકારોના તરફથી આક્ષેપ લગાડવામાં આવે છે તો મુસલમાનોને એ હિદાયત કદી ન આપવામાં આવત કે, **"દુશ્મનોનો મુકાબલો કરતી વખતે પોતાના તરફથી કોઈ બળપ્રયોગ ન કરશો, કેમ કે બળપ્રયોગ કરવાવાળાને અલ્લાહ પસંદ નથી કરતો."** તો જાણે આ આયત મુબારકની રોશનીમાં એ હકીકત પણ સારી પેઠે સ્પષ્ટ થઈ જાય છે કે જંગના મેદાનમાં પણ મુસલમાન અખ્લાકના કાનૂનનો પાબંદ છે.

આ આયતે કરીમામાં આપણને મુસલમાનોને પણ એ બોધ મળે છે કે કુર્આન હકીમના જેહાદના હુકમને સમજવાના માટે જરૂરી છે કે આ ત્રણ ચીજોને ખૂબ જ યાદ રાખી લેવામાં આવે કે : **(૧)** ક્યા હેતુસર ? **(૨)** કોની સાથે ? **(૩)** કઈ શરતો તથા કાયદાઓ સાથે કુર્આને જેહાદની ઈજાઝત આપી છે ?!

આ આયતમાં એ ત્રણેવ બાબતોની સ્પષ્ટતા કરી દેવામાં આવી છે.

**(૧)** જેહાદના હેતુ સંબંધે તો એ ફર્માવ્યું કે ફી સબીલિલ્લાહ એટલે કે હક્કની બુલંદીના માટે અને ફક્ત અલ્લાહના માર્ગમાં કરવામાં આવે. લૂંટમાર, વ્યાપારિક કે ઓદ્યોગિક હરિફાઈ, વતની કે વંશિક અદાવત અથવા આવા પ્રકારના અન્ય હલકા હેતુઓના માટે નહીં.

**(૨)** કેવળ તે લોકોની સાથે જેહાદ કરવામાં આવે જેઓ الذین یقاتلونکم બનીને ઊભા હોય. એટલે કે જેઓ તમારી સાથે જંગ કરી રહ્યા છે, જેઓ તમારા પર તૂટી પડવા તત્પર હોય.

**(૩)** અને એ શરતની સાથે કે ......لاتعتدوا એટલે જે વખતે જઝબાત કાબૂમાં ન રહે અને બદલાની આગ ભડકી ઉઠે તો સાવધાન ! એ સમયે પણ કોઈના પર જુલ્મ ન કરશો, કેમ કે જુલ્મ કરનારને અલ્લાહ પસંદ નથી કરતો. *(તફસીરે ઝિયાઉલ કુર્આન, ભાગ-૧, પેજ-૧૩૨)*

જેમ કે ઈમામ ઈબ્ને જરીર તબરી علیہ الرحمۃ والرضوان રિવાયત નકલ કરે છે : "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالٰی عنہما ફર્માવે છે કે આ આયત શરીફામાં **વલાતઅ્તદૂ** એટલે "હદથી ન વધો"નો મતલબ એ છે કે **સ્ત્રીઓ, બાળકો તથા વૃધ્ધોને કત્લ ન કરો અને ન તેને કત્લ કરો જે હથિયાર મૂકી દે.** જો તમે તેમને કત્લ કર્યા તો તમે હદથી વધી જનાર ગણાશો. *(તફસીરે જામિઊલ બયાન, ભાગ-૨, પેજ-૧૧૦, ૧૧૧)*

ઈમામ મુસ્લિમ રિવાયત કરે છે, "હઝરત બુરીદા رضی اللہ عنہ બયાન ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم જ્યારે કોઈ વ્યક્તિને લશ્કરનો અમીર બનાવતા તો તેને ખાસ તાકીદ સાથે ખુદાથી ડરવાની વસિયત કરતા અને ફર્માવતા, બિસ્મિલ્લાહ પઢીને જેહાદ કરો અને જે અલ્લાહનો કુફ્ર કરે તેની સાથે લડો અને ખયાનત ન કરશો, વચન ભંગ ન કરશો અને મુષ્લહ્ (અંગો કાપવાનું કામ) ન કરશો અને કોઈ બાળકને કત્લ ન કરશો. *(સહીહ મુસ્લિમ, કિતાબુલ્ જિહાદ)*

તેમજ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما બયાન કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم એ ઔરતો તથા બાળકોને કત્લ કરવાથી મના ફર્માવ્યું. *(સહીહ મુસ્લિમ, કિતાબુલ્ જિહાદ)*

ઈમામ માલિક હઝરત યહ્યા ઈબ્ને સઈદ رضی اللہ عنہ થી રિવાયત ફર્માવે છે કે હઝરત સૈયેદના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ યઝીદ ઈબ્ને અબૂ સુફયાનની સરદારી હેઠળ સીરિયા તરફ એક લશ્કર રવાના કર્યું તો તેમને એ વસિયત કરી કે નજીકમાં જ તમે પાદરીઓને મળશો જેમણે પોતાના ગુમાનમાં પોતાને અલ્લાહના માટે વકફ કર્યા છે તેમને છોડી દેજો અને નજીકમાં જ તમે મજૂસીઓ (અગ્નિપૂજકો)ને મળશો જેઓ માથા વચ્ચે વાળ કાપે છે તેમને કત્લ કરી દેજો. અને હું તમને દસ ચીજોની વસિયત કરું છું : કોઈ સ્ત્રીને કત્લ ન કરશો,

ન કોઈ બાળકને, ન કોઈ વૃધ્ધને અને ન કોઈ ફળદાર ઝાડને કાપશો અને ન કોઈ બકરી કે ઊંટની ઘૂંટીઓ કાપશો અને ન કોઈ ખજૂરના ઝાડને સળગાવશો, ન કોઈ આબાદીને વિરાન કરશો અને ન કોઈને ડૂબાડશો અને ન માલે ગનીમતમાં ખયાનત કરશો અને કાયરતા કરશો. *(મુઅત્તા ઈમામ માલિક, કિતાબુલ્ જિહાદ)*

યૂરોપી આક્ષેપકારો જેઓ ઈસ્લામના જેહાદના સિદ્ધાંત પર જાત જાતના વાંધાઓ રજૂ કરે છે તેઓ ઈન્સાફથી બતાવે કે દુનિયામાં શું કોઈ કૌમ એવી ગુજરી છે અથવા આજની કહેવાતી સભ્ય સંસ્કૃત દુનિયામાં કોઈ કૌમ એવી મૌજૂદ છે જેના જંગી નિયમોમાં આ રીતનો ન્યાય તથા ઈન્સાફ અને લેહાઝ રાખવામાં આવ્યો હોય ?

બલ્કે આજે તો જંગ એ રીતની થાય છે કે પુર અમ્ન (શાંત) શહેરો અને આબાદ વસ્તીઓ સુધ્ધાંને ફોગટમાં એટમ બોમ્બ વડે ઉડાવીને રાખી દેવામાં આવે છે, સ્ત્રીઓ, બાળકો, બીમારો સુધ્ધાંને પણ છોડવામાં નથી આવતાં કે હોસ્પિટલો, દર્સગાહો તથા ઈબાદતખાનાં સુધ્ધાંનો એહતેરામ પણ પીઠ પાછળ રાખી દેવામાં આવે છે.

પરંતુ ઈસ્લામ જ તે આ'લા અનોખો મઝહબ છે જેના જંગના કાનૂનનો અભ્યાસ આપણને એ સૂચવે છે કે ઈસ્લામે જંગથી પહેલાં, જંગ દરમ્યાન અને જંગ પછી ત્રણેવ સંજોગોમાં નાહક કત્લને દરેક કક્ષામાં હરામ ઠરાવેલ છે. એની સરખામણી જો આજે આંતરરાષ્ટ્રિય કક્ષાએ કહેવાતી લોકશાહી અને આઝાદીની ઝંડાધારી પશ્ચિમી તાકતો સાથે કરવામાં આવે તો સાંસ્કૃતિક માપદંડોની ધજ્જીઓ આસ્માનના વાતાવરણમાં ઉડતી જોવા મળશે. આ ગોરી ચામડીનું સામ્રાજ્યે વિ□ શાંતિના નામે વિ□માં ચો તરફ જુલ્મ તથા યુધ્ધોના ન અટકનારા ક્રમનો દરવાજો ખોલેલો જોવા મળે છે અને તેમના જુલ્મો સિતમને કોઈ અખ્લાકી નિયમ કે કાનૂન રોકતો નથી બલ્કે નિરાધાર તથા મઝલૂમ લોકો પર બોમ્બ મારો અને બાળકો સ્ત્રીઓ કે વૃધ્ધો કે યુવાન કશાય ભેદ વિના માનવ જીવોની હત્યા કરી નાખવી એ તેમનો રોજિંદો ધંધો થઈ ગયો છે. તેમની કશીય તમીઝ વિનાની જંગી કાર્યવાહીઓથી સ્કૂલો, હોસ્પિટલો, મસ્જિદો તથા અન્ય આમ ભલાઈના કેન્દ્રોને કશાય ખચકાટ વિના નિશાન બનાવવામાં આવે છે. એનું તાજુ દૃષ્ટાંત એ અફઘાન તથા ઈરાકમાં ચાલી રહેલા બ્રિટન અમેરિકી જુલ્મો આપ જોઈ જ રહ્યા છો. અફઘાનિસ્તાનમાં થોડા સમય પર એક શાદીની ખુશીમાં રિવાજ મુજબ શાદીમાં સામેલ લોકોએ બંદૂકના હવામાં ગોળીબાર કર્યા તો ચકાસણી કર્યા વિના તેમના પર અમેરિકી વિમાનોએ સીધો બોમ્બ ફેંક્યો જેમાં ૩૦૦ જાનૈયા સ્ત્રી, પુરૂષો, બાળકો મૃત્યુ પામ્યાં અને એ માટે અમેરિકાએ માફી પણ નથી માંગી. આને જુલ્મ તથા ત્રાસવાદ કહેવાય છે ! તેની સરખામણીમાં ઈસ્લામ એ બાબતની ઈજાઝત નથી આપતો કે કુફ્ર સાથે જંગ કરતી વખતે નાહક કોઈનું લોહી વહાવવામાં આવે. કેટલી વિચિત્ર વાત છે કે કુફ્ર સાથે લડાઈ થઈ રહી છે પરંતુ શહેરોમાં મંદિરોમાં મૂર્તિની પૂજા થઈ રહી છે અને ઈસ્લામ એ વાતની ઈજાઝત નથી આપતો કે તેમની સાથે કોઈ પ્રકારનો ટકરાવ કરવામાં આવે. ઈસ્લામનો પૂરો ઈતિહાસ એ બાબતનો ન્યાયી સાક્ષી છે કે તલ્વાર હમેશાં જુલ્મના ખાત્માના માટે જ મ્યાનથી નીકળી અને જેવો જુલ્મ તેના અંજામે પહોંચી ગયો તો તે તલ્વાર પાછી ફરી મ્યાનમાં જતી રહી. ચૌદસો વરસનો ઈતિહાસ સાક્ષી છે કે એક કાફિરને મુસલમાન બનાવવાના માટે કદી તલ્વારનો સહારો નથી લેવામાં આવ્યો બલ્કે ઈસ્લામ ફેલાવવામાં તબ્લીગ તથા કિરદાર જ નિર્ણયાત્મક અમલો રહ્યા છે. તલ્વાર કેવળ જુલ્મના ખાત્માના માટે જ વપરાતી રહી, એ રીતે ઈસ્લામમાં તલ્વાર અને કિરદાર સાથે સાથે રહ્યાં. *(જાન્યુ.–૦૪, જામે નૂર, દિલ્હીના સૌજન્યથી) –(સંપૂર્ણ)*

# એક નવ મુસ્લિમ જાપાની ખાતૂનનો ઈસ્લામ વિશે અભિપ્રાય

-કાર્યાલય

બેશક ! ઈસ્લામનો જે ઈન્સાફની સાથે નજીકથી અભ્યાસ કરે છે તે તેની વિશિષ્ટતાઓ, પવિત્રતા, માનવ અધિકારોનો ખયાલ, સ્ત્રીના સન્માનની જોગવાઈ તથા વિવિધ ખૂબીઓને જોઈને ઈસ્લામની સચ્ચાઈને સમજી જઈને ઈમાન કબૂલ કરવા મજબૂર થઈ જાય છે. આવું જ એક દષ્ટાંત આપની સમક્ષ એક જાપાની બહેનનું રજૂ કરીએ છીએ તેને વાંચો અને પશ્ચિમી મીડિયાના ઈસ્લામ વિરૂધ્ધ દુષ્પ્રચારની પોલને પણ સમજી લો.

પુષ્કળ વંચાતા જાપાની વર્તમાનપત્ર ''ધી જાપાન ટાઈમ્સ''માં છપાયેલ સમાચાર પ્રમાણે એક એજ્યુકેટડ જાપાની છોકરીએ જાપાનની રાજધાની ટોકીયોમાં ઈસ્લામ સ્વીકારી લીધો. તેણીએ વર્તમાનપત્રને પોતાના નામનો ઉલ્લેખ કરી પોતાના ઈસ્લામ વિશેના પ્રત્યાઘાતને આ શબ્દોમાં પ્રદર્શિત કર્યો :–

''હું એક ધનવાન કુટુંબની છોકરી છું. બચપનથી જ મારું જીવન નેઅમતો અને ખુશીઓના માહોલમાં પસાર થયું છે. મારી માતા જેમણે મારા પિતાના મૃત્યુ બાદ ઘરનો કારોબાર સંભાળી લીધો હતો, જેમણે મારી તથા મારી બહેનોની ભલાઈના માટે કામયાબ કોશિશો કરી હતી. એટલે સુધી કે અમારા આરામ તથા રાહતની દરેક પ્રકારની સામગ્રી અમારા ઘરમાં મૌજૂદ હતી. પરંતુ તેમ છતાં પણ મારા જીવનમાં કોઈ કમીની અનુભૂતિ કરતી. એ અનુભૂતિ જેને હું ખૂદ પણ મેહસૂસ કરી શક્તી ન હતી જે મને દર વખતે બેચેન કરી રાખતી હતી. મારા ઊંડા અભ્યાસ અને પુષ્કળ મશગૂલિયતના થકી એ એહસાસ પર કાબૂ પામવાની કોશિશ કર્યા કરતી હતી.

જ્યારે મેં બારમી જમાઅતની પરીક્ષા પાસ કરી તો મને મારા ખાનદાનની સાથે દુનિયાના અમુક દેશોની સૈર કરવાનો મોકો મળ્યો. એકવાર યુનિવર્સિટીની છુટ્ટીઓમાં મેં અને મારી અમુક સહાધ્યાયી સહેલીઓએ ઉર્દુનની સૈરનો પ્રોગ્રામ બનાવ્યો. મારી એક સહેલીએ જે એ સફરમાં મારી સાથે હતી તેણે ઉર્દુનમાં એક મુસ્લિમ કુટુંબ સાથે થોડા દિવસ રોકવાનો પ્રોગ્રામ સેટ કરી નાખ્યો. મને જ્યારે તે મુસ્લિમ ખાનદાનની સાથે રહેવાનો મોકો મળ્યો તો મને તેમની રહેણીકરણીની પધ્ધતિઓએ ખૂબ જ પ્રભાવિત કરી. કુટુંબવાસીઓ આપસમાં દૂધમાં સાકર જેમ રહેતા હતા, દરેક કામમાં એકબીજાની મદદ કરતા અને સફાઈની ખૂબ જ કાળજી રાખતા. ખાનદાનના જિમ્મેદાર (**Head of the Family**) જે એક પુરૂષ હતા તે ઘરની બહારની જવાબદારીઓ નિભાવતા, ઘરની સ્ત્રીઓ અંદરની વ્યવસ્થા, ગોઠવણ, બાળકોની કેળવણીની વ્યવસ્થા જોતી. ઘરનાં સભ્યો વચ્ચે આપસમાં સહકાર તથા કાર્યની વહેંચણીના કારણે ઘરનો કોઈ સભ્ય પોતાના ઉપર પોતાની શક્તિ બહારની જિમ્મેદારીઓ હોવાનું અનુભવતો ન હતો જેમ કે પશ્ચિમી કુટુંબોમાં

નોકરિયાત સ્ત્રીઓ પુરૂષોની સરખામણીમાં પોતાને અધિક થાકેલી પાકેલી મહસૂસ કરતી હોય છે. ઘરના આ માહોલે ઘરને જન્નત નિશાન બનાવી રાખ્યું હતું.

મેં એક દિવસે Head of the Familyને તેનું રહસ્ય પૂછયું તો તેમણે સસ્મિત વદને જવાબ આપ્યો કે, "હકીકતમાં આ ઈસ્લામની બરકત છે જેણે કુટુંબના સભ્યો વચ્ચે કામોની કાંઈક એ રીતની ગોઠવણ તથા વહેંચણી સ્થાપી દીધી છે કે એના પર અમલ કરવાના પરિણામે અનિવાર્યપણે ખુશી તથા આનંદનું વાતાવરણ ઉભુ થાય છે." તેમણે કહ્યું કે, "ઈસ્લામે પુરૂષને હલાલ રોજી અને ઘરની બાહ્ય બાબતોનો જિમ્મેદાર ઠરાવી દીધો છે. જ્યારે સ્ત્રીને ઘરની અંદરની બાબતો અને બાળકોની દેખભાળની જિમ્મેદાર ઠરાવી છે. એ પ્રમાણે તેમણે દર્શાવ્યું કે, "ઈસ્લામે સ્વચ્છતા પર ઘણો જ ભાર મૂક્યો છે એટલે સુધી કે સ્વચ્છતાને ધર્મનો એક ભાગ ઠરાવ્યો છે." તેમણે કહ્યું કે, "સફાઈનો ભાવાર્થ ઈસ્લામમાં એક વિશાળ અર્થ ધરાવે છે, શરીર અને કપડાંની સફાઈ, ઘરની સફાઈ, ગલી અને મહોલ્લાની સફાઈ, શહેરની સફાઈ, માહોલ અને સમાજની સફાઈ, દિલ તથા નિય્યતની સફાઈ, અમલ અને વહેવારની સફાઈ વગેરે..."

ઈસ્લામના બારામાં મારી જાણકારી ખૂબ જ સીમિત હતી. આથી પહેલાં મેં ન કોઈ મુસલમાન સાથે મુલાકાત કરી હતી ન કોઈ મુસલમાન સાથે રહેવાનો અવસર સાંપડયો હતો. **મારા દિમાગમાં ઈસ્લામ તથા મુસલમાનોની જે છબી હતી તે એ હતી કે ઈસ્લામ સખ્તીનો મઝહબ છે, તેના માનવાવાળા સંકૂચિત દષ્ટિવાળા, જ્ઞાનથી વંચિત લોકો હોય છે, તેમની પાસે ડોલર અને પેટ્રોલ સિવાય કાંઈ જ નથી. હું વિચાર્યા કરતી હતી કે ઈસ્લામ સ્ત્રીઓ પર જુલ્મને જાઈઝ રાખે છે. ઈસ્લામના બારામાં મારા આ ખયાલો પશ્ચિમી મીડિયામાં છપાનારી ખબરો અને લખાણો પરથી ઉપસ્થિત થયા હતા, કેમ કે પશ્ચિમી વર્તમાનપત્રો અને ટેલીવિઝન તથા પુસ્તકો જ મારા માટે આ બાબતે મારી જાણકારીના ઝરીયા હતા.** જાપાન પાછા આવીને તરત જ મને ઈસ્લામ ધર્મ વિશે જાણકારીનો અભ્યાસ કરવાનો ખયાલ પેદા થયો અને ટોકીયો સ્થાપિત થયેલા ઈસ્લામી કેન્દ્રે (Islamic Centre) જઈ કુર્આને કરીમના તર્જુમાનો એક નુસ્ખો અને અમુક ઈસ્લામી કિતાબો લઈ આવી અને અભ્યાસ શરૂ કરી આપ્યો.

મેં સૌ પ્રથમ પૈગંબરે ઈન્સાનિયત હઝરત મુહમ્મદ ﷺ ના જીવનચરિત્રની કિતાબનો અભ્યાસ કર્યો જેમની જિંદગીએ મને ઘણી જ પ્રભાવિત કરી, મેં જોયું કે હઝરત મુહમ્મદ ﷺ વારંવાર સ્ત્રીઓના હક્કોની અદાયગીનો હુકમ ફર્માવી રહ્યા છે ! ત્યાર પછી ઈસ્લામી સેન્ટર પર જવાનો મારો નિયમ બની ગયો. ત્યાં મેં અમુક આલિમો સાથે પણ મુલાકાત કરી જેમણે મારા દરેક સવાલના સંપૂર્ણ સંતોષકારક જવાબો આપ્યા, જે ઈસ્લામના વિશે મારા દિલમાં ખટકતા હતા. એ આલિમોમાં ઈલ્મની ગહરાઈ તથા ગાઢપણુ કિરદારની મજબૂતી, સંજોગોની રગને પારખવાની શક્તિ, સદ્વર્તાવ તથા અન્યોની ઈજ્જત તથા રિસ્પેકટની ભાવના કૂટી કૂટીને ભરેલી જોવા મળી. હું કલાકો સુધી તેમની સાથે ઈલ્મી ચર્ચા કરતી પરંતુ તેઓ મારી દરેક વાતનો ખૂબ જ સદ્વર્તાવપૂર્વક તથા ખુશીભેર જવાબ આપતા. જ્યારે કે આપણા (જાપાનના ગૈર મુસ્લિમ) અમુક મોટા મોટા પ્રોફેસરો તથા શિક્ષકોના બારામાં મારો અનુભવ હતો કે તેઓ અમુક કલાકની મુલાકાત થતાં જ મારી સુંદરતાના દીવાના બની જતા અને તેમના દિલમાં મારા હુસ્નની પ્રાપ્તિની ભાવના હિલોળા લેવા

માંડતી ! મને ટોકીયોના ઈસ્લામી સેન્ટરમાં રહેતા તે આલિમોની મહોબ્બત હમેશાં યાદ રહેશે જેઓ ડિયર ડોટર, ડિયર સિસ્ટર (પ્યારી બેટી, પ્યારી બહન) જેવા મહોબ્બતભર્યા શબ્દો અને લહેજા સિવાય કદી મને સંબોધન કરતા ન હતા.

હું મારા અભ્યાસ થકી ઈસ્લામની જેટલી ઊંડાઈએ ઉભરતી ગઈ મારો એહસાસ અને તાસિર વધતી ગઈ કે **ઈસ્લામ આખા વિ□ માટે રહમતનો ધર્મ છે અને તેણે માનવીની જિંદગીનું સૌથી અધિક સમતોલ જીવનબંધારણ રજૂ કર્યું છે. સ્ત્રીના બારામાં ઈસ્લામની તા'લીમ વાંચીને મારા આશ્ચર્યનો પાર ન રહ્યો ! આ તા'લીમ તો છબીની તદ્દન ઉલ્ટી છે જે પશ્ચિમી મીડિયાના થકી મારા દિમાગમાં અંક્તિ થઈ હતી.** મેં આ દરમ્યાન જગતના અમુક અન્ય ધર્મોનો પણ અભ્યાસ કર્યો. મેં જોયું કે **ઈસ્લામે સ્ત્રીને જે હક્કો આપ્યા છે તે અન્ય કોઈ ધર્મએ નથી આપ્યા.** તેમજ મેં એ પણ અનુભવ્યું કે વર્તમાન સમાજ વ્યવસ્થા અથવા સ્ત્રીના હક્કની ચળવળો સ્ત્રીઓને જે હક્કો આપે છે અથવા જેની તેઓ માંગણી કરે છે તે અસમતોલ અને ન્યાયવિહિન છે. ઈસ્લામ સ્ત્રીને એક પુખ્તા વ્યક્તિ સ્વીકારે છે.

મારા માટે ઈસ્લામની આ તા'લીમની ખોજ કોઈ પ્લાનેટ(ગ્રહ)ની ખોજથી કમ ન હતી કે **ઈસ્લામે આજથી ૧૪૦૦ વરસો પહેલાં સ્ત્રીને મિલ્કતમાં હક્ક આપ્યો હતો અને તેને પોતાના માલમાં પતિની ડખલગીરી વિના અધિકારનો હક્ક અપાવ્યો હતો ! જ્યારે કે યૂરોપે અમુક સો વરસો અગાઉ સ્ત્રીના આ હક્કને માન્ય કર્યો છે તે પણ એ મહાન એહસાનની સાથે કે જાણે તે જ દુનિયામાં સૌથી પ્રથમ સ્ત્રીને મુક્તિ અપાવનારો છે !**

આ લંબાણપૂર્વકના અભ્યાસ અને ઊંડી ખોજ તથા ચિંતન બાદ મેં ઈસ્લામ સ્વીકારવાનો નિર્ણય કરી લીધો અને ઈસ્લામ સ્વીકાર્યા પછી નમાઝ શરૂ કરી દીધી, મેં ગઈ રમઝાનના રોઝા પણ રાખ્યા અને કુર્આનની અમુક સૂરતો પણ યાદ કરી છે જે મને નમાઝની સારી રીતે અદાયગીમાં મદદ આપે છે. અત્યારે મને અરબી ભાષા શીખવાની લગન છે અને થોડા સમય બાદ મિસ્ર જઈને જામિઆ અઝહરમાં પ્રવેશની ઈચ્છા છે. ત્યાંથી પાછા ફરીને મારી જિંદગીનું સૌથી મોટુ કામ દીને રહમતની તબ્લીગનું હશે જે **મારી અંતિમ ઈચ્છા છે, કેમ કે હું જાણું છું કે ઈસ્લામના બારામાં પશ્ચિમી સ્ત્રીઓ ગલતફહમીનો શિકાર છે, જો તે તેણીઓ સમક્ષ ઈસ્લામની સાચી સાચી તા'લીમ તથા ભેદ જાહેર થઈ જાય તો લાખો પશ્ચિમી સ્ત્રીઓ ઈસ્લામ ધર્મમાં પ્રવેશી જશે."** *–(અશ્રફિયા મુબારકપુર, જુલાઈ–૦૪)*

હે મુસલમાનો ! ઈસ્લામ વિશે ગલતફહમીના શિકાર આવા અસંખ્ય લોકો જ્યારે ઈસ્લામની વાસ્તવિક્તાનો અભ્યાસ કરે છે તો ઈમાનની દૌલતથી માલામાલ થઈ જાય છે. એક ગલતફહમીમાં સપડાયેલ કાફિર જ્યારે ઈસ્લામની નજીક આવે છે તો તેના નૂરથી તેના દિલની દુનિયા ચમકી ઉઠે છે, જ્યારે અફસોસ ! આજે મુસલમાનના ઘરે જન્મ પામનારને જોઈને દિલ કકડી ઉઠે છે કે ન એની વાણી મુસલમાનને છાજે તેવી છે ન વર્તન, ન પહેરવેશ, ન કિરદાર મુસલમાન હોવાની ચાડી ખાય છે ! બલ્કે, સરાપા ગૈરના જેવા દેખાતાં આપણા ભાઈ બહેનોએ આવા પ્રસંગોથી પણ બોધ લઈને સંપૂર્ણપણે ઈસ્લામમાં દાખલ થઈ જવું જોઈએ. અને પોતાના કિરદારથી, અખ્લાકથી ઈસ્લામની અસલ છબી પ્રદર્શિત કરવી જોઈએ તો ગૈરોનાં ટોળેટોળાં ઈસ્લામ પ્રતિ વળી જશે. *(સંપૂર્ણ)*

# અનોખા સવાલ અનોખા જવાબ

અઝ : મૌલાના સાદિક હસન સાબરી ચિશ્તી દેહગામી

✦✧✦✧✦✧✦✧✦✧✦✧✦✧✦✧✦✧

**સવાલ** : તે કોણ મુસલમાન છે કે જે ગમે તે રીતે સૂએ પરંતુ ઊંઘથી તેનું વુઝૂ તૂટતું નથી ?

**જવાબ** : તે નબી છે કે ગમે તે રીતે સૂએ પણ ઊંઘથી તેમનું વુઝૂ તૂટતું નથી. બહારે શરીઅત, ભાગ–૩, પેજ–૨૭ માં છે કે અંબિયાએ કિરામનું સૂવું નાકિસે વુઝૂ (વુઝૂ તોડનાર) નથી. તેમની આંખો સૂએ છે અને દિલ જાગે છે. *(બહરુર્રાઈક, પેજ–૩૯, સઆયા, ભાગ–૧, પેજ–૨૩૮, રદ્દુલ મુહ્તાર, ભાગ–૧, પેજ–૯૫)*

**સવાલ** : એવો ક્યો વ્યક્તિ છે કે જેના પર નમાઝ ફર્ઝ છે પરંતુ નમાઝ પઢવા માટે ન વુઝૂની જરૂરત છે ન ત'યમ્મુમની ?

**જવાબ** : જે વ્યક્તિના બંનેવ કોણીઓ સુધી અને બંનેવ પગ ઘૂંટીનો સુધી કપાયેલા હોય અને ચેહરો ઝખ્મી હોય તો તેવા વ્યક્તિ પર નમાઝ ફર્ઝ છે પરંતુ નમાઝ માટે ન વુઝૂની જરૂરત છે, ન ત'યમ્મુમની. *(નૂરુલ ઈઝાહ, પેજ–૪૪, રદ્દે મુહ્તાર મઅશામી, ભાગ–૧, પેજ–૧૦૪)*

**સવાલ** : ક્યારે વુઝૂમાં કુલ્લી કરવી, નાકમાં પાણી નાખવું, જાઈઝ નથી ?

**જવાબ** : જ્યારે કે ટાઈમ ઓછો હોય અથવા કુલ્લી કરવાથી, નાકમાં પાણી નાખવાથી વુઝૂના ફર્ઝો અદા કરવા માટે પાણી પૂરતુ નહીં થાય, તો તેવી પરિસ્થિતિમાં કુલ્લી કરવી અને નાકમાં પાણી નાખવું જાઈઝ નથી. *(અલ્ ઈશ્બાહ વન્નજાઈર, પેજ–૧૭)*

**સવાલ** : ક્યારે પાણી વધારે હોવા છતાં વુઝૂમાં ધોવામાં આવતાં અંગોને ત્રણ ત્રણ વખત ધોવું જાઈઝ નથી ?

**જવાબ** : જ્યારે કે જાણે છે કે વુઝૂમાં ધોવાનાં અંગોને ત્રણ ત્રણ વખત ધોવાથી નમાઝ કઝા થઈ જશે તો તેવી સ્થિતિમાં પાણી વધારે હોવા છતાં તેમને ત્રણ ત્રણ વખત ધોવું જાઈઝ નથી.

**સવાલ** : ક્યારે બીજાને વુઝૂ માટે પાણી આપવું જાઈઝ નથી ?

**જવાબ** : જ્યારે કે સમય થઈ ગયો અને કોઈ વ્યક્તિ પાસે એટલું પાણી છે કે એક વ્યક્તિ જ વુઝૂ કરી શકે છે તો તેવી સ્થિતિમાં પોતે ત'યમ્મુમ કરવું અને બીજાને પાણી આપવું જાઈઝ નથી. *(અલ ઈશ્બાહ વન્નજાઈર, પેજ–૧૧૯)*

**સવાલ** : ક્યારે વુઝૂ કરવું ફર્ઝ છે ?

**જવાબ** : મોહદ્દષને (જેનું વુઝૂ ન હોય) દરેક નમાઝ, નમાઝે જનાઝા, સજદાએ તિલાવત અને કુર્આન શરીફને અડકવા માટે ભલે એક જ આયત હોય વુઝૂ ફર્ઝ છે. *(નૂરુલ ઈસ્લામ, પેજ–૨૬)*

**સવાલ** : ક્યારે વુઝૂ કરવું વાજિબ છે ?

**જવાબ** : કા'બા શરીફનો તવાફ કરવા માટે વુઝૂ કરવું વાજિબ છે. *(મરાકીયુફલાહ મઅ તહતાવી, પેજ–૪૫)*

**સવાલ** : ક્યારે વુઝૂ કરવું સુન્નત છે ?

**જવાબ** : ગુસ્લે જનાબત (પાક થવા માટેનું ગુસલ)થી પહેલા જુનુબ (જેના પર ગુસલ ફર્ઝ હોય)ને ખાવા પીવા અને સૂવા માટે તેમજ અઝાન, ઈકામત, જુમ્આ, ઈદનો ખુત્બો, હુઝૂર ﷺ ના રોઝાએ મુબારકની ઝિયારત, વુકૂફે અરફા અને સફા મરવા વચ્ચેની સઈ આ તમામ કામો માટે વુઝૂ કરવું સુન્નત છે. *(બહારે શરીઅત, ભાગ–૨, પેજ–૨૩)*

**સવાલ** : વુઝૂ પછી બદનમાંથી નજાસત (ગંદકી) નીકળી પરંતુ બીજી વખત વુઝૂની જરૂરત નથી, ક્યારે ?

**જવાબ** : વુઝૂ પછી મુડદાના બદનમાંથી નજાસત નીકળી તો તેવી સ્થિતિમાં બીજી વખત વુઝૂની જરૂરત નથી. *(રદ્દુલ મુહ્તાર, ભાગ–૧, પેજ–૯૧)*

**સવાલ** : વુઝૂમાં કેટલા વાજિબ છે ?

**જવાબ** : એક પણ નહીં ! *(સંપૂર્ણ)*

# ઔરતોની હિકાયતો

★ લેખક ★
મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર
★ અનુવાદક ★
આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ)

(હિકાયત : ૫)

## હઝરત ઝુલેખા رضی اللہ عنہا

હઝરત યૂસુફ علیہ السلام જયારે જેલથી છૂટયા ત્યારે આપે આ ખુશીમાં એક મહીના સુધી બરાબર ખાવાનો બંદોબસ્ત કર્યો અને લોકોને ભેગા કરી દરેક નાના મોટાને દા'વત આપી. જિબ્રઈલ علیہ السلام એ અર્ઝ કરી, હુઝૂર ! હજી દા'વત પૂરી નથી થઈ ?! ફર્માવ્યું, કયું કામ બાકી રહી ગયું છે. કહ્યું, ત્યાં જુઓ ખજૂરની ઝુપડીમાં એક અંધ વૃધ્ધા બેઠી છે તે તેણીને ખાવા નથી ખવડાવ્યું. ફર્માવ્યું, હું હમણાં બોલાવું છું. તેણીને બોલાવવા માટે એક આદમી મોકલ્યો. વૃધ્ધાએ કાસિદ (એલચી, પૈગામ પહોંચાડવાવાળો)ની જુબાની કહેવડાવ્યું કે યૂસુફ પોતે મારી પાસે આવે ! પછી તરત આ શેઅર પઢયો :–

**(અર્થ)** : "તમે નસીમ (સવારની ઠંડી હવા)ને કાસિદ બનાવીને ન મોકલો કેમકે મને નસીમથી આપના પર રશ્ક આવે છે." કાસિદ વૃધ્ધાનો આ જવાબ સાંભળી પાછો વળ્યો અને હઝરત યૂસુફ علیہ السلام ને વૃધ્ધાના" જવાબથી ખબરદાર કર્યા. હઝરત યૂસુફ علیہ السلام ઉઠયા અને તેની પાસે જઈને કહેવા લાગ્યા, હે વૃધ્ધા ! અમારી દા'વત કબૂલ કરીને મજલિસની શોભા વધારશો ! વૃધ્ધાએ હઝરત યૂસુફ علیہ السلام ની જુબાની આ વાક્ય સાંભળી એક ઠંડી આહ ભરીને કહ્યું, હાય ! એક દિવસ તે હતો કે તું મને યા સયૈદતી કહીને અદબથી પોકારતો હતો ! આજે તે દિવસ છે કે તું મને વૃધ્ધા કહીને પોકારે છે ?! મેં પોતાનો બેહિસાલ માલ તારા પર નિછાવર (નિષાર) કર્યો અને તારા કદમો નીચે અમૂલ્ય મોતી બિછાવ્યાં. વૃધ્ધાની આ વાત સાંભળી હઝરત યૂસુફ علیہ السلام એ શાહાના (બાદશાહોની જેમ) સખ્તીથી ફર્માવ્યું કે આ કેવી ગુસ્તાખી અને હેરત અંગેઝ વાત છે ? વૃધ્ધાએ કહ્યું, યૂસુફ ! હું ઝુલેખા છું ! આ હેરતઅંગેઝ હકીકત ખુલવા પર યૂસુફ علیہ السلام ના દિલ પર ઘણો અસર પડયો અને આપ રડવા લાગ્યા. ઝુલેખા ત્યાંથી ઉઠીને દા'વતની મજલિસમાં આવ્યાં તો બધા લોકો ઉભા થઈ ગયા. હઝરત યૂસુફ علیہ السلام એ કિંમતી ખિલ્અત (તે પોશાક જે બાદશાહ યા માલદારના તરફથી ઈજ્જત વધારવા માટે મળે) તેણીને પહેરાવ્યો. ઝુલેખાએ કહ્યું, મારા કબ્જામાં આનાથી ઘણુ બધુ હતું, અગર મારો દિલી મકસદ પૂરો કરો તો સારું, નહીંતર હું પાછી પોતાની ઝુંપડીમાં ચાલી જઈશ. ફર્માવ્યું, તે કયો મકસદ છે ?! બોલી, મારી ગયેલી જવાની અને આંખોની રોશની પાછી આવી જાય અને આપ મને પોતાના નિકાહમાં લાવીને મને ઈજ્જત બખ્શો ! હઝરત યૂસુફ علیہ السلام કાંઈક વિચારવા લાગ્યા એટલામાં હઝરત જિબ્રઈલ علیہ السلام એ આવીને અર્ઝ કરી, ખુદા તઆલા ફર્માવે છે કે, અમે તમારા માટે એની જવાની અને બીનાઈ (દેખવાની કુવ્વત) પાછી આપીને એને અઝમત બખ્શી. હવે આપ નિકાહની સાથે તેણીના માથા પર ઈજ્જતનો તાજ રાખો. આપે જોયું તો ઝુલેખા જવાન અને દેખતી થઈ ગઈ અને આપે એનાથી નિકાહ કર્યો.

**બોધ** : જણાયું કે ઝુલેખાને અલ્લાહના પૈગંબર સાથે સાચી મહોબ્બત હતી અને તે આપના વિરહમાં વૃધ્ધ અને આંધળાં થઈ ગયાં હતાં. અલ્લાહના પૈગંબર (પ્રત્યે) તેણીની સાચી મહોબ્બતના લીધે જવાની અને બીનાઈ જે ચાલી ગયા પછી ફરી નથી આવી શકતી પણ અલ્લાહ તઆલાએ પાછી આપી

(વધુ અનુસંધાન પેજ નં. ૨૮ પર....)

# મુંબઈ આલમી સુન્ની ઈજતેમાની અદ્‌ભૂત કામયાબી !

-कार्यालय

અહલે સુન્નતના મહાન ઉલમાએ કિરામ તથા મશાઈખે એઝામની કિયાદત તથા સરપરસ્તીમાં કામ કરતી આલમી તેહરીક **સુન્ની દા'વતે ઈસ્લામી** હવે સુન્નીઓની જરૂરત બની ચૂકી છે. ઠેક ઠેકાણે હિંદ તથા યૂરોપ, અમેરિકા, કેનેડા વગેરેમાં તેની કારકિર્દીની અસરોથી સુન્ની તબકો અતિ પ્રભાવિત થઈ રહ્યો છે, અલ્હમ્દુલિલ્લાહ ! તા. ૧૭, ૧૮, ૧૯ ડિસેમ્બર, ૨૦૦૪ ત્રણ દિવસ માટે વાદીએ નૂર, આઝાદ મેદાન (વી.ટી. સ્ટેશન સામે) નૂરે ઈમાનવાળાં દિલો ધરાવનારાઓથી છલકાઈ ઉઠયું હતું. પાછલા સર્વ વર્ષોના રેકોર્ડો બ્રેક કરીને અભૂતપૂર્વ કામયાબી આ ઈજતેમાને મળી. ૧૭ તારીખે જુમ્આ બાદ હઝરત અલ્લામા સૈયદ અબ્દુલ જલીલ સાહબની હાજરીમાં સંપૂર્ણ પર્દાની વ્યવસ્થા સાથે ઔરતોનો ઈજતેમા શરૂ થયો. લાખોની સંખ્યામાં બહેનો દીની મહોબ્બતનો ઈઝહાર કરતી પધારી હતી. તેણીઓની ઈસ્લાહ સંબંધે બયાનો હઝરત મૌલાના શાકિર રઝવી નૂરી, હઝરત અલ્લામા કમરુઝ્ઝમા ખાં સાહબ તેમજ સદર મુફતી જામિઆ અશરફિયા મુબારકપુર હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન રઝવી સાહબે સ્ત્રીઓના લગતા પ્રશ્નોના જવાબો આપ્યા હતા. જે ઈજતેમા ઈશા વખતે ઝિક્ર બાદ દુઆ સલાતો સલામ સાથે ખત્મ થયો હતો.

૧૮ મીની સવારથી તા. ૧૯ મીના રાતના ૧૦ વાગ્યા સુધી પુરૂષો માટે ચાલેલા ઈજતેમામાં વિવિધ ઉલમાએ દેશ વિદેશથી પધારી ઈલ્મનાં મોતીઓ લૂટાવ્યાં હતાં. ૧૮ ની અસર સુધી મુબલ્લિગોએ નમાઝની તર્બિયત સુન્નતોની તા'લીમ, દીની મસાઈલોની સમજ તથા નઅતના ગુલદસ્તાઓ સ્ટેશ પરથી તથા હલકાઓમાં રજૂ કર્યા તેમજ વિવિધ આલિમોનાં બયાનો થતાં રહ્યાં. દરેક નમાઝ બાદ તિલાવતે કુર્આન સાથે ઉર્દૂ તથા અંગ્રેજી તર્જુમો કન્ઝુલ ઈમાનનો રજૂ થતો હતો. અસર બાદ શાહઝાદાએ શોઅબુલ ઔલિયા નાઝિમે આ'લા દા.ઉ ફયઝુર્રહ્‌માન બ્રાઉન શરીફ હઝરત મૌલાના સૈયદ અ. કાદિર અલ્વી સાહબે સુ.દા.ઈ.ને અકીદા તથા અમલની ઈસ્લાહનો જઝબો બેદાર કરવા બદલ મુબારકબાદી આપતાં લાજવાબ બયાન કર્યું, મગરિબની નમાઝ સરબરાહે આ'લા જામિઆ અશરફિયા મુબારકપુર અઝીઝે મિલ્લતે પઢાવ્યા બાદ બયાનમાં કહ્યું કે રૂહકો સુકૂન તરીકએ રસૂલસે મિલેગા ઔર વો કામ સુ.દા.ઈ. કરતી હૈ, ત્યારબાદ હઝરત અલ્લામા કારી ઝહીરુદ્દીન સાહબે ફિક્રી બયાન કર્યું. મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાં ખાં આઝમી સાહબે "ઈસ્લામકા નિઝામે દઅવત"ના વિષયે બંને દિવસ ઈસ્લામની અખ્લાકી ખૂબી દર્શાવતાં ઈમાન અફરોઝ બયાનો કર્યાં. ઉપરાંત પીરે તરીકત હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા (જામનગર), મૌલાના ફૈયાઝ (જોધપૂર)એ તથા હઝરત મૌલાના શાકિર રઝવી નૂરીએ પણ પોતાના અનોખા અંદાઝમાં બયાનો કર્યાં હતાં. ઉપરાંત વિવિધ ઉલમાનાં બયાનો થયાં. જનાબ કારી રિઝવાન સાહબે અનોખી ઢબમાં નઅતિયા નગ્મા રજૂ કરવા સાથે સાથે વિશિષ્ટાપૂર્વક તર્બિયત કરી મજમામાં દીની ઉત્સાહ પ્રેર્યો હતો. U.K.થી જનાબ મૌલાના હનીફ સાહબ (બોલ્ટન) ઉપરાંત U.K.થી હાફેઝ ફૈઝલ દયાદરવી, ખાલિદ અસૂર્યાવાળા, મેહમૂદભાઈ, અસ્લમભાઈ વગેરે મુબલ્લિગો તશરીફ લાવ્યા હતા. ઈમાનવાળાઓનો લાખોની સંખ્યામાં હુજૂમ જોતાં જાણે સમુદ્રના કિનારેથી પાણી જોનારને જેમ દૂર દૂર સુધી પાણીનો છેડો ન મળે તેવી સ્થિતિ સર્જાયી હતી. અંતે તા. ૧૮ મી ના ૧૦.૦૦ વાગ્યે લાઈટો બંધ કરી ઝિક્ર દુઆમાં અસંખ્ય લોકોએ રડી રડીને દુઆઓ ગુજારી તૌબા કરી હતી. છેવટે મદીના શરીફથી પધારેલ હઝરત શયખ મકસૂમ સાહબે દુઆ ગુજારી હતી. *–(રજૂ. પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)*

# બરકાતે ખ્વાજાની ટપાલ

### ✪ "બરકાતે ખ્વાજા"ના ચાહકનો સંદેશ ! ✪

અસ્સલામુ અલૈકુમ વ રહ્‌મતુલ્લાહિ વ બરકાતુહુ વ મગફિરતુહ, જનાબ પટેલ શબ્બીર અલી રઝવી સાહબ તેમજ "બરકાતે ખ્વાજા" પરિવાર, બાદ સલામ જણાવવાનું કે આપના દ્વારા પ્રકાશિત થતું માસિક "બરકાતે ખ્વાજા"નો હું દિલોજાનથી ચાહક છું. "બરકાતે ખ્વાજા" માસિક દ્વારા મને અને અમારા ઘરવાળાઓના દિલ ઈમાનથી તાજાં થઈ જાય છે. આ માસિક જોતાં જ ગમી જાય તેવું છે. તેનું ફોર કલર પ્રિન્ટીગ ખૂબ જ સારું છે. આજના આ ફિત્ના ફસાદના દૌરના જમાનામાં આપણા દ્વારા પ્રગટ થતું સુન્ની ઈસ્લામી માસિક "બરકાતે ખ્વાજા" ખરેખર ખૂબ જ અગત્યનું કામ કરે છે.

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના ફઝલો કરમથી "બરકાતે ખ્વાજા" બીજા વર્ષમાં પ્રવેશી ચૂક્યું છે. મારી અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની બારગાહમાં દુઆ છે કે "બરકાતે ખ્વાજા" માસિકને દીન દુની રાત ચૌગુની તરક્કી આપે તથા આપની આ દીનની ખિદમત કબૂલ ફર્માવે અને આપની ઉમ્રમાં તથા આપના ઈલ્મમાં બરકત આપે. અને આ માસિક વધુને વધુ લોકો સુધી પહોંચે. (આમીન)

*–રમીઝ આઈ વહોરા–પેટલાદ*

### ✪ સ્ત્રી વિશેષાંક ખૂબ જ ગમ્યો ! ✪

અસ્સલામુ અલૈકુમ, પટેલ શબ્બીર અલી રઝવી સાહબ, "બરકાતે ખ્વાજા"નો ડિસેમ્બર–૦૪નો "ઈસ્લામ તથા સ્ત્રી વિશેષાંક' ખૂબ જ ગમ્યો. હું અભ્યાસ કરતો હોવાથી મારે ઘણી વખત કેટલાક ગૈરમુસ્લિમ સાહબ સાથે થતી ચર્ચામાં તેઓ મોટે ભાગે ઈસ્લામ ધર્મમાં સ્ત્રીઓ સાથે અન્યાયપૂર્ણ વર્તન કરવામાં આવે છે એવી કેટલીક બાબતો કહેતા અને હું તેનો ઘણો વ્યાજબી જવાબ આપવાની કોશિશ કરતો. આ અંક દ્વારા તેમની સાથે હું હવે વધુ ધારદાર જવાબ રજૂ કરી શકીશ. આ ઉપરાંત આતંકવાદ અને મુસ્લિમો વચ્ચેના સંપર્ક કે સંબંધ બાબતે પણ તેઓની સાથે ચર્ચા થાય છે. આમ મારા સંપર્કમાં આવતા ઘણા બધા લોકો સાથે ચર્ચા થાય છે અને હું તેના વ્યવસ્થિત જવાબો આપવાની કોશિશ કરું છું, અને તેમાં મને "બરકાતે ખ્વાજા" માસિક અંક પણ મદદરૂપ થઈ રહ્યો છે. આપને અલ્લાહ તઆલા તંદુરસ્તી આપે અને બરકાતે ખ્વાજાનો વધુમાં વધુ ફેલાવો થાય અને લોકોને હક્ક વાતની જાણકારી પ્રાપ્ત થાય તેવી દુઆ છે.

*–મુશ્તાક એચ. ડેરૈયા* (M.A.) F. Y. L.L.B. (પાલીતાણા)

### ✪ ઝંઘારમાં સુન્ની ઈજતેમા ✪

તા. ૨૯–૧૨–૦૪ ના રોજ ઈશા બાદ ખૂબ જ શાનો શૌકત સાથે શેરે સૌરાષ્ટ્ર હઝરત મૌલાના સૈયદ સલીમબાપુની સદારતમાં યોજાયો જેમાં અન્ય સાદાતે કિરામ તથા ઉલમા તશરીફ લાવ્યા હતા. સુન્ની દા'વતે ઈસ્લામી તેહરીકની અગત્યતા સમજાવતાં હઝરત સલીમબાપુએ મૌલાના શાકિર સાહબની કામગીરીને બિરદાવી હતી. અંતમાં મૌલાના શાકિર રઝવી સાહબે ખૂબ જ અસરકારક બયાન કરી દીનની રાહમાં ઈમાન અમલને મજબૂતીથી થામવા મજમાને ઝંઝોળ્યો હતો. વ્યવસ્થાપકોએ ઠંડીની સીઝન હોવાથી ખૂબ જ મહેનતપૂર્વક મંડપ વગેરેથી જલ્સાગાહને ખૂબ સજાવી હતી. ઈજતેમા ખૂબ સફળ રહ્યો હતો. હજારોની સંખ્યામાં સુન્ની અવામ દીવાનાવાર ઝંઘારમાં ઉમટી પડી હતી.

### ✪ જશ્ને ઈફ્તેતાહે મદીના મસ્જિદ ✪

**અટાલી** : તા. વાગરા ખાતે નવી તામીર થયેલ

મદીના મસ્જિદની ઈફતેતાહ પીરે તરીકત શેરે સૌરાષ્ટ્ર હઝરત મૌલાના સલીમબાપુ બેડીવાળાના હસ્તે તા. ૭/૧/૦૫ ના રોજ શાનો શૌકતથી રાખવામાં આવ્યો હતો જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ હાફેઝ અ. રહીમ તથા શબ્બીર પટેલ રઝવી, યુસુફ ગડિમલ, હાફેઝ હનીફ મુહમ્મદ રિફાકતી વગેરેએ હાજરી આપી હતી.

★ ✪ ✫ ☆

**પાનતલાવડી** (તા. નાંદોદ)માં નવી તા'મીર થયેલ મદીના મસ્જિદની ઈફતેતાહ ૪ ઝીલ હજ્જ હિ.સ. ૧૪૨૫ ઈ.સ. તા. ૧૬–૦૧–૦૫ ના રોજ ઝહોરની નમાઝથી પીર અશ્ફાકબાવા સાહબ તેમજ જનાબ વાહિદઅલી પીર મુશ્તાકઅલી બાવા કલ્લાવાળાની હાજરીમાં ઈફતેતાહ થશે. ઝહોરબાદ તકરીર થશે.

★ ✪ ✫ ☆

**ઉમલ્લા** : થી બિલાલભાઈ ખત્રી જણાવે છે કે તા. ૩૧/૧૨/૨૦૦૪ ના રોજ ઈશાંની નમાઝ બાદ બાળકોના મુકાલેમા, તકરીર, નાતિઆ પ્રોગ્રામ થયો. હાફિઝ રિયાઝુદ્દીને એનાઉન્સિંગ કર્યુ. મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ અ. કાદિરે નઅતે પાક પઢી અંતમાં મૌલાના યાસીન અશરફી દેહગામીએ નમાઝ વિશે ઈમાન અફરોઝ તકરીર કરી. જલ્સો ખૂબ જ કામયાબ રહ્યો.

*–લિ. મુહમ્મદ બિલાલ ખત્રી*

★ ✪ ✫ ☆

**ઈટોલા** : દારુલ ઉલૂમ ખદીજતુલ કુબ્રાના નાઝિમે આ'લા ઈબ્રાહીમભાઈ વાસણવાલા લખી જણાવે છે કે દારુલ ઉલૂમના હમદર્દ મૌલાના ઈકબાલ વોરાસમનીવાળા (હાલ યુ.કે.) તેમજ હાફેઝ રોશન દયાદરાવાળાએ રમઝાન માસમાં ઘણી તકલીફ ઉઠાવીને જામિઆ ખદીજતુલ કુબ્રા–ઈટોલા (તા. આમોદ)ને રૂા. ૪૨,૨૦૦/– રોકડા મોકલેલ છે. જઝકાલ્લાહ !

## ✪ દર્દભરી અપીલ ✪

**હાડગુડ** (આંણદ)થી સૈયદ અમજદઅલી નૂરમિયાં જણાવે છે કે હમદર્દ મુસ્લિમ કમિટી–હાડગુડ દ્વારા અત્રે "મદ્રસએ ગુલશને બગદાદ"નું બાંધકામ શરૂ કરેલ છે. જે કામ હાલ ચાલુ છે. આ કામ શરૂ કર્યે પાંચ વર્ષ થયેલ છે. આ કામ પૂર્ણ થવાનો અંદાજિત ખર્ચ **રૂા. ૧૮ લાખ** થાય છે જેમાં ૮ લાખનું કામ પૂર્ણ થઈ ગયેલ છે. બીજું કામ બાકી છે. મદ્રસાની ચંદા સિવાય અન્ય કોઈ આવક નથી. મદ્રસામાં હાલ પઢાઈ છેલ્લા એક વર્ષથી ચાલુ કરી દીધેલ છે જેમાં ૩૦૦ બાળકો દીની તા'લીમ લઈ રહેલ છે. આ બાળકોના માટે બેઠક રૂમ છે પણ નીચે ફર્શ નથી, બારી બારણાનું કામ બાકી છે. તક્તી, પારા, કુર્આન શરીફ, પાટીયા તેમજ બેસવા માટેનાં આસનોની પણ સખ્ત જરૂરિયાત છે. તો કૌમના સખી દાતાઓને દર્દભરી અપીલ છે કે આ કામોને પાર પાડવા ભરપૂર સહાય કરે. આપ આપની નેક કમાઈમાંથી ઈમદાદ, લિલ્લાહ, ઝકાત વગેરે... આપી, અપાવી સવાબના હક્કદાર બનો.

### ✫ સહાય મોકલવાનું સ્થળ ✫

**હમદર્દ મુસ્લિમ કમિટી**

*(ટ્રસ્ટ રજી નં. ૦૧૦–આણંદ)*

**C/o.** મદ્રસએ ગુલશને બગદાદ,પ્રાથિમક ગુજરાતી શાળાની સામે, મુ. **હાડગુડ**, તા. જિ. આણંદ, પિન. ૩૮૮ ૧૧૦

## ✪ ઈન્તેકાલે પૂરમલાલ ! ✪

**પેટલાદ** : થી રમીઝ વ્હોરા જણાવે છે (બરકાતે ખ્વાજાના ગ્રાહક) એમના દાદા હાજી ફકીર મુહમ્મદ જમાલભાઈ વ્હોરા તા. ૨૫–૧૧–૦૪ ના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. મૌલા તઆલા તેના હબીબ ﷺ ના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે. *–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક*